# ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન

(જોબ રોલ)

લાયકાત પેક: સંદર્ભ આઈડી. પીએસએસ/ક્યુ0102

ક્ષેત્ર: પાવર

ધોરણ XI માટે પાઠ્યપુસ્તક

171176


विद्ययाऽमृतमश्नुते

एन सी ई आर टी

NCERT

राष्ट्रीय शैक्षिक अनुसंधान और प्रशिक्षण परिषद्

NATIONAL COUNCIL OF EDUCATIONAL RESEARCH AND TRAINING

આઈએસબીએન 978-93-5292-145-4

**પ્રથમ આવૃત્તિ**
*જૂન 2019 જ્યેષ્ઠ 1941*

**પીડી 5ટી બીએસ**

**© રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ, 2019**

**₹ 150.00**

એનસીઈઆરટી વોટરમાર્ક સાથે 80 જીએસએમ પેપર પર મુદ્રિત

---

સચિવ, રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ, શ્રી અરબિંદો માર્ગ, નવી દિલ્હી 110 016 દ્વારા પ્રકાશન વિભાગ ખાતે પ્રકાશિત અને ગીતા ઓફસેટ પ્રિન્ટર્સ (પ્રા.) લિમિટેડ, સી-90 અને સી-86, ઓખલા ઇન્ડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-1, નવી દિલ્હી 110 020 ખાતે મુદ્રિત.

## સર્વહક સ્વાધીન

- પ્રકાશકની પૂર્વ પરવાનગી વિના આ પ્રકાશનનો કોઈપણ ભાગ પુનઃઉત્પાદિત, પુનઃપ્રાપ્તિ પ્રણાલીમાં સંગ્રહિત અથવા કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમથી, ઈલેક્ટ્રોનિક, મિકેનિકલ, ફોટોકોપી, રેકોર્ડિંગ અથવા અન્યથા પ્રસારિત કરી શકાશે નહીં.
- આ પુસ્તક એ શરતને આધીન વેચવામાં આવે છે કે પ્રકાશકની સંમતિ વિના, બાઈન્ડીંગ અથવા કવરના કોઈપણ સ્વરૂપમાં સિવાય કે તે જેમાં પ્રકાશિત કરવામાં આવી છે, તેને વેપારના માર્ગે, ઉધાર, ફરીથી વેચાણ, ભાડે અથવા અન્યથા નિકાલ કરવામાં આવશે નહીં.
- આ પ્રકાશનની સાચી કિંમત આ પૃષ્ઠ પર છપાયેલી કિંમત છે. રબર સ્ટેમ્પ દ્વારા અથવા સ્ટીકર દ્વારા અથવા અન્ય કોઈપણ માધ્યમ દ્વારા દર્શાવેલ કોઈપણ સુધારેલી કિંમત ખોટી છે અને તે અસ્વીકાર્ય હોવી જોઈએ.

**પ્રકાશન વિભાગની કચેરીઓ, એનસીઈઆરટી**

એનસીઈઆરટી કેમ્પસ
શ્રી અરવિંદો માર્ગ
**નવી દિલ્હી 110 016** — **ફોન: 011-26562708**

108, 100 ફીટ રોડ
હોસડકરે હલ્લી એક્સ્ટેંશન
બનાશંકરી III સ્ટેજ
**બેંગલુરૂ 560 085** — **ફોન: 080-26725740**

નવજીવન ટ્રસ્ટ બિલ્ડીંગ
પી.ઓ.નવજીવન
**અમદાવાદ 380 014** — **ફોન: 079-27541446**

સીડબ્લયુસી કેમ્પસ
ઢાંકલ બસ સ્ટોપની સામે
પાણીહાટી
**કોલકાતા 700 114** — **ફોન: 033-25530454**

સીડબ્લયુસી કોમ્પ્લેક્સ
માલીગાંવ
**ગુવાહટી 781 021** — **ફોન: 0361-2674869**

**પ્રકાશન ટીમ**

| | |
|---|---|
| વડા, પ્રકાશન વિભાગ | : એમ. સિરાજ અનવર |
| ચીફ એડિટર | : શ્વેતા ઉપ્પલ |
| ચીફ પ્રોડક્શન ઓફિસર | : અરુણ ચિત્કારા |
| ચીફ બિઝનેસ મેનેજર | : બિબાશ કુમાર દાસ |
| *એડિટર* | : *બિજ્ઞાન સુતાર* |
| પ્રોડક્શન ઓફિસર | : અબ્દુલ નઈમ |

**કવર અને લેઆઉટ**
*ડીટીપી સેલ, પ્રકાશન વિભાગ*

# પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (એનસીએફ)-૨૦૦૫ અભ્યાસક્રમના ક્ષેત્રમાં કાર્ય અને શિક્ષણ લાવવાની ભલામણ કરે છે અને તેને સંબંધિત તબક્કામાં તેની પોતાની ઓળખ આપતી વખતે તેને અધ્યયનના તમામ ક્ષેત્રોમાં સામેલ કરે છે. તે સમજાવે છે કે કાર્ય જ્ઞાનને અનુભવમાં પરિવર્તિત કરે છે અને મહત્ત્વપૂર્ણ વ્યક્તિગત અને સામાજિક મૂલ્યો, જેમ કે આત્મનિર્ભરતા, સર્જનાત્મકતા અને સહકારનું નિર્માણ કરે છે. કાર્ય દ્વારા, વ્યક્તિ સમાજમાં પોતાનું સ્થાન શોધવાનું શીખે છે. તે એક શૈક્ષણિક પ્રવૃતિ છે જેમાં સમાવેશની સહજ સંભાવના છે. તેથી, શૈક્ષણિક વાતાવરણમાં ઉત્પાદક કાર્યમાં સામેલ થવાનો અનુભવ વ્યક્તિને સામાજિક જીવનની કિંમત અને સમાજમાં શું મૂલ્યવાન છે અને શેની પ્રશંસા કરવામાં આવે છે તેની કદર કરતા શીખવશે. કાર્યમાં સામગ્રી અથવા લોકો (મોટાભાગે બંને) સાથે ક્રિયાપ્રતિક્રિયાનો સમાવેશ થાય છે, આમ, કુદરતી પદાર્થો અને સામાજિક સંબંધો વિશે ઊંડી સમજણ અને વ્યવહારુ જ્ઞાનમાં વધારો થાય છે.

કાર્ય અને શિક્ષણ દ્વારા, શાળાના જ્ઞાનને વિદ્યાર્થીઓના શાળાની બહારના જીવન સાથે સરળતાથી જોડી શકાય છે. આ પુસ્તકીય શિક્ષણને ઘટાડે છે અને શાળા, ઘર, સમુદાય અને કાર્યસ્થળ વચ્ચેના અંતરને ઓછું કરે છે. એનસીએફ-2005 એ તમામ બાળકો માટે વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ (વીઈટી) પર પણ ભાર મૂકે છે, જેઓ વધારાના કૌશલ્યો પ્રાપ્ત કરવા અને શાળાનું શિક્ષણ છોડ્યા પછી અથવા પૂર્ણ કર્યા પછી વ્યાવસાયિક શિક્ષણ દ્વારા આજીવિકા મેળવવા ઈચ્છે છે. વીઈટી પાસે અંતિમ અથવા છેલ્લા ઉપાયના વિકલ્પને બદલે 'પસંદગીની અને પ્રતિષ્ઠિત' પસંદગી પ્રદાન કરવાની અપેક્ષા રાખવામાં આવી છે.

આના ફોલો-અપ તરીકે, એનસીઈઆરટી એ સમગ્ર વિષયના ક્ષેત્રોમાં કામ કરવાનો પ્રયાસ કર્યો છે અને દેશ માટે નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (એનએસક્યૂએફ) ના વિકાસમાં યોગદાન આપ્યું છે, જેને 27 ડિસેમ્બર 2013 ના રોજ સૂચિત કરવામાં આવ્યું હતું. તે ગુણવત્તાની ખાતરી આપતી રૂપરેખા છે જે જ્ઞાન, કૌશલ્ય અને વલણના સ્તરો અનુસાર તમામ લાયકાતોનું આયોજન કરે છે. એકથી દસ સુધીના આ સ્તરોને, અધ્યયન નિષ્પત્તિઓના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરવામાં આવે છે, જે શીખનારાઓ પાસે હોવા જ જોઈએ પછી ભલે તે ઔપચારિક, બિન-ઔપચારિક અથવા અનૌપચારિક શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય. એનએસક્યૂએફ રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત લાયકાત પ્રણાલી માટે સામાન્ય સિદ્ધાંતો અને માર્ગદર્શિકા સેટ કરે છે, જેમાં શાળાઓ, વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ સંસ્થાઓ, તકનીકી શિક્ષણ સંસ્થાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓને આવરી લેવામાં આવે છે.

તે આ પૃષ્ઠભૂમિ હેઠળ છે કે પંડિત સુંદરલાલ શર્મા સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એજ્યુકેશન (પીએસએસસીઆઈવીઈ),ભોપાલ, એનસીઈઆરટીના ઘટકે, ધોરણ IX થી XII સુધીના વ્યાવસાયિક વિષયો માટે અધ્યયન નિષ્પત્તિઓ આધારિત મોડ્યુલર અભ્યાસક્રમ વિકસાવ્યો છે.આ અગાઉના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ મંત્રાલયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વ્યવસાયીકરણની કેન્દ્રીય પ્રાયોજિત યોજના હેઠળ વિકસાવવામાં આવી છે.

આ પાઠ્યપુસ્તક જોબ રોલ માટે રાષ્ટ્રીય વ્યવસાયિક ધોરણો (એનઓએસ) ને ધ્યાનમાં રાખીને અને વ્યવસાય સંબંધિત અનુભવલક્ષી અધ્યયનને પ્રોત્સાહન આપવા માટે, અધ્યયન નિષ્પત્તિ આધારિત અભ્યાસક્રમ મુજબ વિકસાવવામાં આવી છે. આનાથી વિદ્યાર્થીઓ જરૂરી કૌશલ્યો, જ્ઞાન અને વલણ પ્રાપ્ત કરી શકશે.

હું વિકાસ ટીમ, સમીક્ષકો અને તમામ સંસ્થાઓ અને સંગઠનો, જેમણે આ પાઠ્યપુસ્તકના વિકાસમાં સહયોગ આપ્યો છે તેમના યોગદાનનું સમ્માન કરું છું.

એનસીઈઆરટી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતાના સૂચનોને આવકારે છે, જે અમને અનુગામી આવૃત્તિઓમાં વિષય-વસ્તુની ગુણવત્તાને સુધારવામાં મદદ કરશે.

હૃષિકેશ સેનાપતિ<br>
*નિયામક*

રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન<br>
અને તાલીમ પરિષદ

નવી દિલ્હી<br>
જૂન *2018*

# પાઠ્યપુસ્તક વિશે

પાવર એ માળખાગત સુવિધાઓના સૌથી મહત્વપૂર્ણ ઘટકોમાંનો એક છે અને રાષ્ટ્રોના કલ્યાણ માટે મહત્વપૂર્ણ છે. કોઈપણ દેશના આર્થિક વિકાસ અને માનવ વિકાસમાં પાવર ક્ષેત્ર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રાષ્ટ્રના વિકાસ સ્તરને માપવા માટે વીજળીનો વપરાશ સૌથી મહત્વપૂર્ણ સૂચકાંકોમાંનો એક છે.

ભારત વિશ્વમાં પાંચમા ક્રમે સૌથી મોટી પાવર ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. વીજળી ઉત્પાદનની દ્રષ્ટિએ દેશ વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે. 13મી પંચવર્ષીય યોજના મુજબ, ભારત 2022 સુધીમાં કુલ 100 ગીગાવોટ પાવરની ક્ષમતા વધારાનું લક્ષ્ય ધરાવે છે. દેશમાં વીજળીની વધતી માંગને પહોંચી વળવા માટે, માલ અને સેવાઓના કાર્યક્ષમ અને અસરકારક ઉત્પાદન માટે સ્થાપિત ઉત્પાદન ક્ષમતામાં મોટા પાયે વધારો કરવો જરૂરી છે.

પાવર સેક્ટર સ્કીલ કાઉન્સિલ (પીએસએસસી) ની રચના સમગ્ર પાવર ઉદ્યોગમાં કૌશલ્ય વિકાસને સરળ બનાવવા માટે કરવામાં આવી છે (જેમાં પાવર જનરેશન, ટ્રાન્સમિશન, ડિસ્ટ્રીબ્યુશન, નવીનીકરણીય ઉર્જા અને પાવર ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગનો સમાવેશ થાય છે). આગામી દાયકામાં પાવર ઉદ્યોગમાં ચાર મિલિયનથી વધુ કાર્યબળને કૌશલ્ય, તાલીમ અને પ્રમાણિત કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્યને અનુસરીને પીએસએસસી એ 11 રાષ્ટ્રીય વ્યવસાય ધોરણો/લાયકાત પેક (એનઓએસ/ક્યુપી) વિકસાવ્યા છે.

આ પાઠ્યપુસ્તક શાળા પ્રણાલીમાં ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેનની ભૂમિકા માટે પાવર ક્ષેત્રમાં માનવશક્તિ તૈયાર કરવા માટે વિકસાવવામાં આવ્યું છે. ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન એ ઇલેક્ટ્રિકલ લાઇન, ફિટિંગ અને ફિક્સરના ઇન્સ્ટોલેશન અને રિપેરમાં એક મહત્વપૂર્ણ જોબ રોલ છે. ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન ટેકનિશિયન હાઉસિંગ, કોમર્શિયલ અને સંસ્થાકીય સેટઅપમાં પાવર લાઇનના ઇન્સ્ટોલેશન, નાની રિપેરની જાળવણી અને સર્વિસિંગ માટે જવાબદાર છે.

આ પાઠ્યપુસ્તક વ્યવસાયિક શિક્ષણના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી અને પ્રેરણાદાયક અધ્યયન-અધ્યાપન સંસાધન સામગ્રી બનાવવા માટે વિષય અને ઉદ્યોગ નિષ્ણાતો અને શિક્ષણવિદોના યોગદાનથી વિકસાવવામાં આવ્યું છે. પાઠ્યપુસ્તકની વિષય-વસ્તુને જોબ રોલ માટે રાષ્ટ્રીય વ્યવસાય ધોરણો (એનઓએસ) સાથે સંરેખિત કરવા માટે પૂરતી કાળજી લેવામાં આવી છે જેથી વિદ્યાર્થીઓ લાયકાત પેક (ક્યુપી) ના સંબંધિત એનઓએસ માં ઉલ્લેખિત પ્રદર્શન માપદંડો અનુસાર જરૂરી જ્ઞાન અને કુશળતા પ્રાપ્ત કરી શકે.

આ પાઠ્યપુસ્તકની નિષ્ણાતો દ્વારા સમીક્ષા કરવામાં આવી છે જેથી ખાતરી કરી શકાય કે વિષય-વસ્તુ એનઓએસ સાથે સુસંગત હોવાની સાથે સારી ગુણવત્તાની પણ છે. આ પાઠ્યપુસ્તકમાં આવરી લેવામાં આવેલા ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન ટેકનિશિયનની ભૂમિકા માટેના એનઓએસ નીચે મુજબ છે:

1. પીએસએસ/એન 0105(પાવર ડિસ્ટ્રીબ્યુશન લાઇન અને ઘટકોનું સમારકામ અને જાળવણી)
2. પીએસએસ/એન 0107 (11/0.433 KV ડિસ્ટ્રીબ્યુશન સબસ્ટેશનનું સંચાલન અને જાળવણી)
3. પીએસએસ/એન 2001 (પાવર સંબંધિત કાર્ય માટે મૂળભૂત આરોગ્ય અને સલામતી પદ્ધતિઓનો ઉપયોગ)
4. સીએસસી/એન 1136(અન્ય લોકો સાથે અસરકારક રીતે કાર્ય કરવું)

પાઠ્યપુસ્તકના પ્રકરણ 1 માં વીજળીની ચર્ચા કરવામાં આવી છે. પ્રકરણ 2 ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન દ્વારા ઉપયોગમાં લેવાતા સાધનો અને ઉપકરણોના સંચાલન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રકરણ 3 ઇલેક્ટ્રિકલ વાયરિંગના ઘટકો અને એસેસરીઝ વિશે છે. પ્રકરણ 4 પાવર ડિસ્ટ્રીબ્યુશન લાઇનોના સમારકામ અને જાળવણી વિશે સમજાવે છે.

આ પુસ્તક પાવર સેક્ટર સ્કિલ કાઉન્સિલ (પીએસએસસી), નવી દિલ્હીના સમર્થન વિના પૂર્ણ થાતે નહીં. મને આશા છે કે આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ઉપયોગી થશે જેઓ આ જોબ રોલ પસંદ કરશે. આ પાઠ્યપુસ્તકને સુધારવા માટે કોઈપણ વધારાના સૂચનો હંમેશા આવકાર્ય છે.

સૌરભ પ્રકાશ
પ્રોફેસર
એન્જિનિયરિંગ અને ટેકનોલોજી વિભાગ
પીએસએસસીઆઈવીઈ, એનસીઈઆરટી

## પાઠ્યપુસ્તક વિકાસ ટીમ

### સભ્યો

દિપક ડી. શુધલવાર, *એસોસિયેટ પ્રોફેસર* (સીએસઈ) અને હેડ, એન્જિનિયરિંગ અને ટેકનોલોજી વિભાગ, પીએસએસસીઆઈવીઈ, એનસીઈઆરટી, ભોપાલ

ગૌરવ કાથેલ, ભૂતપૂર્વ *સલાહકાર*, પીએસસીઆઇવી, ભોપાલ

આર. વિશ્વનાથન ઐયર, ડેપ્યુટી જનરલ મેનેજર (નિવૃત્ત), મધ્ય પ્રદેશ મધ્ય ક્ષેત્ર વિદ્યુત વિતરણ કંપની લિમિટેડ, ભોપાલ

સંદીપ રત્નેરે, *કાર્ય અનુભવ શિક્ષક* (ઇલેક્ટ્રિકલ), પ્રાદેશિક શિક્ષણ સંસ્થા, ભોપાલ

એસ.પી. તિવારી, *લેક્ચરર*, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, બીના, મધ્યપ્રદેશ

સુનંદા કુમારી, *સહાયક પ્રોગ્રામર*, ઓઆઈએસટી, ભોપાલ

### સભ્ય-સંયોજક

સૌરભ પ્રકાશ, પ્રોફેસર, એન્જિનિયરિંગ અને ટેકનોલોજી વિભાગ, પીએસએસસીઆઈવીઈ, એનસીઈઆરટી, ભોપાલ

# સ્વીકૃતિઓ

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (એનસીઈઆરટી) આ પાઠ્યપુસ્તકના વિકાસમાં સહયોગ આપવા બદલ પ્રોજેક્ટ એપ્રુવલ બોર્ડ (પીએબી) ના તમામ સભ્યો અને માનવ સંસાધન વિકાસ મંત્રાલય (એમએચઆરડી) ના અધિકારીઓનો આભાર માને છે. આ પાઠ્યપુસ્તકના વિકાસ માટેની વિનંતીનો સકારાત્મક પ્રતિભાવ આપીને તેમની કુશળતા અને મૂલ્યવાન સમય શેર કરવા બદલ પરિષદ તમામ યોગદાનકર્તાઓનો પણ આભાર માને છે. પરિષદ સમીક્ષા સમિતિના સભ્યો વી. બી. ભાટિયા, *નિવૃત્ત પ્રોફેસર,* એનસીઈઆરટી, નવી દિલ્હી, કનિહ્યા લાલ, *નિવૃત્ત પ્રોફેસર,* એનસીઈઆરટી, નવી દિલ્હી અને વી. પી. શ્રીવાસ્તવ, *નિવૃત્ત પ્રોફેસર,* એનસીઈઆરટી, નવી દિલ્હીનો તેમના મૂલ્યવાન સૂચનો માટે આભાર માને છે. પરિષદ આ પાઠ્યપુસ્તકના વિકાસમાં સહાય અને માર્ગદર્શન આપવા બદલ ભોપાલના પીએસએસ સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એજ્યુકેશન (પીએસએસસીઆઈવીઈ) ના *સંયુક્ત નિયામક* રાજેશ ખંબાયતનો પણ આભાર માને છે. આ પુસ્તકમાં ઉપયોગમાં લેવાયેલી કેટલાક ચિત્રો માટે અમે પ્રોફેસર સૌરભ પ્રકાશના આભારી છીએ. આ સિવાય ઉપયોગમાં લેવાયેલા ચિત્રો ક્રિએટિવ કોમન્સ લાઇસન્સ હેઠળ છે. કુલદીપ ગુર્જર, *જુનિયર પ્રોજેક્ટ ફેલો,* એન્જિનિયરિંગ અને ટેકનોલોજી વિભાગ, પીએસએસસીઆઈવીઈ, ભોપાલ, વ્યાવસાયિક કૌશલ્યો માટે આ પાઠ્યપુસ્તકના વિકાસમાં તેમના યોગદાન બદલ પણ આભારી છીએ.

આ પુસ્તકના સુધારણા અને તેને અંતિમ સ્વરૂપ આપવા માટે કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવા અને સૂચનો આપવા બદલ પરિષદ સરોજ યાદવ, *પ્રોફેસર* અને ડીન (એ), એનસીઈઆરટી, અને રંજના અરોરા, *પ્રોફેસર* અને હેડ, અભ્યાસક્રમ વિભાગના આભારી છે. પરિષદ આ પુસ્તકને આકાર આપવામાં *સહાયક સંપાદક* (કરાર) સૌમ્મા ચંદ્રા અને *સંપાદક સહાયક* (કરાર) શિલ્પા મોહનના કોપી એડિટિંગ અને મૂલ્યવાન યોગદાન માટે આભારી છે. દોષરહિત લેઆઉટ ડિઝાઇન માટે પવન કુમાર બરિયાર, *ડીટીપી ઓપરેટર* (કરાર), નેહા પાલ, *ડીટીપી ઓપરેટર* (કરાર) અને નરેશ કુમાર, *ડીટીપી ઓપરેટર* (કરાર), પ્રકાશન વિભાગ, વિકાસ કુમાર કોગે, *ગ્રાફિક ડિઝાઇનર,* પિંકી તિવારી, *ગ્રાફિક આર્ટિસ્ટ,* અખિલેશ કાશીવ, *કોમ્પ્યુટર ઓપરેટર,* પીએસએસસીઆઈવી, એનસીઈઆરટીના પ્રયાસોને પણ બિરદાવવામાં આવે છે.

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રસ્તાવના | *iii* |
| પાઠ્યપુસ્તક વિશે | *v* |
| સંક્ષિપ્ત શબ્દો | *x* |
| પ્રકરણ 1: વીજળી | 1 |
| સત્ર 1: વીજળી ઉત્પાદન ખ્યાલ | 2 |
| સત્ર 2: ઇલેક્ટ્રિકલ કરંટના મૂળભૂત એકમો અને અસરો | 9 |
| સત્ર 3: ઇલેક્ટ્રિકલ પાવર અને ઉર્જાનો ખ્યાલ | 18 |
| સત્ર 4: અર્થિંગ સિસ્ટમનું મહત્વ | 22 |
| પ્રકરણ 2: સાધનો અને ઉપકરણોનું સંચાલન | 32 |
| સત્ર 1: સાધનો અને ઉપકરણો | 32 |
| સત્ર 2: કેબલ નાખવા માટે વપરાતા સાધનો અને ઉપકરણો | 35 |
| પ્રકરણ 3: ઇલેક્ટ્રિકલ વાયરિંગના ઘટકો અને એસેસરીઝ | 42 |
| સત્ર 1: વાયરિંગ સામગ્રી અને ઘટકો ઓળખવા અને પસંદ કરવા | 42 |
| સત્ર 2: આઈસીટીપી સ્વિચ અને ડિસ્ટ્રીબ્યુશન બોર્ડ | 49 |
| સત્ર 3: કાર્યસ્થળ આરોગ્ય અને સલામતીનાં પગલાં | 57 |
| પ્રકરણ 4: પાવર ડિસ્ટ્રીબ્યુશન લાઈનનું સમારકામ અને જાળવણી | 63 |
| સત્ર 1: પાવર ડિસ્ટ્રીબ્યુશન લાઇનના સમારકામ અને જાળવણી માટેની તૈયારી | 63 |
| સત્ર 2: ડિસ્ટ્રીબ્યુશન લાઇનમાં પારિભાષિક શબ્દો | 80 |
| સત્ર 3: બાંધકામ પ્રવૃત્તિઓ | 85 |
| સત્ર 4: ડિસ્ટ્રીબ્યુશન લાઇનની જાળવણી | 116 |
| જવાબો | 128 |
| શબ્દાવલિ | 132 |
| ક્રેડિટની યાદી | 133 |

# સંક્ષેપાક્ષર

**એસી**: એર કન્ડીશનર
**એસી**: ઓલ્ટરનેટીંગ કરંટ
**એડીસી**: એનાલોગ-ટુ-ડિજિટલ કન્વર્ટર
**બીઆઈએસ**: બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ
**બીએસ**: બ્રિટિશ સ્ટાન્ડર્ડ્સ
**સીઈએ**: સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટી
**સીટી**: કરંટ ટ્રાન્સફોર્મર
**સીટીઆર**: કરંટ ટ્રાન્સફોર્મર રેશિયો
**સીટીએસ**: કેબલ ટાયર શીથ
**સીવીટી**: કેપેસિટર વોલ્ટેજ ટ્રાન્સફોર્મર
**ડીસી**: ડાયરેક્ટ કરંટ
**ઈઈપીઆરઓએમ** : ઇલેક્ટ્રિકલી ઇરેઝેબલ પ્રોગ્રામેબલ રીડ-ઓન્લી મેમરી
**ઈએલપીડી**: અર્થ લીકેજ પ્રોટેક્ટિવ ડિવાઇસ
**ઈએલટી**: અર્થ લીકેજ ટેમ્પર
**જીઆઇ**: ગેલ્વેનાઈઝ્ડ આયર્ન
**એચટી**: હાઈ ટેન્શન
**એચવી**: હાઈ વોલ્ટેજ
**આઈઈસી**: ઇન્ટરનેશનલ ઇલેક્ટ્રોટેકનિકલ કમિશન
**કેસીએલ**: કિર્ચહોફનો કરંટ લૉ
**કેવીએલ**: કિર્ચહોફનો વોલ્ટેજ લૉ
**એલસીડી**: લિક્વિડ ક્રિસ્ટલ ડિસ્પ્લે એલઈડી: લાઈટ એમીટિંગ ડાયોડ
**એલટી**: લો ટેન્શન
**એવી**: લો વોલ્ટેજ
**એમસીબી**: મિનિએચર સર્કિટ બ્રેકર
**એમડીબી**: મેન ડિસ્ટ્રીબ્યુશન બોર્ડ એમડીઆઈ: મેક્સિમમ ડિમાન્ડ ઇન્ડિકેટર
**એમઆરઆઈ**: મીટર રીડિંગ ઇન્સ્ટ્રુમેન્ટ
**પીડી**: પોટેન્શિયલ ડિફરન્સ
**પીટી**: પોટેન્શિયલ ટ્રાન્સફોર્મર
**પીવીસી**: પોલિમરાઇઝિંગ વિનાઇલ ક્લોરાઇડ
**આરઈવી**: રેવોલ્યુશન
**આરએસટી**: ફેઝ સિક્વન્સ માટે સંદર્ભિત
**આરટીસી**: રીઅલ ટાઇમ ક્લોક
**એસડબ્લ્યુજી**: સ્ટાન્ડર્ડ વાયર ગેજ
**ટીએન્ડપી** : ટૂલ્સ અને પ્લાન્ટ્સ
**ટીઆરએસ**: ટફ રબર શીથ
**ટીવી**: ટેલિવિઝન
**વીઆઇઆર**: વલ્કેનાઇઝ્ડ ઇન્ડિયન રબર
**વીટી**: વોલ્ટેજ ટ્રાન્સફોર્મર

Unit 1

# વીજળી

## પરિચય

171176CH01

આપણે ટેકનોલોજી અને નવીનીકરણથી ઘેરાયેલા છીએ. વીજળી એ માનવજાતની સૌથી મોટી નવીનીકરણમાંની એક છે. તે હવે આપણા રોજિંદા જીવનનો એક ભાગ બની ગઈ છે અને વીજળી વિના દુનિયાની કલ્પના પણ કરી શકાતી નથી. વીજળી હવે ઘરો અને ઉદ્યોગોનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

ઘરો, વ્યવસાયો અને ઉદ્યોગોમાં લગભગ બધા જ ઉપકરણો વીજળીને કારણે કામ કરે છે (ચિત્ર 1.1). વીજળીનો પ્રાથમિક ઉપયોગ તે ક્યાં વપરાય છે અને સુવિધાની પ્રકૃતિ પર આધારિત છે. તમે તમારા ઘરમાં બલ્બ, ટ્યુબલાઈટ, પંખા, ફ્રીજ, ટીવી અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો જોયા હશે. આ બધા વીજળીથી ચાલે છે. હાલમાં વીજળી આપણા રોજિંદા જીવનમાં અને દેશના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.




*ચિત્ર 1.1 વીજળીના ઉપયોગો*

કોઈપણ દેશનો વિકાસ પ્રતિ વ્યક્તિ વીજળીના વપરાશ દ્વારા માપવામાં આવે છે. હાલમાં, માનવ જીવનની દરેક વસ્તુ વીજળી પર આધારિત છે, પછી ભલે તે આરોગ્ય, પરિવહન, કૃષિ કે ઔદ્યોગિક ક્ષેત્ર હોય.

# સત્ર 1: વીજળી ઉત્પાદનનો ખ્યાલ

## વીજળીની ઉત્પત્તિ

વીજળી એ સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ઉર્જાના સ્વરૂપોમાંનું એક છે. ઈલેક્ટ્રીસીટી શબ્દ ગ્રીક શબ્દ ઇલેક્ટ્રોન પરથી આવ્યો છે જેનો અર્થ એમ્બર થાય છે. તે પ્રાઇમ મૂવર એટલે કે ટર્બાઇનથી જનરેટરની મદદથી યાંત્રિક ઊર્જામાંથી વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત થાય છે. ઘણા લોકો વીજળી શોધવા માટે બેન્જામિન ફ્રેન્કલિનને શ્રેય આપે છે, પરંતુ તેમના પ્રયોગોએ ફક્ત વીજળી અને વિદ્યુત વચ્ચે જોડાણ સ્થાપિત કરવામાં મદદ કરી.

## વીજળીનો મૂળભૂત ખ્યાલ

વીજળી એ એક પ્રકારની ઊર્જા છે જેમાં ઇલેક્ટ્રોનનો પ્રવાહ હોય છે. બધા તત્વો અણુઓથી બનેલા હોય છે. અણુના કેન્દ્રને ન્યુક્લિયસ કહેવામાં આવે છે. ન્યુક્લિયસમાં પ્રોટોન તરીકે ઓળખાતા ધનભારિત કણો અને ન્યુટ્રોન તરીકે ઓળખાતા વિદ્યુત તટસ્થ કણો હોય છે. અણુનું ન્યુક્લિયસ ઇલેક્ટ્રોન તરીકે ઓળખાતા ઋણભારિત કણોથી ઘેરાયેલું હોય છે (ચિત્ર 1.2). ઇલેક્ટ્રોનનો ઋણભાર પ્રોટોનના ધનભાર જેટલો જ હોય છે, અને અણુમાં ઇલેક્ટ્રોનની સંખ્યા પ્રોટોનની સંખ્યા જેટલી હોય છે.

## કોપર અણુની ભ્રમણકક્ષામાં ઇલેક્ટ્રોનનું વિતરણ

જનરેટિંગ સ્ટેશનમાંથી વીજળી વાયર દ્વારા ઘરોમાં પહોંચે છે. ઇલેક્ટ્રિક લેમ્પ, ઇલેક્ટ્રિક હીટર, પંખા, કોમ્પ્યુટર વગેરે વીજળીનો ઉપયોગ કરે છે. ઘરે વોશિંગ મશીન અને ઇલેક્ટ્રિક કુકર જેવા ઘણા ઉપકરણો વીજળીનો ઉપયોગ કરે છે. ફેક્ટરીઓમાં, મશીનો ચલાવવા માટે વીજળીનો ઉપયોગ થાય છે. જે લોકો વીજળી અને વિદ્યુત ઉપકરણોનો સાથે કાર્ય કરે છે તેમને ઇલેક્ટ્રિશિયન કહેવામાં આવે છે.




*(ચિત્ર 1.2). ઇલેક્ટ્રોનનો*

બે પ્રકારના ઇલેક્ટ્રિક ચાર્જ હોય છે - ધન અને ઋણ. સમાન ચાર્જ એકબીજાથી દૂર જાય છે અને વિરોધી ચાર્જ આકર્ષે છે. આનો અર્થ એ છે કે જો તમે બે ઋણ ચાર્જને એકબીજાની નજીક મુકો અને તેમને છોડી દો, તો તેઓ દૂર થશે. આ બે ધન ચાર્જ માટે પણ સાચું છે. પરંતુ જો તમે ધન ચાર્જ અને ઋણ ચાર્જને એકબીજાની નજીક મુકો, તો તેઓ એકબીજાને આકર્ષિત કરશે.

## વીજળીનું મહત્વ

નોંધ

વીજળીથી આપણા ઘરો, રસ્તાઓ, ઓફિસો, બજારો અને કારખાનાઓમાં લાઈટ થાય છે. આ આપણને રાત્રિના સમયે કામ ચાલુ રાખવામાં મદદ કરે છે. પાવર સ્ટેશન આપણને વીજળી પૂરી પાડે છે. જો વીજળીનો પુરવઠામાં ખામી જાય, તો પ્રકાશ માટે ઇલેક્ટ્રિક ટોર્ચનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે કૂવા અથવા જમીનના સ્તરથી પાણીને છતની પાણીની ટાંકી સુધી લઇ જવા પંપ ચલાવવા માટે વીજળીનો ઉપયોગ કરીએ છીએ. દુકાનો, ઓફિસો, બેંકો અને અન્ય સંસ્થાઓમાં કોમ્પ્યુટર ચલાવવા માટે આપણને વીજળીની જરૂર પડે છે. અન્ય વિદ્યુત ઉપકરણો જેમ કે એસી, ગીઝર, ઇલેક્ટ્રિકલ ઇસ્ત્રી, ટેલિવિઝન, રેફ્રિજરેટર, ઇન્ડક્શન કૂકર, ઓવન વગેરેને ચલાવવા માટે વીજળીની જરૂર પડે છે.



*ચિત્ર 1.3 લાઇટિંગ માટે વપરાતી વીજળી*



*ચિત્ર 1.4 ગરમ કરવા માટે વપરાતી વીજળી*



*ચિત્ર 1.5 ઇલેક્ટ્રિક વોટર પંપ*

## વીજળીનું ઉત્પાદન

ઇલેક્ટ્રિકલ જનરેટરનો મૂળ સિદ્ધાંત ફેરાડેનો ઇલેક્ટ્રોમેગ્નેટિક ઇન્ડક્શનનો નિયમ છે. ઇલેક્ટ્રિકલ જનરેટર (ચિત્ર 1.6) નો ઉપયોગ યાંત્રિક ઉર્જાને વિદ્યુત ઉર્જામાં રૂપાંતરિત કરવા માટે થાય છે. વિદ્યુત ઉર્જાનું ઉત્પાદન ગતિ ઊર્જાનું વિદ્યુત ઉર્જામાં રૂપાંતર છે.

## માઈકલ ફેરાડેનો પ્રયોગ




*ચિત્ર 1.6 ઇલેક્ટ્રોમેગ્નેટિક જનરેટરની આકૃતિ*




*ચિત્ર 1.7 માઈકલ ફેરાડેનો પ્રયોગ*

ઇલેક્ટ્રોમેગ્નેટિક ઇન્ડક્શન એ કંડકટર પર ઇલેક્ટ્રોમોટિવ ફોર્સનું ઉત્પાદન છે, જ્યારે તે વિવિધ ચુંબકીય ક્ષેત્રના સંપર્કમાં આવે છે. તે ફેરાડેના ઇલેક્ટ્રોમેગ્નેટિક ઇન્ડક્શનના નિયમ (ચિત્ર 1.7) દ્વારા વર્ણવવામાં આવ્યું છે.



*ચિત્ર 1.8 ઇલેક્ટ્રોકેમિકલ બેટરી*

## ઇલેક્ટ્રોકેમિકલ સેલ દ્વારા ઉત્પન્ન થતી વીજળી

ઇલેક્ટ્રોકેમિકલ સેલ એ એક એવું ઉપકરણ છે જે રાસાયણિક પ્રતિક્રિયાઓ દ્વારા વિદ્યુત ઉર્જા ઉત્પન્ન કરવામાં સક્ષમ છે. ઇલેક્ટ્રોકેમિકલ સેલનું એક સામાન્ય ઉદાહરણ છે (ચિત્ર 1.8) ગ્રાહકના ઉપયોગ માટે બનાવાયેલ પ્રમાણભૂત 1.5 V સેલ છે.



*ચિત્ર 1.9 સોલાર પેનલ દ્વારા ઉત્પન્ન થતી વીજળી*

## સોલાર સેલ દ્વારા ઉત્પન્ન થતી વીજળી

સોલાર સેલ (ચિત્ર 1.9) એ એક ઉપકરણ છે જે પ્રકાશની ઉર્જાને વિદ્યુત ઉર્જામાં રૂપાંતરિત કરે છે. આ રૂપાંતરને ફોટોવોલ્ટેઇક ઈફેક્ટ કહેવામાં આવે છે. સોલાર સેલના ઘણા ઉપયોગો છે. તેનો ઉપયોગ એવી પરિસ્થિતિઓમાં કરવામાં આવ્યો છે જ્યાં વીજળીનો પાવર ઉપલબ્ધ નથી, જેમ કે દૂરના વિસ્તારોમાં, પૃથ્વીની પરિક્રમા કરતા ઉપગ્રહો અને સ્પેસ પ્રોબ્સ, હેન્ડહેલ્ડ કેલ્ક્યુલેટર અથવા કાંડા ઘડિયાળ જેવી ગ્રાહક પ્રણાલીઓ.

## થર્મલ પાવર સ્ટેશન દ્વારા ઉત્પન્ન થતી વીજળી

થર્મલ પાવર સ્ટેશન (ચિત્ર 1.10) એ એક પાવર સ્ટેશન છે જેમાં ગરમી ઊર્જાને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરવામાં આવે છે. વિશ્વના મોટાભાગના સ્થળોએ ટર્બાઇન વરાળથી ચાલે છે. પાણી ગરમ થાય છે, જે વરાળમાં ફેરવાય છે અને વરાળ ટર્બાઇનને ફેરવે છે જે ઇલેક્ટ્રિકલ જનરેટર ચલાવે છે. થર્મલ પાવર સ્ટેશનમાં કોલસો, તેલ અથવા ગેસ જેવા બળતણને ભઠ્ઠીમાં બાળીને ગરમી-રાસાયણિકથી ગરમી ઊર્જા ઉત્પન્ન કરવામાં આવે છે. આ ગરમીનો ઉપયોગ બોઈલરમાં પાણીને વરાળમાં રૂપાંતરિત કરવા માટે થાય છે અને આનાથી જનરેટર યાંત્રિક ઊર્જાને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરીને વીજળી ઉત્પન્ન કરે છે.

## વીજળીનું ઉત્પાદન અને પ્રવાહન

ઉર્જાનો પ્રાથમિક સ્રોત → ટર્બાઇન (પ્રાઈમ મૂવર) → ઇલેક્ટ્રિકલ જનરેટર → ઇલેક્ટ્રિકલ ટ્રાન્સફોર્મર → ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન લાઇન → અંતિમ વપરાશકર્તા (ઘર/કારખાનું)



*ચિત્ર 1.10 પાવર સ્ટેશન*

આપણો દિવસ વિવિધ વિદ્યુત ઉપકરણોના ઉપયોગથી શરૂ થાય છે અને તેનાથી જ સમાપ્ત થાય છે. તેમાંના કેટલાક એલઈડી લાઇટ, પંખા, એસી, રેફ્રિજરેટર, મોટર વગેરે છે. વીજળી ઉત્પન્ન થવાનો સ્રોત રહેણાંક વિસ્તારોથી ઘણો દૂર હોય છે. આ સ્થળને પાવર સ્ટેશન તરીકે ઓળખવામાં આવે છે.

નોંધ

પાવર સ્ટેશન (ચિત્ર 1.10) ને પાવર પ્લાન્ટ અથવા પાવરહાઉસ તરીકે પણ ઓળખવામાં આવે છે. પાવર સ્ટેશનમાં એક અથવા વધુ ઇલેક્ટ્રિક જનરેટર હોઈ શકે છે. જનરેટર યાંત્રિક પાવરને વિદ્યુત પાવરમાં રૂપાંતરિત કરે છે. વિશ્વના મોટાભાગના પાવર સ્ટેશનો વીજળી ઉત્પન્ન કરવા માટે કોલસો, તેલ અને કુદરતી ગેસ જેવા અશ્મિભૂત ઇંધણનો ઉપયોગ કરે છે. પરંતુ સૌર, પવન, મોજા અને હાઈડ્રોઇલેક્ટ્રિક ઊર્જા જેવા સ્વચ્છ નવીનીકરણીય સ્ત્રોતોનો ઉપયોગ વધી રહ્યો છે.

## ભારતમાં વીજળી ઉત્પાદનની સ્થિતિ

1. કુલ સ્થાપિત ક્ષમતા (30.06.2017 ના રોજ)

| ઇંધણ | એમડબ્લ્યુ | કુલનો % |
|---|---|---|
| કુલ થર્મલ | 2,20,576 | 67.0% |
| કોલસો | 1,94,553 | 59.1% |
| ગેસ | 25,185 | 7.6% |
| તેલ | 838 | 0.3% |
| હાઇડ્રો | 44,614 | 13.6% |
| પરમાણુ | 6,780 | 2.1% |
| નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતો* | 57,260 | 17.4% |
| કુલ | **329,231** | **100%** |

*સ્ત્રોત: સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટી (સીઈએ)*

**31.03.2017 ના રોજ નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોના સંદર્ભમાં સ્થાપિત ક્ષમતા.*

*નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોમાં નાના હાઈડ્રો પ્રોજેક્ટ, બાયોમાસ પાવરમાંથી ઉત્પાદિત ગેસ, શહેરી અને ઔદ્યોગિક કચરાનો પાવર, સૌર અને પવન ઊર્જાનો સમાવેશ થાય છે.*

## પ્રાયોગિક અવલોકન

### પ્રવૃત્તિ 1

ભારતમાં વીજળીના સ્ત્રોત અને તેમની વહેંચણી ટકાવારી (%) ની યાદી માટે ઇલેક્ટ્રિકલ ક્વિઝ બોર્ડ બનાવો

**ઉદ્દેશ**

વિદ્યાર્થીઓ નીચે આપેલ કરી શકશે

1. ભારતમાં વિદ્યુત ઊર્જાના સ્ત્રોતો ઓળખી શકશે,
2. તેમની વહેંચણી ટકાવારી (%) વ્યાખ્યાયિત કરી શકશે અને
3. બેઝિક સર્કિટ કનેક્શન બનાવી શકશે.

**જરૂરી સામગ્રી**

એક કાર્ડ-બોર્ડ (45 cm × 15 cm), ઇન્સ્યુલેટેડ કોપર વાયર, હોલ્ડર સાથેનો એક 9-વોલ્ટ બલ્બ, એક 9-વોલ્ટ બેટરી, સોકેટ સાથે 10-કનેક્ટર

## સાધનો અને ઉપકરણો

| ક્ર. નં. | વસ્તુ | વિશિષ્ટતા | સંખ્યા |
|---|---|---|---|
| 1 | સ્ક્રૂ ડ્રાઈવર | 6” | 01 |
| 2 | કોમ્બિનેશન પ્લાયર | 6” | 01 |
| 3 | વાયર સ્ટ્રિપર | -- | 01 |
| 4 | ફેઝ ટેસ્ટર | -- | 01 |

| | |
|---|---|
| કોલસો | 13.6 |
| ગેસ | 17.4 |
| તેલ | 59.1 |
| હાઇડ્રો | 7.6 |
| પરમાણુ | 0.3 |
| નવીનીકરણીય | 2.1 |

કાર્ડબોર્ડનું આગળનું દૃશ્ય



કાર્ડબોર્ડનું પાછળનું દૃશ્ય

*ચિત્ર 1 ઇલેક્ટ્રિકલ કાર્ડબોર્ડ*




*ચિત્ર .2 ઇલેક્ટ્રિકલ ક્વિઝ બોર્ડનું ઇલેક્ટ્રિકલ સર્કિટ ડાયાગ્રામ*

**પ્રક્રિયા**

1. એક કાર્ડબોર્ડ (45 cm.x15 cm) લો અને દરેક વાયરના અંતે બે મેટલ કનેક્ટર્સ સાથે ઇન્સ્યુલેટેડ વાયરના ટુકડાઓ જોડો.
2. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ઉર્જા સ્રોતનું નામ અને ટકાવારી નીચે ચોંટાડો.
3. કાર્ડબોર્ડની પાછળ વાયર દ્વારા દરેક પ્રશ્નને સાચા જવાબ સાથે જોડો.
4. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે 9-વોલ્ટ બેટરી અને 9-વોલ્ટ બલ્બને જોડો.
5. કનેક્ટરના એક લીડને પ્રશ્ન સાથે ક્લિપ કરો અને બીજા લીડને તમને સાચો જવાબ લાગે તે સાથે ક્લિપ કરો.
6. જો તમે પસંદ કરેલો જવાબ સાચો હશે તો બલ્બ ચમકશે કારણ કે બોર્ડની પાછળની બાજુએ કનેક્શન વાયર સર્કિટ પૂર્ણ કરશે.
7. જો જવાબ ખોટો હશે, તો બલ્બ ચમકશે નહીં.

નોંધ

નોંધ

**સાવચેતી**

1. દરેક જોડાણ ટાઈટ હોવું જોઈએ.
2. કોઈ પણ વાયર ખુલ્લું ન રાખવું જોઈએ.
3. પ્રશ્ન અને જવાબ કાર્ડબોર્ડની પાછળની બાજુએ યોગ્ય

## તમારી પ્રગતિ તપાસો

A. ખાલી જગ્યાઓ ભરો

1. અણુનું ન્યુક્લિયસ ______ તરીકે ઓળખાતા ઋણભારિત કણોથી ઘેરાયેલું હોય છે.
2. સમાન ઇલેક્ટ્રિક ચાર્જ એકબીજાથી ________ અને વિરોધી ચાર્જ એકબીજાથી________ થાય છે.
3. બેન્જામિન ફ્રેન્કલિનના પ્રયોગોએ ______ અને _______ વચ્ચે જોડાણ સ્થાપિત કરવામાં મદદ કરી.
4. કોલસો, તેલ અથવા ગેસનો ઉપયોગ ______ પાવર સ્ટેશનોમાં ગરમી ઊર્જાને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરવા માટે ઈંધણ તરીકે થાય છે.
5. ઇલેક્ટ્રોમિકેનિકલ સેલ _____ દ્વારા વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરવામાં સક્ષમ છે.

B. કૉલમ્સ મેચ કરો

| | | | |
|---|---|---|---|
| 1. | થર્મલ પાવર પ્લાન્ટ | (a) | નવીનીકરણીય |
| 2. | વિન્ડ પાવર પ્લાન્ટ | (b) | ફોટોવોલ્ટેઇક અસર |
| 3. | સોલાર સેલ | (c) | પાણી |
| 4. | માઈકલ ફેરાડે | (d) | ઇલેક્ટ્રોમેગ્નેટિક ઇન્ડક્શનનો નિયમ |

C. બહુવિધ પસંદગીના પ્રશ્નો

1. વીજળીની શોધ ______________ એ કરી હતી.
   (a) આઇઝેક ન્યૂટન (b) બેન્જામિન ફ્રેન્કલિન
   (c) મેક્સ પ્લેન્ક (d) રધરફોર્ડ
2. ભારતમાં વીજળી ઉત્પાદન માટે આમાંથી કયો સૌથી વધુ ઉપયોગમાં લેવાતો ઉર્જા સ્રોત છે?
   (a) નવીનીકરણીય (b) થર્મલ
   (c) ન્યુક્લિયર (d) હાઇડ્રો
3. સોલાર સેલ દ્વારા કયા પ્રકારની ઉર્જાને વિદ્યુત ઉર્જામાં રૂપાંતરિત કરવામાં આવે છે?
   (a) પવન (b) થર્મલ
   (c) ન્યુક્લિયર (d) લાઈટ
4. વીજળી એ એક પ્રકારની ઉર્જા છે જેમાં _______ પ્રવાહનો સમાવેશ થાય છે
   (a) પ્રોટોન (b) ન્યુટ્રોન
   (c) ઇલેક્ટ્રોન (d) અણુઓ

5. જો તમે બે ઋણભાર એકબીજાની નજીક મુકો છો, તો તેઓ ________ થશે.
    (a) આકર્ષે છે
    (b) દૂર કરે છે
    (c) પ્રતિક્રિયા આપતા નથી
    (d) કોઈક વાર આકર્ષે છે અને કોઈક વાર દૂર જાય છે.

D. ટૂંકી નોંધ લખો -
1. થર્મલ પાવર પ્લાન્ટનો ઉપયોગ
2. વીજળીનું ઉત્પાદન
3. ઉર્જાના વિવિધ સ્રોતો

## સત્ર 2: મૂળભૂત એકમો અને વીજળીની વ્યાખ્યા

### વીજળી

વીજળી એ ઊર્જાનું એક સ્વરૂપ છે જે જોઈ શકાતી નથી પરંતુ તેની અસરો અનુભવી શકાય છે (ચિત્ર 1.11).





*ચિત્ર 1.11 ઊર્જાના સ્વરૂપ તરીકે વીજળી*

## ઇલેક્ટ્રિક કરંટની વિવિધ અસરો

**(a) ગરમીની અસર:** નિક્રોમ જેવા કંડકટરમાં, કરંટના પ્રવાહને કારણે ગરમી ઉત્પન્ન થાય છે. તેને ઇલેક્ટ્રિક કરંટની ગરમીની અસર (ચિત્ર 1.12) અથવા જુલનો ગરમીનો નિયમ કહેવામાં આવે છે. જ્યારે વીજળી ટંગસ્ટન જેવા કંડકટરમાંથી વહે છે, ત્યારે ગરમીને કારણે કંડકટરની સપાટી પરથી પ્રકાશ ઉત્સર્જિત થાય છે (ચિત્ર 1.13), જેમ કે ઇલેક્ટ્રિક બલ્બમાં.





*ચિત્ર 1.13 ઇલેક્ટ્રિક બલ્બ*




*ચિત્ર 1.14 ઇલેક્ટ્રિક કરંટનો ચુંબકીય પ્રભાવ*

**(b) રાસાયણિક અસર**: જ્યારે ઇલેક્ટ્રોલાઇટમાંથી કરંટ વહે છે, ત્યારે તે તેના આયનોમાં તૂટે છે. આને ઇલેક્ટ્રિક કરંટની રાસાયણિક અસર તરીકે ઓળખવામાં આવે છે.

**(c) ચુંબકીય અસર**: તેની શોધ ફેરાડે દ્વારા કરવામાં આવી હતી. જે કંડકટરમાંથી કરંટ વહે છે તેની આસપાસ ચુંબકીય ક્ષેત્ર (ચિત્ર 1.14) ઉત્પન્ન થાય છે. આ અસરને ઇલેક્ટ્રિક કરંટની ચુંબકીય અસર કહેવામાંઆવે છે. જ્યારે માનવ શરીરમાં વીજળી વહે છે ત્યારે ચેતાઓનું સંકોચન થાય છે, જે જીવલેણ હોઈ શકે છે..

**(c) શારીરિક અસર**: જ્યારે માનવ શરીરમાં વીજળી વહે છે, ત્યારે ચેતાઓનું સંકોચન થાય છે, જે વ્યક્તિના જીવન માટે જોખમી હોઈ શકે છે. આ ઇલેક્ટ્રિક કરંટની શારીરિક અસર છે (ચિત્ર 1.15).



*ચિત્ર 1.15 માનવ શરીર પર વીજળીની શારીરિક અસર*

## વોલ્ટેજ, કરંટ, રેઝિસ્ટન્સ, કેપેસીટન્સ અને ઇન્ડક્ટન્સ

જો આપણે બે અલગ અલગ પોટેન્શિયલ પર ચાર્જ થયેલા પદાર્થોને બાજુ-બાજુમાં મૂકીએ, તો ચાર્જ એક પદાર્થથી બીજા પદાર્થમાં જશે નહીં. હવે જો બંને પદાર્થોને કંડકટરનો ઉપયોગ કરીને જોડવામાં આવે, તો ચાર્જનો પ્રવાહ થશે. જ્યાં સુધી બે પદાર્થો વચ્ચે પોટેન્શિયલ ડિફરેન્સ રહેશે ત્યાં સુધી ચાર્જ વહેતો રહેશે. તેમનો પોટેન્શિયલ સમાન થતાં જ પ્રવાહ બંધ થઈ જશે. ઇલેક્ટ્રિક ચાર્જના આ પ્રવાહને ઇલેક્ટ્રિક પ્રવાહ કહેવામાં આવે છે.

બે બિંદુઓ વચ્ચેનો પોટેન્શિયલ ડિફરેન્સ (પીડી) એક વોલ્ટ છે, જ્યારે આ બિંદુઓ વચ્ચે એક કુલંબ ચાર્જ ખસેડવાનું કાર્ય એક જુલ છે.

આપણે જાણીએ છીએ કે વહેતું પાણી પાણીનો પ્રવાહ બનાવે છે. તેવી જ રીતે, જો ઇલેક્ટ્રિક ચાર્જ કંડકટરમાંથી વહે છે તો તેનો અર્થ એ થાય કે કંડકટરમાં ઇલેક્ટ્રિક કરંટ છે. ટોર્ચમાં, ટોર્ચને પ્રકાશિત કરવા માટે સેલ ટોર્ચના બલ્બમાંથી ઇલેક્ટ્રિક કરંટના પ્રવાહ અથવા ઇલેક્ટ્રિક કરંટનો જરૂરી પોટેન્શિયલ ડિફરેન્સ પ્રદાન કરે છે. આપણે એ પણ જોયું છે કે ટોર્ચ ફક્ત ત્યારે જ લાઈટ આપે છે જ્યારે તેની સ્વિચ ચાલુ હોય. ઇલેક્ટ્રિક કરંટના સળંગ અને બંધ માર્ગને ઇલેક્ટ્રિક સર્કિટ કહેવામાં આવે છે. હવે, જો સર્કિટ ક્યાંય પણ તૂટી જાય તો ઇલેક્ટ્રિક કરંટ વહેતો બંધ થઈ જાય છે. ઇલેક્ટ્રિક કરંટ એકમ સમયમાં ચોક્કસ વિસ્તારમાં વહેતા ચાર્જની માત્રા દ્વારા વ્યક્ત થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, તે ઇલેક્ટ્રિક કરંટના પ્રવાહનો દર છે.

ચાલો પાણીના પ્રવાહનું સાદ્રશ્ય સમજીએ. પાણી સંપૂર્ણપણે આડી ટ્યુબમાં પોતાની મેળે વહેતું નથી.

જો ટ્યુબનો એક છેડો પાણીની ટાંકી સાથે ઊંચા સ્તરે જોડાયેલ હોય, એવી રીતે કે ટ્યુબના બે છેડા વચ્ચે દાબનો તફાવત બને, તો ટ્યુબના બીજા છેડામાંથી પાણી વહેશે.

કંડકટિંગ વાયરમાં ચાર્જના પ્રવાહ માટે વોલ્ટેજ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઇલેક્ટ્રોન ફક્ત ત્યારે જ ગતિ કરે છે જ્યારે ઇલેક્ટ્રિક પ્રેશરમાં તફાવત હોય જેને પોટેન્શિયલ ડિફરેન્સ અથવા વોલ્ટેજ તરીકે ઓળખવામાં આવે છે. આ પોટેન્શિયલ ડિફરેન્સ એક સેલ અથવા એક કરતાં વધુ ઇલેક્ટ્રિક સેલ ધરાવતી બેટરી દ્વારા ઉત્પન્ન થઈ શકે છે. સેલની અંદરની રાસાયણિક ક્રિયા સેલના ટર્મિનલ્સમાં પોટેન્શિયલ ડિફરેન્સ ઉત્પન્ન કરે છે. જ્યારે સેલ કંડકટિંગ સર્કિટના તત્વ સાથે જોડાયેલ હોય છે, ત્યારે ચાર્જ એક છેડાથી બીજા છેડા તરફ વહે છે.

## વોલ્ટેજ

વોલ્ટેજ એ કંડકટરમાંથી વીજળી બનાવવા માટે જરૂરી બળ છે (ચિત્ર 1.16). તેને ઇલેક્ટ્રિક પોટેન્શિયલ ડિફરેન્સ અથવા ઇલેક્ટ્રોમોટિવ ફોર્સ (ઈએમએફ) પણ કહેવામાં આવે છે. વોલ્ટેજને બેટરીના ધન અને ઋણ ટર્મિનલ વચ્ચેના ઉર્જા તફાવત તરીકે પણ વ્યાખ્યાયિત કરી શકાય છે. આઉર્જા તફાવત વોલ્ટમાં માપવામાં આવે છે અને 'V' અથવા 'E' પ્રતીક દ્વારા દર્શાવવામાં આવે છે.




*ચિત્ર 1.16 વોલ્ટેજ*

## કરંટ

કરંટ એ પદાર્થમાં એક અણુથી બીજા અણુમાં એક જ દિશામાં ઇલેક્ટ્રોનનો પ્રવાહ છે (ચિત્ર 1.17). જેમ પ્રેશર સર્કિટમાં કરંટનું કારણ બને છે, તેમ વોલ્ટેજ કંડકટરમાં કરંટનું કારણ બને છે (ચિત્ર 1.18). કરંટ એમ્પીયરમાં માપવામાં આવે છે અને તેને 'I' પ્રતીક દ્વારા દર્શાવવામાં આવે છે.




*ચિત્ર 1.17 ઇલેક્ટ્રોનનો પ્રવાહ*




બાહ્ય સર્કિટમાં ઇલેક્ટ્રિક કરંટ પોઝિટિવથી નેગેટિવ ટર્મિનલ તરફ નિર્દેશિત થાય છે

ચિત્ર *1.18* કંડકટરમાં કરંટનો પ્રવાહ

## રેઝિસ્ટન્સ



ચિત્ર 1.19 ઇલેક્ટ્રિકલ રેઝિસ્ટન્સ

કોઈ પણ વસ્તુનો ઇલેક્ટ્રિકલ રેઝિસ્ટન્સ એ ઇલેક્ટ્રિક કરંટના પ્રવાહ સામે તેના વિરોધનું માપ છે (ચિત્ર 1.19). તેને 'R' પ્રતીક દ્વારા દર્શાવવામાં આવે છે. તેને ઓહ્મ મીટર નામના માપન સાધન દ્વારા ઓહ્મમાં માપવામાં આવે છે, જે ગ્રીક અક્ષર ઓમેગા ( ) દ્વારા દર્શાવવામાં આવે છે.

ઉદાહરણ: કેટલીક સામગ્રી અન્ય કરતા વધુ રેઝિસ્ટન્સ પ્રદાન કરે છે. ચાંદી, તાંબુ, એલ્યુમિનિયમ અને લોખંડ જેવા ધાતુઓ ઓછું રેઝિસ્ટન્સ પ્રદાન કરે છે અને તેમને વીજળીના સારા કંડકટર તરીકે ઓળખવામાં આવે છે. બીજી બાજુ, પ્લાસ્ટિક, કાચ, માઈકા અને રબર જેવા પદાર્થો ઉચ્ચ રેઝિસ્ટન્સ પ્રદાન કરે છે અને તેમને વીજળીના ખરાબ કંડકટર અથવા સારા ઇન્સ્યુલેટર કહેવામાં આવે છે.

## કેપેસિટન્સ




ચિત્ર 1.20 કેપેસિટરનું સર્કિટ ડાયાગ્રામ

કેપેસિટન્સ એ સર્કિટની ઇલેક્ટ્રિકલ ચાર્જ સંગ્રહિત કરવાની ક્ષમતાનું માપ છે (ચિત્ર 1.20). કોઈપણ પદાર્થ જે ઇલેક્ટ્રિકલ રીતે ચાર્જ થઈ શકે છે તે કેપેસિટન્સ દર્શાવે છે. જો પ્લેટ પરના ચાર્જ અનુક્રમે +q અને –q હોય, અને V એ પ્લેટ વચ્ચેનો વોલ્ટેજ હોય, તો કેપેસિટન્સ 'C' નીચે આપેલ સૂત્ર દ્વારા આપવામાં આવે છે:

$$C = q/V$$

ચોક્કસ માત્રામાં કેપેસિટન્સ રાખવા માટે બનાવેલ ઉપકરણને કેપેસિટર કહેવામાં આવે છે (ચિત્ર 1.21). કેપેસિટર કન્ડક્ટિવ પ્લેટોની જોડીથી બનેલું હોય છે જે ઇન્સ્યુલેટિંગ સામગ્રીના પાતળા સ્તર દ્વારા અલગ હોય છે. ઇન્સ્યુલેટિંગ સામગ્રીનું બીજું નામ ડાઇલેક્ટ્રિક સામગ્રી છે.

ઊર્જા સંગ્રહ ઉપકરણનું એક સામાન્ય સ્વરૂપ પેરેલલ-પ્લેટ કેપેસિટર છે. પેરેલલ પ્લેટ કેપેસિટરમાં, કેપેસિટન્સ કન્ડક્ટિવ પ્લેટોના સપાટી ક્ષેત્રફળના સીધા પ્રમાણસર હોય છે અને પ્લેટો વચ્ચેના અંતરના વિપરિત પ્રમાણસર હોય છે.




ચિત્ર 1.21 કેપેસિટર

## ઇન્ડક્ટન્સ

ઇન્ડક્ટન્સ એ ઇલેક્ટ્રિક સર્કિટનો ગુણધર્મ છે જે ઇલેક્ટ્રિક કરંટમાં થતા કોઈપણ ફેરફારનો વિરોધ કરે છે. રેઝિસ્ટન્સ કરંટના પ્રવાહનો વિરોધ કરે છે; ઇન્ડક્ટન્સ કરંટના પ્રવાહમાં થતા ફેરફારોનો વિરોધ કરે છે. ઇન્ડક્ટન્સને 'L' અક્ષર દ્વારા દર્શાવવામાં આવે છે. ઇન્ડક્ટન્સ માટે માપનનું એકમ હેનરી (H) છે.

હેનરી પ્રમાણમાં મોટું એકમ હોવાથી, ઇન્ડક્ટન્સને ઘણીવાર મિલિહેનરી અથવા માઇક્રોહેનરીમાં રેટ કરવામાં આવે છે. ઇન્ડક્ટર્સ ચોક્કસ ઇન્ડક્ટન્સ માટે લપટેલા વાયર થી બનેલા કોઇલ છે. કોઇલનું ઇન્ડક્ટન્સ કોઇલમાં વળાંકોની સંખ્યા, કોઇલનો વ્યાસ અને લંબાઈ અને મુખ્ય સામગ્રી (ચિત્ર 1.22) દ્વારા નક્કી થાય છે.

કરંટ કંડકટરમાં ચુંબકીય ક્ષેત્ર ઉત્પન્ન કરે છે. કરંટનું પ્રમાણ ચુંબકીય ક્ષેત્રની તાકાત નક્કી કરે છે. જેમ જેમ કરંટનો પ્રવાહ વધે છે, ક્ષેત્ર શક્તિ વધે છે અને જેમ જેમ કરંટનો પ્રવાહ ઘટે છે, ક્ષેત્ર શક્તિ ઘટે છે. કરંટમાં કોઈપણ ફેરફાર કંડકટરની આસપાસના ચુંબકીય ક્ષેત્રમાં અનુરૂપ ફેરફારનું કારણ બને છે.

નિયમન કરાયેલ ડાયરેક્ટ કરંટ (ડીસી) સ્રોત માટે કરંટ સતત રહે છે, સિવાય કે જ્યારે સર્કિટ ચાલુ અને બંધ હોય, અથવા જ્યારે લોડમાં ફેરફાર થાય. જોકે, ઓલ્ટરનેટીંગ કરંટ (એસી) સતત બદલાતો રહે છે, અને ઇન્ડક્ટન્સ સતત ફેરફારનો વિરોધ કરે છે. કંડકટરની આસપાસના ચુંબકીય ક્ષેત્રમાં ફેરફાર કંડકટરમાં વોલ્ટેજ ઉત્પન્ન કરે છે. આ સ્વ-પ્રેરિત વોલ્ટેજ કરંટમાં ફેરફારનો વિરોધ કરે છે. આને કાઉન્ટર ઈએમએફ તરીકે ઓળખવામાં આવે છે.







*ચિત્ર 1.22 ઇલેક્ટ્રિકલ ક્ષેત્રમાં થતા ફેરફારો ઇન્ડક્ટન્સ કેવી રીતે બનાવે છે તે દર્શાવતી આકૃતિ*

## ઇલેક્ટ્રિક સર્કિટ

એક સરળ ઇલેક્ટ્રિક સર્કિટ (ચિત્ર 1.23) માં વોલ્ટેજ સ્રોત, અમુક પ્રકારના લોડ અને કંડકટર હોય છે જે ઇલેક્ટ્રોનને વોલ્ટેજ સ્રોત અને લોડ વચ્ચે વહેવા દે છે. ઇલેક્ટ્રિક સર્કિટ સિરીઝમાં અથવા પેરેલલ હોઈ શકે છે.




*ચિત્ર 1.23 સરળ ઇલેક્ટ્રિક સર્કિટ*

## સિરીઝ અને પેરેલલ સર્કિટને સમજવું



*ચિત્ર 1.24 સિરીઝ અને પેરેલલ સર્કિટ*

### સિરીઝ સર્કિટ




*ચિત્ર 1.25 સિરીઝ સર્કિટની આકૃતિ*

જો બે કે તેથી વધુ રેઝિસ્ટર (લોડ) એવી રીતે જોડાયેલા હોય કે તેઓ એક પછી એક સાંકળ બનાવે, તો જ્યારે સંયોજન પુરવઠા સ્રોત સાથે જોડાયેલ હોય ત્યારે દરેક સમાન કરંટ વહન કરે છે. તેઓ સિરીઝમાં જોડાયેલા હોવાનું કહેવાય છે (ચિત્ર 1.25).

આ સર્કિટને સિરીઝ સર્કિટ કહેવામાં આવે છે.

### સિરીઝ સર્કિટમાં

પરિણામી રેઝિસ્ટન્સ (R)=R1+R2+R3

### પેરેલલ સર્કિટ

જ્યારે બે અથવા વધુ રેઝિસ્ટર (લોડ) એવી રીતે જોડાયેલા હોય છે કે દરેક એક અલગ પાથ બનાવે છે અને કુલ કરંટનો એક ભાગ વહન કરે છે, ત્યારે તેમને પેરેલલ ગોઠવાયેલા કહેવામાં આવે છે અને સર્કિટને પેરેલલ સર્કિટ કહેવામાં આવે છે (ચિત્ર 1.26).

**પેરેલલ સર્કિટમાં પરિણામી રેઝિસ્ટન્સ** $\left(\frac{1}{R_t}\right)=\frac{1}{R_1}+\frac{1}{R_2}+\frac{1}{R_3}+\frac{1}{R_4}$




*ચિત્ર 1.26 પેરેલલ સર્કિટની આકૃતિ*

## ઓહ્મનો નિયમ

ઓહ્મનો નિયમ વર્ણવે છે કે જ્યારે રેઝિસ્ટન્સના દરેક છેડે અલગ અલગ ઇલેક્ટ્રિક પોટેન્શિયલ (વોલ્ટેજ) આપવામાં આવે

છે ત્યારે રેઝિસ્ટન્સમાંથી કરંટ કેવી રીતે વહે છે.આને પાઇપમાંથી વહેતા પાણી જેવું વિચારી શકાય છે. વોલ્ટેજ પાણીના દબાણ જેવું છે, કરંટ પાઇપમાંથી વહેતા પાણીનું પ્રમાણ છે, અને રેઝિસ્ટન્સ પાઇપનું કદ છે. રેઝિસ્ટન્સ જેટલો વધારે હશે, તેટલો ઓછો કરંટ ઇલેક્ટ્રિક સર્કિટમાંથી વહેશે. ઓહ્મનો નિયમ દર્શાવે છે કે કરંટ વોલ્ટેજ સાથે સીધો અને રેઝિસ્ટન્સ સાથે વિપરીત રીતે બદલાય છે.

વોલ્ટેજની ગણતરી કરંટને રેઝિસ્ટન્સ સાથે ગુણાકાર કરીને કરવામાં આવે છે, અથવા

$E = IR$

આને ઓહ્મનો નિયમ કહેવામાં આવે છે (ચિત્ર 1.27). ઓહ્મનો નિયમ ત્રણ રીતે વ્યક્ત કરી શકાય છે:

$E = IR$ or $I = E/R$ or $R = E/I$




*ચિત્ર 1.27 ઓહ્મના નિયમમાં સમીકરણ ત્રિકોણ*

## કિર્ચહોફનો કરંટ લૉ

તે જણાવે છે કે જંકશન અથવા નોડમાં પ્રવેશતો કુલ કરંટ અથવા ચાર્જ નોડમાંથી બહાર નીકળતા ચાર્જ જેટલો જ છે, કારણ કે નોડમાં કોઈ ચાર્જ ખોવાઈ જતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો, નોડમાં પ્રવેશતા અને બહાર નીકળતા બધા કરંટનો બીજગણિતીય સરવાળો શૂન્ય I (નોડમાં પ્રવેશતો કરંટ) + I (નોડમાંથી બહાર નીકળતો કરંટ) = 0 જેટલો હોવો જોઈએ.




*ચિત્ર 1.28 કિર્ચહોફના કરંટ લૉનો આકૃતિ*

કિર્ચહોફનો આ વિચાર સામાન્ય રીતે ચાર્જનું રક્ષણ અથવા કિર્ચહોફનો કરંટ લૉ (કેસીએલ) (ચિત્ર 1.28) તરીકે ઓળખાય છે.

નોંધ

અહીં, નોડમાં પ્રવેશતા ત્રણ કરંટ, I1, I2, I3, બધા મૂલ્યમાં પોઝિટિવ છે અને નોડમાંથી બહાર નીકળતા બે કરંટ, I4 અને I5, મૂલ્યમાં નેગેટિવ છે.
તો આનો અર્થ એ થાય કે આપણે સમીકરણને આ રીતે ફરીથી લખી શકીએ છીએ:

$$I_1 + I_2 + I_3 - I_4 - I_5 = 0$$

## કિર્ચહોફનો બીજો નિયમ - વોલ્ટેજ લૉ (કેવીએલ)

કિર્ચહોફનો વોલ્ટેજ લૉ અથવા કેવીએલ, જણાવે છે કે કોઈપણ બંધ લૂપ નેટવર્કમાં, લૂપની આસપાસનો કુલ વોલ્ટેજ એ જ લૂપમાં આવતા બધા વોલ્ટેજ ડ્રોપના સરવાળા જેટલો હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો, લૂપની અંદરના બધા વોલ્ટેજનો બીજગણિતીય સરવાળો શૂન્ય હોવો જોઈએ (ચિત્ર 1.29). આને કિર્ચહોફનો બીજો નિયમ અથવા ઊર્જા સંરક્ષણનો નિયમ કહેવામાં આવે છે.

લૂપની આસપાસના બધા વોલ્ટેજ ડ્રોપનો સરવાળો શૂન્ય બરાબર છે.

$$V_{AB} + V_{BC} + V_{CD} + V_{DA} = 0$$




*ચિત્ર 1.29 કિર્ચહોફના બીજા લૉની આકૃતિ*

લૂપના કોઈપણ બિંદુથી શરૂ કરીને, બધા વોલ્ટેજ ડ્રોપની દિશાને ધ્યાનમાં લેતા, તે જ દિશામાં આગળ વધો, પછી ભલે તે પોઝિટિવ હોય કે નેગેટિવ,અને તે જ પ્રારંભિક બિંદુ પર પાછા આવો.. ઘડિયાળની દિશામાં અથવા ઘડિયાળની વિરુદ્ધ દિશામાં સમાન દિશા જાળવી રાખવી મહત્વપૂર્ણ છે, નહીં તો અંતિમ વોલ્ટેજનો સરવાળો શૂન્ય બરાબર નહીં આવે. સર્કિટનું વિશ્લેષણ કરતી વખતે આપણે કિર્ચહોફના વોલ્ટેજ નિયમનો ઉપયોગ કરી શકીએ છીએ.

કિર્ચહોફના સર્કિટ નિયમોનો ઉપયોગ કરીને ડીસી સર્કિટ અથવા એસી સર્કિટનું વિશ્લેષણ કરતી વખતે. સર્કિટના જે ભાગોનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે તેનું વર્ણન કરવા માટે નીચેના પરિભાષાઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેમ કે

(a) **નોડ્સ**: જ્યારે સર્કિટમાં કોઈપણ રેઝિસ્ટન્સ જોડાયેલ હોય છે ત્યારે રેઝિસ્ટન્સના બે ટર્મિનલ્સને નોડ્સ કહેવામાં આવે છે.

(b) **લૂપ**: જ્યારે બહુવિધ રેઝિસ્ટન્સ જોડાયેલા હોય છે અને એક વર્તુળ બનાવે છે, ત્યારે તેને લૂપ કહેવામાં આવે છે.

(c) **પાથ**: જ્યારે બહુવિધ રેઝિસ્ટન્સ ઇલેક્ટ્રિકલ સર્કિટ સાથે જોડાયેલા હોય છે, ત્યારે કરંટના પ્રવાહની દિશાને પાથ કહેવામાં આવે છે.

(d) **મેશેસ**: સર્કિટમાં પેરેલલ અને સિરીઝમાં જોડાયેલા સેંકડો રેઝિસ્ટન્સ, આને મેશેસ કહેવામાં આવે છે.

આ શબ્દો સર્કિટ વિશ્લેષણમાં વપરાય છે તેથી તેમને સમજવું મહત્વપૂર્ણ છે.

# તમારી પ્રગતિ તપાસો

A. ખાલી જગ્યાઓ ભરો

1. કંડકટરની સપાટી પરથી નીકળતો પ્રકાશ ઇલેક્ટ્રિક કરંટના ________ ને કારણે હોય છે.
2. કરંટની ચુંબકીય અસર ________ દ્વારા શોધાઈ હતી.
3. જ્યારે કરંટ કંડકટર _____ માંથી પસાર થાય છે ત્યારે ઇલેક્ટ્રિક બલ્બ ઝળકે છે.
4. જો બદલાતું ચુંબકીય ક્ષેત્ર કંડકટરના કોઇલ સાથે જોડાયેલ હોય, તો તેમાં ______ બને છે.

B. કૉલમ્સ મેચ કરો

| | | | |
|---|---|---|---|
| 1. | વોલ્ટેજ | (a) | ચાર્જનો સંગ્રહ |
| 2. | કરંટ | (b) | ચાર્જના પ્રવાહમાં અવરોધ |
| 3. | રેઝિસ્ટન્સ | (c) | ચાર્જનો પ્રવાહ |
| 4. | કેપેસીટન્સ | (d) | દબાણ |

C. બહુવિધ પસંદગીના પ્રશ્નો

1. બે પોઇન્ટ વચ્ચેનો પોટેન્શિયલ ડિફરેન્સ ________ છે
   (a) એક વોલ્ટ ઊર્જા (b) વોલ્યુમ
   (c) દબાણ (d) તાપમાન
2. સેલની અંદરની રાસાયણિક પ્રક્રિયા સેલના ટર્મિનલ્સ પર _______ ઉત્પન્ન કરે છે.
   (a) ઊર્જા (b) પોટેન્શિયલ ડિફરેન્સ
   (c) દબાણ (d) કરંટ
3. કિર્ચહોફનો કરંટ લૉ જણાવે છે કે નોડમાં પ્રવેશતા અને બહાર નીકળતા તમામ કરંટનો બીજગણિતીય સરવાળો ______ સાથે સમાન હોવો જોઈએ.
   (a) એક (b) બે
   (c) ત્રણ (d) શૂન્ય
4. કોઈપણ ઇલેક્ટ્રિકલ સર્કિટમાં જ્યારે કંડકટરની ભૌતિક સ્થિતિ (તાપમાન, આકૃતિ અને લંબાઈ) સ્થિર વોલ્ટેજ હોય છે ત્યારે તે _______ સાથે સીધા પ્રમાણસર હોય છે.
   (a) કરંટ (b) રેઝિસ્ટન્સ
   (c) પાવર (d) ઊર્જા
5. જો બે અથવા વધુ રેઝિસ્ટર (લોડ) એવી રીતે જોડાયેલા હોય કે તેઓ સાંકળ બનાવે છે તો તે _____ છે.
   (a) પેરેલલ સર્કિટ (b) સિરીઝ સર્કિટ
   (c) ક્લોસડ સર્કિટ (d) ઓપન સર્કિટ

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. ચિત્રની મદદથી ઓહ્મના નિયમને સંક્ષિપ્તમાં સમજાવો.
2. ઇલેક્ટ્રિક કરંટ રસાયણો, કંડકટર, માનવ શરીર વગેરે પર વિવિધ અસરો ધરાવે છે. યોગ્ય ઉદાહરણો સાથે ચર્ચા કરો.
3. ઇન્ડક્ટરને ઊર્જા સંગ્રહ ઉપકરણ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. શા માટે?
4. સર્કિટના વિવિધ ભાગોનું વર્ણન કરો.

# સત્ર 3: વિદ્યુત શક્તિ અને ઉર્જાનો ખ્યાલ

## પાવર અને ઉર્જા વચ્ચેનો તફાવત

પાવર એ યુનિટ ટાઈમમાં ઇલેક્ટ્રિકલ સર્કિટ દ્વારા ઊર્જા ટ્રાન્સફરનું માપ છે. આજના સમાજમાં ઇલેક્ટ્રિકલ પાવર અને ઊર્જા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઇલેક્ટ્રિકલ પાવર અને ઊર્જામાં ગ્રાહકોની માંગને પૂર્ણ કરવા માટે વિશ્વસનીય અને કાર્યક્ષમ રીતે વિદ્યુત ઊર્જાનું ઉત્પાદન, ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન સામેલ છે. ઘરમાં વિદ્યુત ઉપકરણો જેમ કે બલ્બ, હીટર, વગેરે, મુખ્ય પુરવઠામાંથી ઊર્જાને આપણા ઘરોને ગરમ કરવા અને પ્રકાશિત કરવા માટે ટ્રાન્સફર કરે છે. વિદ્યુત ઉર્જા આપણા ઉપકરણો, જેમ કે ટીવી, માઇક્રોવેવ અને કોમ્પ્યુટર વગેરેનું સંચાલન પણ કરે છે. વીજળીના મીટર દ્વારા માપવામાં આવતા અને વપરાશ (વીજળી બિલ) ની ગણતરી કરવા માટે ઉપયોગમાં લેવાતા યુનિટ કિલોવોટ અવર છે. વીજળીના દરેક યુનિટનો ખર્ચ બદલાય છે. વીજળી બિલની ગણતરી યુનિટના ખર્ચ દ્વારા ઉપયોગમાં લેવાતા યુનિટની સંખ્યાને ગુણાકાર કરીને કરવામાં આવે છે.




*ચિત્ર 1.30 આકૃતિ P, V, I અને R વચ્ચેનો સંબંધ દર્શાવે છે.*




*ચિત્ર 1.31 જાદુઈ ત્રિકોણ — કોઈપણ એકમ પર તમારો અંગૂઠો મૂકો અને સંબંધિત સમીકરણ મેળવો.*

### ઇલેક્ટ્રિકલ પાવર

તે દર છે જેના પર વિદ્યુત ઉપકરણ દ્વારા વિદ્યુત ઉર્જાનો વપરાશ થાય છે.

ઇલેક્ટ્રિકલ પાવરનો એકમ વોટ છે. 1000 વોટ = 1 કિલોવોટ

**ડીસી અને એસી સર્કિટમાં ઇલેક્ટ્રિકલ પાવર**

ડીસી સર્કિટમાં ઇલેક્ટ્રિકલ પાવર (ચિત્ર 1.30 અને 1.31)

$P = V \times I$

$P = I^2R$

$P = V^2/R$

જ્યાં V=વોલ્ટેજ, I=કરંટ અને R=રેઝિસ્ટન્સ

AC સર્કિટમાં ઇલેક્ટ્રિકલ પાવર

$P = VI \cos ø$, જ્યાં $\cos ø$ = પાવર ફેક્ટર અને

P = પાવર

### વિદ્યુત ઊર્જા

વિદ્યુત ઊર્જા એ વિદ્યુત કાર્ય કરવાની ક્ષમતા છે.

વોટ અવરમાં ઉર્જા એ વોટમાં પાવર અને અવરમાં ટાઈમનો ગુણાકાર છે.આ ઊર્જાનો મૂળભૂત યુનિટ છે.

ઊર્જાનો કોમર્શિયલ યુનિટ કિલોવોટ-અવર છે(ચિત્ર 1.32).

ઇલેકટ્રીકલ ઉર્જા = પાવર x ટાઈમ

ઇલેકટ્રીકલ ઉર્જા = વોટ xઅવર

ઇલેકટ્રીકલ ઉર્જા = 1000વોટ × 1અવર

સર્કિટમાં ઇલેકટ્રીકલ પાવર એ દર છે કે જેના પર સર્કિટમાં ઊર્જાનો ઉપયોગ થાય છે અથવા ઉત્પન્ન થાય છે. ઉર્જાનો સ્ત્રોત, જેમ કે બેટરી પાવર પહોંચાડશે જ્યારે કનેક્ટેડ લોડ તેનો ઉપયોગ કરે છે. લાઇટ બલ્બ અને હીટર એ ઇલેકટ્રીકલ પાવર ઉપયોગ અને તેના ગરમી, અથવા પ્રકાશ, અથવા બંનેમાં રૂપાંતરના ઉદાહરણો છે..વોટ્સમાં મૂલ્ય અથવા રેટિંગ જેટલું વધારે હશે, તેટલી વધુ ઇલેકટ્રીકલ પાવર નો વપરાશ થવાની શક્યતા છે.ઇલેકટ્રીકલ સર્કિટના પ્રતીકો ચિત્ર 1.34 માં દર્શાવેલ છે.



ચિત્ર 1.32 આકૃતિ રાસાયણિક ઊર્જાનું વિદ્યુત ઊર્જામાં રૂપાંતર દર્શાવે છે.

ઇલેકટ્રીકલ પાવર (ચિત્ર 1.33) ને સર્કિટમાં ઊર્જાના સ્થાનાંતરણના દર તરીકે પણ દર્શાવવામાં આવે છે..જો કાર્યનો એક જૂલ કાં તો શોષી લેવામાં આવે છે અથવા એક સેકંડના સતત દરે પહોંચાડવામાં આવે છે, તો અનુરૂપ પાવર એક વોટ હશે.તેથી શક્તિને "1 જુલ/સેકન્ડ = 1 વોટ " તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે.તો પછી આપણે કહી શકીએ કે એક વોટ પ્રતિ સેકન્ડ એક જૂલ બરાબર છે અને ઇલેકટ્રીકલ પાવર ને કાર્ય કરવાના દર અથવા ઇલેકટ્રીકલ ઊર્જાના સ્થાનાંતરણના દર તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે.



ચિત્ર 1.33 ઇલેક્ટ્રિકલ પાવરના પરિભ્રમણની આકૃતિ



ચિત્ર 1.34 ઇલેક્ટ્રિકલ સર્કિટના પ્રતીકોની આકૃતિ

## વોલ્ટમીટર અને એમીટરના ઉપયોગ

### એમીટરa

1. એમીટર હંમેશાં સિરીઝમાં જોડાયેલ હોય છે.
2. એમીટરમાં આંતરિક રેઝિસ્ટન્સ ખૂબ જ ઓછો હોય છે, જેથી પોટેન્શિયલમાં ઘટાડો ન થાય.

**એમીટર**

1. એમીટર હંમેશાં સિરીઝમાં જોડાયેલ હોય છે.
2. એમીટરમાં આંતરિક રેઝિસ્ટન્સ ખૂબ જ ઓછો હોય છે, જેથી પોટેન્શિયલમાં ઘટાડો ન થાય.

## ડીસી અને એસી સિસ્ટમમાં પાવર અને ઉર્જાની ગણતરી

(a) **વોટ**: આ પાવરનું યુનિટ છે. આ તે દર છે કે જેના પર કોઈ ચોક્કસ ક્ષણે વીજળીનો ઉપયોગ કરવામાં આવે છે: 1 કિલોવોટ = 1000 વોટ, 1 મેગાવાટ = 1000,000 વોટ.

**ઉદાહરણ1**: 09-વોટનો એલઈડી લાઇટ બલ્બ ચાલુ કરવામાં આવે ત્યારે તે ગમે ત્યારે 09 વોટ વીજળી વાપરે છે.

(b) **વોટ-અવર**: આ ઊર્જાનો યુનિટ છે. એક વોટ-અવર એટલે એક વોટ વીજળીનો એક કલાક માટે ઉપયોગ કરવામાં આવે ત્યારે વપરાતી ઊર્જા: વોટ-અવર = વોટ × અવર. ઉર્જાનો કોમર્શિયલ યુનિટ 1 કિલોવોટ-અવર (1 kWh) છે



ચિત્ર A

ઇલેક્ટ્રિક પાવરનું માપન

**ઉદાહરણ 2**-:09-વોટ એલઈડી બલ્બ, જે કોઈપણ એક જ ક્ષણે 09 વોટ વાપરે છે, એક કલાકના સમયમાં 09 વોટ-અવર વીજળીનો ઉપયોગ કરે છે. પાવર ડિસીપેશનની ગણતરી માટેનો સામાન્ય નિયમ નીચે આપેલ છે:

$$P = V \times I$$

જ્યાં V = વોલ્ટેજ, સર્કિટ પર લાગુ પડે છે અને I = સર્કિટમાં વહેતો કરંટ

**ઉદાહરણ 3**: આપણે એક સરળ સર્કિટથી શરૂઆત કરીએ: એક જ રેઝિસ્ટર સાથે જોડાયેલ બેટરી:




અહીં, આપણી પાસે એક જ 9 V બેટરી અને એક જ 100 Ω (100 ઓહ્મ) રેઝિસ્ટર છે, જે વાયર સાથે જોડાયેલા છે જેથી સંપૂર્ણ સર્કિટ બને. 10 વોટ-અવરમાં પાવર અને એનર્જી ની ગણતરી કરો.

પાવરની ગણતરી: સૂત્ર મુજબ ડીસી સર્કિટમાં પાવર —

ઇલેક્ટ્રીકલ પાવર = વોલ્ટેજ x કરંટ

$$P = V \times I$$

ઓહ્મના નિયમ મુજબ V = IR (જ્યાં R = સર્કિટનો રેઝિસ્ટન્સ)

$$I = V/R$$

પછી, $P = V \times V/R$

$$P = V^2/R$$

$P = 9^2/100 = 81/100 = 0.81$ વોટ

ઉકેલો: ઇલેકટ્રીકલ સર્કિટમાં પાવર ડીસીપીટેડ 0.81 વોટ છે

ઇલેકટ્રીકલ ઊર્જાની ગણતરી:સૂત્ર મુજબ ડીસી સર્કિટમાં ઇલેકટ્રીકલ ઊર્જા —

ઇલેકટ્રીકલ ઊર્જા = પાવર (વોટમાં) × ટાઈમ (અવરમાં)

પછી, 10 કલાક માટે વપરાતી ઇલેકટ્રીકલ ઊર્જા = 0.81 × 10 = 8.1 વોટ-અવર

ઉકેલ: ઉપરોક્ત ઇલેકટ્રીકલ સર્કિટ દ્વારા વપરાતી ઊર્જા 8.1 યુનિટ છે.

પ્રશ્ન: આપેલ ઇલેકટ્રીકલ ડીસી સર્કિટના 5 કલાકમાં વપરાતી ઇલેકટ્રીકલ પાવર અને ઊર્જાની ગણતરી કરો. (ચિત્ર B).



*ચિત્ર B*

## તમારી પ્રગતિ તપાસો

A. ખાલી જગ્યાઓ ભરો

1. ઇલેક્ટ્રિકલ પાવરમાં વિદ્યુત ઉર્જાના______, _____, અને ______ નો સમાવેશ થાય છે.
2. _____ એ વીજળીનો દર છે જે ચોક્કસ ક્ષણે ઉપયોગ થાય છે.
3. ______ હંમેશા ઉપકરણ પર અથવા પેરેલલ રીતે જોડાયેલ હોય છે.
4. વીજળીના વાણિજ્યક એકમને _______ તરીકે ઓળખવામાં આવે છે.
5. એમીટરમાં આંતરિક રેઝિસ્ટન્સ ઓછો હોય છે જેથી તે પોટેન્શિયલમાં ______ ઉત્પન્ન કરી શકતું નથી.

B. કૉલમ્સ મેચ કરો

| | | | |
|---|---|---|---|
| 1. | બેટરી | (a) | કરંટ સૂચવતું ઉપકરણ |
| 2. | ગેલ્વેનોમીટર | (b) | કરંટના પ્રવાહનો પ્રતિકાર કરે છે |
| 3. | રેઝિસ્ટર | (c) | એક રેઝિસ્ટન્સ જે ગરમી ઉત્પન્ન કરે છે |
| 4. | હીટિંગ એલિમેન્ટ | (d) | બે અથવા વધુ સેલનું સંયોજન |

C. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. એસી એટલે

   (a) ઓલ્ટરનેટીંગ કરંટ　(b) ડાયરેક્ટ કરંટ

   (c) પાવર　(d) ઊર્જા

2. એમીટરનો આંતરિક રેઝિસ્ટન્સ ______ હોય છે.

   (a) ઉચ્ચ　(b) નીચું

   (c) શૂન્ય　(d) અનંત

3. વિદ્યુત પ્રવાહ ઉત્પન્ન કરવા માટે શું જરૂરી છે?

   (a) વોલ્ટેજ　(b) ઉર્જાનો સ્રોત

   (c) ઇલેક્ટ્રિક ક્ષેત્ર　(d) આ બધા

નોંધ

4. પોટેંશિયોમીટર એક ઇલેક્ટ્રિક ઉપકરણ છે જે ________ આપે છે

(a) પાવર (b) રેઝિસ્ટન્સ

(c) વોલ્ટેજ (d) કરંટ

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. વિદ્યુત ઉર્જાનો ટૂંકમાં સમજાવો એક વાણિજ્યક એકમ શું છે?
2. એક ઇલેક્ટ્રિક આયર્ન 220 વોલ્ટ પાવર સપ્લાય સાથે જોડાયેલ છે. જો આયર્નનો રેઝિસ્ટન્સ 50 ઓહ્મ હોય, તો ગણતરી કરો-

   (a) આયર્નમાંથી વહેતો કરંટ.

   (b) આયર્નની ઇલેક્ટ્રિકલ પાવર

   (c) જો આયર્ન 2 કલાક માટે જોડાયેલ હોય તો વાણિજ્યક એકમોમાં વપરાતી ઊર્જા (kWh).
3. એક એલઈડી બલ્બને '220 વોલ્ટ અને 11 વોટ' તરીકે લેબલ કરવામાં આવે છે. જો બલ્બ 220 વોલ્ટ પાવર સપ્લાય સાથે જોડાયેલ હોય, તો નીચે આપેલની ગણતરી કરો

   (a) એલઈડી બલ્બમાંથી વહેતો કરંટ.

   (b) 8 કલાકમાં એલઈડી બલ્બ દ્વારા વપરાતી વિદ્યુત ઊર્જાની માત્રા.

E. નીચેના ઇલેક્ટ્રિકલ સિમ્બોલ દોરો

1. સેલ
2. બેટરી
3. બલ્બ
4. રેઝિસ્ટન્સ
5. સ્વિચ

## સત્ર 4: અર્થિંગ સિસ્ટમનું મહત્વ

સલામતી સુનિશ્ચિત કરવા માટે ઇલેક્ટ્રિકલ સર્કિટમાં અર્થિંગ ગોઠવવામાં આવે છે. આ સિસ્ટમ પૃથ્વી પર ઉચ્ચ અને ખતરનાક કરંટ વહેવા માટે વૈકલ્પિક માર્ગ પૂરો પાડે છે જેથી ઇલેક્ટ્રિક શોક અને ઉપકરણોને નુકસાન થવાની સમસ્યા ન થાય.

સલામતી પૂરી પાડવા માટે ઓછા રેઝિસ્ટન્સના જાડા વાયર દ્વારા ઇલેક્ટ્રિક મશીનો અને ઉપકરણો વચ્ચે અર્થ પ્લેટ, જેને સામાન્ય રીતે અર્થ ઇલેક્ટ્રોડ તરીકે ઓળખવામાં આવે છે, સાથે કરેલ ધાતુનું જોડાણ અર્થિંગ તરીકે ઓળખાય છે.

બધા સાધનોના ધાતુના ભાગો અર્થ કરેલા હોય છે અને જો સાધનોનું ઇન્સ્યુલેશન નિષ્ફળ જાય તો સાધનોની સપાટી પર ખતરનાક કરંટ હોઈ શકે છે. આનાથી શોર્ટ-સર્કિટ થઈ શકે છે અને ફ્યુઝ તરત જ ઉડી જશે.

## અર્થિંગ

અર્થિંગ એટલે વિદ્યુત ઉપકરણના કરંટ વહન ન કરતા ભાગો (ધાતુના ભાગો) ને અર્થ સાથે જોડવા જેથી કોઈપણ જોખમ વિના વિદ્યુત ઉર્જાનો નિકાલ થાય.

અર્થિંગ એ ઉપકરણ અથવા મશીનરીને અર્થ સાથે અર્થ પર સારા કંડકટર દ્વારા જોડીને કરવામાં આવે છે જેને અર્થ ઇલેક્ટ્રોડ કહેવાય છે. જો માનવ શરીર વીજળીના લાઈવ વાયરના સંપર્કમાં આવે તો, માનવ જીવનને ઇલેક્ટ્રિકલ શોકના ભયથી બચાવવા માટે અર્થિંગ કરવામાં આવે છે (ચિત્ર 1.35).

જો અર્થિંગ યોગ્ય રીતે કરવામાં આવે અને ધાતુનો ભાગ લાઈવ વાયરના સંપર્કમાં આવે, તો તે પૃથ્વીમાં સ્રાવ થશે. આ સ્થિતિમાં અર્થની શૂન્ય ક્ષમતાને કારણે મોટા પ્રમાણમાં કરંટ અર્થમાં વહે છે. જો કરંટ ફ્યુઝના મર્યાદિત મૂલ્ય કરતાં વધી જાય, તો તે ઉડી શકે છે અથવા એમસીબી ટ્રીપ થાય છે અને ઉપકરણને સપ્લાયથી કાપી નાખે છે.




*Fig. 1.35 Proper Earthing*

## અર્થિંગ માટે વિશિષ્ટતાઓ

| ક્રમાંક | વિગતો | વિશિષ્ટતા |
|---|---|---|
| 1. | બિલ્ડીંગથી અર્થનું અંતર | બિલ્ડીંગથી 1.5 મીટરથી વધુ દૂર |
| 2. | અર્થ ઇલેક્ટ્રોડનું કદ | 2.9 $mm^2$ અથવા 14 એસડબ્લ્યુજી થી ઓછું ન હોવું જોઇએ |
| 3. | અર્થનો રેઝિસ્ટન્સ | 8 ઓહ્મ થી વધુ ન હોવું જોઈએ |

અર્થ ઇલેક્ટ્રોડ અને અર્થ વાયર એક જ સામગ્રીના હોય છે.

### *અર્થ કરવાના પોઈન્ટ્સ*

1. 3 પિન અને 5 પિન પ્લગ અને સોકેટનો અર્થ પિન.
2. ઇલેક્ટ્રિકલ મશીનના બધા ધાતુના ભાગો, દા.ત., મોટર, હીટર, ગીઝર અને મિક્સર.
3. ઇલેક્ટ્રિકલ મશીનોની ધાતુની ફ્રેમ.
4. 3-ફેઝ 4-વાયર સિસ્ટમનું ન્યુટ્રલ કંડકટર.
5. પોલ, ટાવર, કેબલનું આર્મરિંગ.
6. ઓવરહેડ લાઇનના છૂટા વાયર.

## ઇલેક્ટ્રિકલ અર્થિંગનું મહત્વ

ઇલેક્ટ્રિકલ અર્થિંગ નીચે માટે મહત્વપૂર્ણ છે

1. માનવ જીવનને લીકેજ કરંટના શોકના ભયથી બચાવે છે.

નોંધ

2. લાઇન વોલ્ટેજ સ્થિર જાળવી રાખે છે.

3. મોટા મશીન અને બિલ્ડીંગને વાતાવરણીય વીજળીથી સુરક્ષિત રાખે છે.

4. ઇલેક્ટ્રિકલ સબસ્ટેશન અને અન્ય ઇન્સ્ટોલેશનમાં અકસ્માતનું જોખમ ટાળે છે

***વિવિધ ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશનનો અર્થ રેઝિસ્ટન્સ***

| | |
|---|---|
| મોટું પાવર સ્ટેશન | 0.5 ઓહ્મ |
| મુખ્ય પાવર સ્ટેશન | 1.0 ઓહ્મ |
| નાનું સબ-સ્ટેશન | 2.0 ઓહ્મ |
| ઘરમાં વાયરિંગ અને | 5.0 to 8.0 ઓહ્મ આવા અન્ય કિસ્સામાં |

## અર્થિંગના પ્રકાર

1. **સ્ટ્રીપ અર્થિંગ**: આ પ્રકારની અર્થિંગમાં 25 mm × 4 mmની ગેલ્વેનાઈઝ્ડ આયર્નની પટ્ટી અથવા 25 mm × 1.6 mmની કોપર પટ્ટી ઓછામાં ઓછી 0.5 મીટરની ઊંડાઈવાળા આડી ખાઈમાં નાખવામાં આવે છે અને કોલસા અને મીઠાથી ઢંકાયેલી હોય છે.

2. **રોડ અર્થિંગ**: આ પ્રકારની અર્થિંગ સિસ્ટમમાં 12.5 mm વ્યાસના કોપરના ઘન સળિયા અથવા 16 mm વ્યાસના ગેલ્વેનાઈઝ્ડ આયર્ન ના ઘન સળિયાને પૃથ્વીની સપાટી પર ઓછામાં ઓછા 2.5 મીટરની ઊંચાઈએ ઊભી રીતે ફીટ કરવામાં આવે છે.

3. **પાઇપ અર્થિંગ**: પાઇપ અર્થિંગ સસ્તું છે અને અર્થિંગનું શ્રેષ્ઠ સ્વરૂપ છે. આ પ્રકારની અર્થિંગમાં 38 mm વ્યાસ અને 2.5 મીટર લાંબી જીઆઇ ધરાવતી હોલો પાઇપ પૃથ્વીની ભૂગર્ભમાં મૂકવામાં આવે છે અને તેને કોલસા અને મીઠાથી ઢાંકવામાં આવે છે.

4. **પ્લેટ અર્થિંગ**: આ પ્રકારની અર્થિંગ સિસ્ટમમાં, 60 cm × 60 cm × 3.18 mm પરિમાણો ધરાવતી કોપર પ્લેટ અથવા 60 cm × 60 cm × 6.35 mm પરિમાણો ધરાવતી ગેલ્વેનાઈઝ્ડ આયર્ન (જીઆઇ) માટીના ખાડામાં ઊભી રીતે દાટવામાં આવે છે જે જમીનની સપાટીથી 3 મીટરથી ઓછી ન હોવી જોઈએ.

સૌથી વધુ ઉપયોગમાં લેવાતા અર્થિંગ પ્રકારો છે

*(a) પાઇપ અર્થિંગ*

આ પ્રકારની અર્થિંગનો ઉપયોગ ઉદ્યોગો અને ઘરના વાયરિંગ સિસ્ટમમાં વ્યાપકપણે થાય છે. અર્થિંગની આ સિસ્ટમમાં 30 mm વ્યાસ અને 2.5 મીટર લંબાઈનો જીઆઇ પાઇપ અર્થ ઇલેક્ટ્રોડ

તરીકે કામ કરવા માટે જમીનમાં ઊભી રીતે દાટવામાં આવે છે. ઊંડાઈ જમીનની સ્થિતિ પર આધાર રાખે છે; આ માટે કોઈ કડક નિયમ નથી. અર્થ ઇલેક્ટ્રોડ પાઇપના ઉપરના ભાગ સાથે નટ અને બોલ્ટથી જોડાયેલા હોય છે. અર્થ રેઝિસ્ટન્સ ઘટાડવા માટે જીઆઇ પાઇપની આસપાસનો ખાડાના વિસ્તારને મીઠા અને કોલસાના વૈકલ્પિક સ્તરથી ભરવામાં આવે છે. પ્લેટ અર્થિંગની તુલનામાં તે સમાન ઇલેક્ટ્રોડ કદ માટે ભારે લીકેજ કરંટ લઈ શકે છે. અર્થ ઇલેક્ટ્રોડનો રેઝિસ્ટન્સ જાળવવા માટે પાઇપ દ્વારા પાણી ભરવામાં આવે છે. પાઇપ અર્થિંગ (ચિત્ર1.36) એ અર્થિંગનું શ્રેષ્ઠ સ્વરૂપ છે અને તે અર્થિંગની સસ્તી પદ્ધતિ પણ છે.




*ચિત્ર 1.36 પાઇપ અર્થિંગ*

અર્થિંગ પાઇપને અર્થિંગ ઇલેક્ટ્રોડ પાઇપ તરીકે પણ ઓળખવામાં આવે છે, આનો ઉપયોગ ઘરો, ઓફિસો તેમજ પાવર સ્ટેશનોમાં થઈ શકે છે. અર્થિંગ પાઇપનો ઉપયોગ ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશન, ટ્રાન્સમિશન લાઇન અને અન્ય ઇન્સ્ટોલેશનમાં થાય છે. કોપર પાઇપનો ઉપયોગ સામાન્ય રીતે અર્થિંગ સિસ્ટમમાં થાય છે.

પાઇપનું કદ કરંટ અને માટીના પ્રકાર પર આધાર રાખે છે. પાઇપ અર્થિંગ વિશ્વસનીય, ટકાઉ, સંભાળ કરવામાં સરળ અને ખૂબ જ સુરક્ષિત છે. પાઇપ અર્થિંગનું જોડાણ ચેમ્બર અથવા અર્થ ટર્મિનલ સુધી હોય છે. મશીનથી ગેલ્વેનાઈઝ્ડ આયર્ન પાઇપ સુધી અર્થ વાયરનું જોડાણ, જમીનના સ્તરથી ઉપર હોવાથી, કોઈપણ વિક્ષેપ માટે તપાસ કરવાનું સરળ બને છે. ઉનાળાની ઋતુમાં અસરકારક અર્થિંગ માટે, પાઇપ અર્થિંગ આપણને ફનલ દ્વારા 2-3 ડોલ પાણી નાખવા દે છે, જે અસરકારક અર્થિંગ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. આ અર્થિંગની સૌથી વધુ ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓમાંની એક છે.

### *(b) પ્લેટ અર્થિંગ*

આ પ્રકારના અર્થિંગમાં, કોપર પ્લેટ અથવા જીઆઇ જમીનમાં 3 મીટરથી વધુ ઊંડાઈએ દાટવામાં આવે છે.

અર્થિંગ પ્લેટમાં ઓછામાં ઓછા 46 cm (1.5 ફૂટ) મીઠા અને કોકના વૈકલ્પિક સ્તરો ભરવામાં આવે છે જેથી ભેજ શોષાઈ જવાથી ઓછો રેઝિસ્ટન્સ મળે. કોપર પ્લેટ અર્થિંગના કિસ્સામાં, નટ અને બોલ્ટ અને કોપરથી બનેલા વોશરની મદદથી અર્થ કંડક્ટરને અર્થ પ્લેટ સાથે યોગ્ય રીતે બોલ્ટ કરવામાં આવે છે અને જીઆઇ પ્લેટ અર્થિંગના કિસ્સામાં જીઆઇ સાથે બોલ્ટ કરવામાં આવે છે (ચિત્ર 1.37).




આકૃતિ 1.37 પ્લેટ અર્થિંગ

1. જીઆઇ અર્થિંગ માટે પ્લેટનું કદ – 600 mm × 600 mm × 8.30 mm હોવું જોઈએ.
2. કોપર અર્થિંગ માટે પ્લેટનું કદ – 600 mm × 600 mm × 3.15 mm હોવું જોઈએ.

જાળવણી માટે બનાવેલા ખાડાનું કદ 30 cm × 30 cm હોવું જોઈએ. જેથી આ અર્થિંગ ખાડાઓની જાળવણી અને અર્થિંગ ખાડાઓના પરીક્ષણ માટે સુલભતા સરળ બને

## અર્થિંગના ફાયદા

અર્થિંગનો એક મુખ્ય ઉદ્દેશ્ય લીકેજ ફોલ્ટની સ્થિતિમાં વ્યક્તિઓની સલામતી સુનિશ્ચિત કરવાનો છે. અર્થિંગ મશીનથી પૃથ્વી સુધી ઓછામાં ઓછો રેઝિસ્ટન્સનો માર્ગ બનાવે છે જેથી ફોલ્ટ કરંટ ઝડપથી દૂર થઇ જાય. તે ઇલેક્ટ્રિકલ ઉર્જાને સુરક્ષિત રીતે દૂર કરે છે જેનાથી લીકેજથી થતા જોખમને ઓછું કરવામાં આવે છે. અર્થિંગ એ સલામતીની ચાવી છે એટલે કે, કર્મચારીઓ, સાધનો, વાયરિંગ, મશીનો અને સાધનોનું રક્ષણ. કોમ્યુનિકેશન ટાવરના સંદર્ભમાં અર્થિંગનો બીજો ફાયદો ઇલેક્ટ્રોમેગ્નેટિક હસ્તક્ષેપ ઘટાડવાનો છે.

પ્લેટ અથવા પાઇપ બંને પ્રકારની અર્થિંગનો ઉપયોગ કરી શકાય છે. જોકે, નાનીબિલ્ડીંગમાં પ્લેટ અર્થિંગ પસંદ કરવામાં આવે છે અને બહુમાળી બિલ્ડીંગ તેમજ ઇલેક્ટ્રિકલ સબસ્ટેશન માટે પાઇપ અર્થિંગ પસંદ કરવામાં આવે છે. સાધનોની સલામતી માટે ઇલેક્ટ્રિક મશીનોના બધા ધાતુના ભાગોને અર્થ કરવા આવશ્યક છે.

## વાતાવરણીય વીજળી

વાતાવરણીય વીજળી એ વરસાદી વાદળ અને પૃથ્વી વચ્ચે વીજળીના દૃશ્યમાન સ્રાવનું એક સ્વરૂપ છે. વીજળી વાદળ અને પૃથ્વીની સપાટી વચ્ચે ચાપના સ્વરૂપમાં જોવા મળે છે.

જ્યારે બે વાદળો, અથવા વાદળ અને પૃથ્વી વચ્ચેનું ઇલેક્ટ્રિકલ પોટેન્શિયલ પૂરતા પ્રમાણમાં ઉચ્ચ મૂલ્ય સુધી પહોંચે છે, ત્યારે હવા સાંકડા માર્ગ પર આયનીકરણ પામે છે અને વીજળીના ચમકારામાં પરિણમે છે.

જમીન કરતાં ઊંચા વૃક્ષો અને બિલ્ડીંગ પર વીજળી પડવાની શક્યતા વધુ હોય છે. બિલ્ડીંગને ધાતુના વીજળીના સળિયા દ્વારા વીજળીથી સુરક્ષિત રાખવામાં આવે છે. આ વીજળીના સળિયાઓને લાઈટનિંગ અરેસ્ટર તરીકે ઓળખવામાં આવે છે. આ લાઈટનિંગ અરેસ્ટર છતના સૌથી ઊંચા ભાગમાં ફીટ કરવામાં આવે છે અને તેને કંડકટર દ્વારા જમીન સુધી લંબાવવામાં આવે છે. કંડકટરની એક બાજુ એક અણીદાર ધાર હોય છે અને બીજી બાજુ એક લાંબી જાડી તાંબાની પટ્ટી સાથે જોડાયેલી હોય છે જે બિલ્ડીંગની નીચે જાય છે. પટ્ટીનો નીચલો છેડો પૃથ્વી સાથે યોગ્ય રીતે જોડાયેલો હોય છે. જ્યારે વીજળી સળિયા પર પડે છે, ત્યારે તાંબાની પટ્ટીમાંથી કરંટ નીચે વહે છે. આ સળિયા વીજળીના સ્રાવ માટે ઓછા રેઝિસ્ટન્સનો માર્ગ પૂરો પાડે છે અને તેને બિલ્ડીંગમાંથી પસાર થતો અટકાવે છે.

***લાઈટનિંગ અરેસ્ટર***

લાઈટનિંગ અરેસ્ટરનો સિદ્ધાંત સૌપ્રથમ 1749 માં બેન્જામિન ફ્રેન્કલિન દ્વારા શોધાયો હતો, જેમણે પછીના વર્ષોમાં ઘરગથ્થુ ઉપયોગ માટે તેની શોધ કરી હતી.

લાઈટનિંગ અરેસ્ટર




બિલ્ડીંગમાં વપરાતું લાઈટનિંગ અરેસ્ટર



*ચિત્ર 1.38 લાઈટનિંગ અરેસ્ટર*

લાઈટનિંગ અરેસ્ટર (ચિત્ર 1.38) એવા ઉપકરણો છે જે ઉચ્ચ વીજળી વોલ્ટેજને કારણે ઉપકરણને થતા નુકસાનને અટકાવે છે. લાઈટનિંગ અરેસ્ટર વીજળી ત્રાટકવાથી કરંટ માટે જમીન પર ઓછા રેઝિસ્ટન્સનો માર્ગ પૂરો પાડે છે.

જ્યારે સર્કિટમાં ઉચ્ચ વોલ્ટેજ અથવા સામાન્ય લાઈન કરતા વધારે વોલ્ટેજ હોય છે, ત્યારે લાઈટનિંગ અરેસ્ટર તરત જ પૃથ્વી પર માર્ગ પૂરો પાડે છે અને આમ વધારાના વોલ્ટેજને મર્યાદિત કરીને દૂર કરે છે.

***લાઈટનિંગ અરેસ્ટરનું કાર્ય***

1. લાઈટનિંગ અરેસ્ટર વીજળીથી થતા કોઈપણ ચાર્જને શોષી લેતું નથી.

નોંધ

નોંધ

1. લાઈટનિંગ અરેસ્ટર ચાર્જને જમીન તરફ વાળે છે.
2. લાઈટનિંગ અરેસ્ટર વાતાવરણીય વીજળી દ્વારા ઉત્પન્ન થતા વોલ્ટેજને મર્યાદિત કરે છે.
3. લાઈટનિંગ અરેસ્ટર વીજળી પડતા સમયે કામ કરશે કારણ કે તે ખૂબ ઊંચા વોલ્ટેજ ઉત્પન્ન કરે છે.
4. લાઈટનિંગ અરેસ્ટર વરસાદની ઋતુ દરમિયાન થતી વીજળી સામે રક્ષણ પૂરું પાડે છે.

## અર્થ રેઝિસ્ટન્સ

1. અર્થનો રેઝિસ્ટન્સ નીચેના પરિબળો પર આધાર રાખે છે
   (a) માટીનો પ્રકાર
   (b) પૃથ્વીનું તાપમાન
   (c) પૃથ્વીમાં ભેજ
   (d) પૃથ્વીમાં ખનિજો
   (e) પૃથ્વીમાં ઇલેક્ટ્રોડની લંબાઈ
   (f) ઇલેક્ટ્રોડનો આકાર અને કદ
   (g) બે ઇલેક્ટ્રોડ વચ્ચેનું અંતર
   (h) ઇલેક્ટ્રોડની સંખ્યા
2. મહત્તમ અર્થ રેઝિસ્ટન્સ નીચે મુજબ માન્ય છે:
   (a) મુખ્ય પાવર સ્ટેશન — 0.5 ઓહ્મ
   (b) મુખ્ય સબ-સ્ટેશન — 1.0 ઓહ્મ
   (c) નાના સબ-સ્ટેશન — 2 ઓહ્મ
   (d) ન્યુટ્રલ બુશિંગ — 2 ઓહ્મ
   (e) સર્વિસ કનેક્શન — 4 ઓહ્મ
   (f) એલ.ટી લાઈટનિંગ એરેસ્ટર — 4 ઓહ્મ
   (g) એલ.ટી. પોલ — 5 ઓહ્મ
   (h) એચ.ટી. પોલ — 10 ઓહ્મ
   (i) ટાવર — 20-30 ઓહ્મ

## અર્થ ટેસ્ટર અને અર્થ રેઝિસ્ટન્સ

અર્થનો રેઝિસ્ટન્સ માપવા માટે અર્થ ટેસ્ટરનો ઉપયોગ થાય છે. જો અર્થનો રેઝિસ્ટન્સ વધારે હોય, તો ચોક્કસ પ્રક્રિયાઓ અપનાવવાની જરૂર છે.

## અર્થ ટેસ્ટરનું કાર્ય

અર્થ ટેસ્ટરમાં હાથથી ચાલતા ડી.સી. જનરેટર, 4 સ્પાઇક્સ અને કનેક્ટિંગ વાયરનો સમાવેશ થાય છે. આ સ્પાઇક્સ

વાયર દ્વારા અર્થ ટેસ્ટરના ટર્મિનલ્સ સાથે જોડાયેલા હોય છે.અર્થ રેઝિસ્ટન્સને ચકાસવા માટે જમીનમાં સ્પાઇક્સ નાખવામાં આવે છે. ડીસી જનરેટર દ્વારા સ્પાઇક્સને કરંટ આપવામાં આવે છે. કન્વર્ટર દ્વારા ડીસી કરંટને એસી કરંટમાં રૂપાંતરિત કરવામાં આવે છે અને સ્પાઇકમાંથી મેળવેલા એસી કરંટને જીઆઈ.




*ચિત્ર 1.39 અર્થિંગ રેઝિસ્ટન્સનું માપન— ત્રણ-પોઇન્ટ પદ્ધતિ*

### *ત્રણ-પોઇન્ટ પદ્ધતિ*

આ પદ્ધતિમાં, અર્થ ટેસ્ટર ટર્મિનલ્સ C1 અને P1 ને એકબીજા સાથે શોર્ટ (જોડવું) કરવામાં આવે છે અને પરીક્ષણ હેઠળ અર્થ ઇલેક્ટ્રોડ (પાઇપ) સાથે જોડવામાં આવે છે. ટર્મિનલ્સ P2 અને C2 અર્થમાં નાખેલ બે અલગ સ્પાઇક્સ સાથે જોડાયેલા હોય છે. આ બે સ્પાઇક્સને 25 મીટર અને 50 મીટરના અંતરે એક જ લાઇનમાં રાખવામાં આવે છે, જેના કારણે દરેક  સ્પાઇક્સના ક્ષેત્રમાં પરસ્પર દખલ થશે નહીં. જો આપણે જનરેટર હેન્ડલને ચોક્કસ ગતિથી ફેરવીએ, તો આપણને અર્થનો રેઝિસ્ટન્સ સીધો સ્કેલ પર મળે છે. પરીક્ષણની આ પદ્ધતિ ત્રણ પોઇન્ટ પદ્ધતિ (ચિત્ર 1.39) તરીકે ઓળખાય છે.

નોંધ: અર્થ પર સ્પાઇકની લંબાઈ બે સ્પાઇક વચ્ચેના અંતરના 1/20મા ભાગથી વધુ ન હોવી જોઈએ.

### *ચાર-પોઇન્ટ પદ્ધતિ*

આ પદ્ધતિમાં, ચાર સ્પાઇક્સને એક જ લાઇનમાં સમાન અંતરે અર્થમાં નાખવામાં આવે છે. બહારના બે સ્પાઇક્સ અર્થ ટેસ્ટરના C1 અને C2 ટર્મિનલ સાથે જોડાયેલા હોય છે. તેવી જ રીતે અંદરના બે સ્પાઇક્સ P1 અને P2 ટર્મિનલ સાથે જોડાયેલા હોય છે. હવે જો આપણે જનરેટર હેન્ડલને ચોક્કસ ગતિએ ફેરવીએ, તો આપણને તે સ્થાનનું અર્થ રેઝિસ્ટન્સ મૂલ્ય મળશે.

આ પદ્ધતિમાં પોલરાઇઝેશનની અસરને કારણે થતી ભૂલ દૂર થાય છે અને અર્થ ટેસ્ટર સીધા એસી પર ચલાવી શકાય છે.

જો અર્થનો રેઝિસ્ટન્સ ઉપરોક્ત મૂલ્યો કરતા વધારે હોય, તો રેઝિસ્ટન્સ ઘટાડવા માટે નીચે આપેલ કાર્ય કરી શકાય છે:

(a) જોઈન્ટ પરનું ઓક્સિડેશન દૂર કરો  અને જોઈન્ટ ટાઈટ કરો

નોંધ

(b) અર્થ ઇલેક્ટ્રોડમાં પૂરતું પાણી નાખો.

(c) શક્ય હોય ત્યાં સુધી મોટા કદના અર્થ ઇલેક્ટ્રોડનો ઉપયોગ કરવો જોઈએ.

(d) ઇલેક્ટ્રોડને પેરેલલ રીતે જોડો.

(e) વધુ ઊંડાઈ અને પહોળાઈનો અર્થિંગનો ખાડો બનાવવો જોઈએ.

## તમારી પ્રગતિ તપાસો

A. ખાલી જગ્યાઓ ભરો

1. ઇલેક્ટ્રિકલ મશીનો અને ઉપકરણો વચ્ચેના અર્થ પ્લેટ સાથેના ધાતુ જોડાણને _______ તરીકે ઓળખવામાં આવે છે.
2. અર્થિંગનો અભાવ ______ નું કારણ બને છે.
3. અર્થ ઇલેક્ટ્રોડ અને ઓહ્મમાં અર્થ વચ્ચેના રેઝિસ્ટન્સને _____ કહેવામાં આવે છે.
4. લાઇટનિંગ અરેસ્ટર______ ના નુકસાનને અટકાવે છે.

B. કૉલમ્સ મેચ કરો

| | | | |
|---|---|---|---|
| 1. | મોટું પાવર સ્ટેશન | (a) | 5.0 થી 8.0 ઓહ્મ |
| 2. | મુખ્ય પાવર સ્ટેશન | (b) | 5 ઓહ્મ |
| 3. | નાનું સબ-સ્ટેશન | (c) | 2 ઓહ્મ |
| 4. | ઘરમાં વાયરિંગ અને આવા અન્ય કિસ્સામાં | (d) | 1 ઓહ્મ |

C. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. મુખ્ય પાવર સ્ટેશનનું મહત્તમ અર્થ રેઝિસ્ટન્સ મૂલ્ય છે
   (a) 0.5 ઓહ્મ
   (b) 2 ઓહ્મ
   (c) 1 ઓહ્મ
   (d) 8 ઓહ્મ
2. અર્થિંગના સૌથી સામાન્ય પ્રકારોમાંનો એક છે.
   (a) પ્લેટ અર્થિંગ
   (b) પાઇપ અર્થિંગ
   (c) રોડ અર્થિંગ
   (d) સ્ટ્રીપ અર્થિંગ
3. અર્થિંગ પાઈપોનો ઉપયોગ_________ માટે થતો નથી.
   (a) ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશન
   (b) ટ્રાન્સમિશન લાઇન
   (c) ઉદ્યોગ
   (d) વાતાવરણીય પ્રકાશ

4. અર્થિંગની આસપાસ ભેજ જાળવવા માટે આપણે ઉપયોગ કરીએ છીએ

   (a) મીઠું અને કોલસો

   (b) ખાંડ

   (c) તેલ

   (d) આમાંથી કોઈ નહીં

5. દરેક ધાતુના ઇલેક્ટ્રિકલ પોળ ______ હોવા જોઈએ .

   (a) ગ્રાઉન્ડ કરેલા

   (b) અર્થ કરેલા

   (c) ફેઝ કરેલા

   (d) ન્યુટ્રલ હોવા જોઈએ

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. પાઇપ અર્થિંગની પ્રક્રિયા સમજાવો.
2. ચોક્કસ પ્રક્રિયાઓ માટે અર્થના ઉચ્ચ રેઝિસ્ટન્સને નિયંત્રિત કરવાની જરૂર છે. આ સંદર્ભમાં અર્થ ટેસ્ટર નું મહત્વ વિશ્લેષણ કરો.
3. પ્લેટ અર્થિંગની એક સરળ આકૃતિ દોરો.
4. અર્થના રેઝિસ્ટન્સને અસર કરતા પરિબળોની ચર્ચા કરો.

નોંધ

# ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-1 સત્ર-1

A. ખાલી જગ્યાઓ ભરો

1. અણુનું ન્યુક્લિયસ ______ તરીકે ઓળખાતા ઋણભારિત કણોથી ઘેરાયેલું હોય છે.
2. સમાન ઇલેક્ટ્રિક ચાર્જ એકબીજાથી ________ અને વિરોધી ચાર્જ એકબીજાથી________ થાય છે.
3. બેન્જામિન ફ્રેન્કલિનના પ્રયોગોએ ______ અને _______ વચ્ચે જોડાણ સ્થાપિત કરવામાં મદદ કરી.
4. કોલસો, તેલ અથવા ગેસનો ઉપયોગ ______ પાવર સ્ટેશનોમાં ગરમી ઊર્જાને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરવા માટે ઈંધણ તરીકે થાય છે.
5. ઇલેક્ટ્રોમિકેનિકલ સેલ _____ દ્વારા વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરવામાં સક્ષમ છે.

B. કૉલમ્સ મેચ કરો

| | | | |
|---|---|---|---|
| 1. | થર્મલ પાવર પ્લાન્ટ | (a) | નવીનીકરણીય |
| 2. | વિન્ડ પાવર પ્લાન્ટ | (b) | ફોટોવોલ્ટેઇક અસર |
| 3. | સોલાર સેલ | (c) | પાણી |
| 4. | માઈકલ ફેરાડે | (d) | ઇલેક્ટ્રોમેગ્નેટિક ઇન્ડક્શનનો નિયમ |

C. બહુવિધ પસંદગીના પ્રશ્નો

1. વીજળીની શોધ _______ એ કરી હતી.

   (a) આઇઝેક ન્યૂટન (b) બેન્જામિન ફ્રેન્કલિન

   (c) મેક્સ પ્લેન્ક (d) રધરફોર્ડ

2. ભારતમાં વીજળી ઉત્પાદન માટે આમાંથી કયો સૌથી વધુ ઉપયોગમાં લેવાતો ઉર્જા સ્રોત છે?

   (a) નવીનીકરણીય (b) થર્મલ

   (c) ન્યુક્લિયર (d) હાઇડ્રો

3. સોલાર સેલ દ્વારા કયા પ્રકારની ઉર્જાને વિદ્યુત ઉર્જામાં રૂપાંતરિત કરવામાં આવે છે?

   (a) પવન (b) થર્મલ

   (c) ન્યુક્લિયર (d) લાઈટ

4. વીજળી એ એક પ્રકારની ઉર્જા છે જેમાં _______ પ્રવાહનો સમાવેશ થાય છે

   (a) પ્રોટોન (b) ન્યુટ્રોન

   (c) ઇલેક્ટ્રોન (d) અણુઓ

5. જો તમે બે ઋણભાર એકબીજાની નજીક મુકો છો, તો તેઓ ________ થશે.
   (a) આકર્ષે છે
   (b) દૂર કરે છે
   (c) પ્રતિક્રિયા આપતા નથી
   (d) કોઈક વાર આકર્ષે છે અને કોઈક વાર દૂર જાય છે.

D. ટૂંકી નોંધ લખો -

1. થર્મલ પાવર પ્લાન્ટનો ઉપયોગ
2. વીજળીનું ઉત્પાદન
3. ઉર્જાના વિવિધ સ્રોતો

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-1 સત્ર-2

A. ખાલી જગ્યાઓ ભરો

1. કંડકટરની સપાટી પરથી નીકળતો પ્રકાશ ઇલેક્ટ્રિક કરંટના ________________ ને કારણે હોય છે.
2. કરંટની ચુંબકીય અસર ________________ દ્વારા શોધાઈ હતી.
3. જ્યારે કરંટ કંડકટર _____________ માંથી પસાર થાય છે ત્યારે ઇલેક્ટ્રિક બલ્બ ઝળકે છે.
4. જો બદલાતું ચુંબકીય ક્ષેત્ર કંડકટરના કોઇલ સાથે જોડાયેલ હોય, તો તેમાં ______________ બને છે.

B. કૉલમ્સ મેચ કરો

| | | | |
|---|---|---|---|
| 1. | વોલ્ટેજ | (a) | ચાર્જનો સંગ્રહ |
| 2. | કરંટ | (b) | ચાર્જના પ્રવાહમાં અવરોધ |
| 3. | રેઝિસ્ટન્સ | (c) | ચાર્જનો પ્રવાહ |
| 4. | કેપેસીટન્સ | (d) | દબાણ |

C. બહુવિધ પસંદગીના પ્રશ્નો

1. બે પોઇન્ટ વચ્ચેનો પોટેન્શિયલ ડિફરેન્સ ________ છે
   (a) એક વોલ્ટ ઊર્જા (b) વોલ્યુમ
   (c) દબાણ (d) તાપમાન
2. સેલની અંદરની રાસાયણિક પ્રક્રિયા સેલના ટર્મિનલ્સ પર _______ ઉત્પન્ન કરે છે.
   (a) ઊર્જા (b) પોટેન્શિયલ ડિફરેન્સ
   (c) દબાણ (d) કરંટ
3. કિર્ચહોફનો કરંટ લૉ જણાવે છે કે નોડમાં પ્રવેશતા અને બહાર નીકળતા તમામ કરંટનો બીજગણિતીય સરવાળો ______ સાથે સમાન હોવો જોઈએ.
   (a) એક (b) બે
   (c) ત્રણ (d) શૂન્ય
4. કોઈપણ ઇલેક્ટ્રિકલ સર્કિટમાં જ્યારે કંડકટરની ભૌતિક સ્થિતિ (તાપમાન, આકૃતિ અને લંબાઈ) સ્થિર વોલ્ટેજ હોય છે ત્યારે તે _______ સાથે સીધા પ્રમાણસર હોય છે.
   (a) કરંટ (b) રેઝિસ્ટન્સ
   (c) પાવર (d) ઊર્જા

5. જો બે અથવા વધુ રેઝિસ્ટર (લોડ) એવી રીતે જોડાયેલા હોય કે તેઓ સાંકળ બનાવે છે તો તે ___________ છે.

(a) પેરેલલ સર્કિટ (b) સિરીઝ સર્કિટ

(c) કલોસડ સર્કિટ (d) ઓપન સર્કિટ

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. ચિત્રની મદદથી ઓહ્મના નિયમને સંક્ષિપ્તમાં સમજાવો.
2. ઇલેક્ટ્રિક કરંટ રસાયણો, કંડકટર, માનવ શરીર વગેરે પર વિવિધ અસરો ધરાવે છે. યોગ્ય ઉદાહરણો સાથે ચર્ચા કરો.
3. ઇન્ડક્ટરને ઊર્જા સંગ્રહ ઉપકરણ તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. શા માટે?
4. સર્કિટના વિવિધ ભાગોનું વર્ણન કરો.

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-1 સત્ર-3

A . ખાલી જગ્યાઓ ભરો

1. ઇલેક્ટ્રિકલ પાવરમાં વિદ્યુત ઉર્જાના____________, ___________, અને ____________ નો સમાવેશ થાય છે.
2. ___________ એ વીજળીનો દર છે જે ચોક્કસ ક્ષણે ઉપયોગ થાય છે.
3. ____________ હંમેશા ઉપકરણ પર અથવા પેરેલલ રીતે જોડાયેલ હોય છે.
4. વીજળીના વાણિજ્યક એકમને _____________ તરીકે ઓળખવામાં આવે છે.
5. એમીટરમાં આંતરિક રેઝિસ્ટન્સ ઓછો હોય છે જેથી તે પોટેન્શિયલમાં ____________ ઉત્પન્ન કરી શકતું નથી.

B. કૉલમ્સ મેચ કરો

| | | | |
|---|---|---|---|
| 1. | બેટરી | (a) | કરંટ સૂચવતું ઉપકરણ |
| 2. | ગેલ્વેનોમીટર | (b) | કરંટના પ્રવાહનો પ્રતિકાર કરે છે |
| 3. | રેઝિસ્ટર | (c) | એક રેઝિસ્ટન્સ જે ગરમી ઉત્પન્ન કરે છે |
| 4. | હીટિંગ એલિમેન્ટ | (d) | બે અથવા વધુ સેલનું સંયોજન |

C. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. એસી એટલે

(a) ઓલ્ટરનેટીંગ કરંટ (b) ડાયરેક્ટ કરંટ

(c) પાવર (d) ઊર્જા

2. એમીટરનો આંતરિક રેઝિસ્ટન્સ ____________ હોય છે.

(a) ઉચ્ચ (b) નીચું

(c) શૂન્ય (d) અનંત

3. વિદ્યુત પ્રવાહ ઉત્પન્ન કરવા માટે શું જરૂરી છે?

(a) વોલ્ટેજ (b) ઉર્જાનો સ્ત્રોત

(c) ઇલેક્ટ્રિક ક્ષેત્ર (d) આ બધા

4. પોટેંશિયોમીટર એક ઇલેક્ટ્રિક ઉપકરણ છે જે ________ આપે છે

   (a) પાવર (b) રેઝિસ્ટન્સ

   (c) વોલ્ટેજ (d) કરંટ

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. વિદ્યુત ઉર્જાનો એક વાણિજ્યક એકમ શું છે? ટૂંકમાં સમજાવો.
2. એક ઇલેક્ટ્રિક આયર્ન 220 વોલ્ટ પાવર સપ્લાય સાથે જોડાયેલ છે. જો આયર્નનો રેઝિસ્ટન્સ 50 ઓહ્મ હોય, તો ગણતરી કરો-

   (a) આયર્નમાંથી વહેતો કરંટ.

   (b) આયર્નની ઇલેક્ટ્રિકલ પાવર

   (c) જો આયર્ન 2 કલાક માટે જોડાયેલ હોય તો વાણિજ્યક એકમોમાં વપરાતી ઊર્જા (kWh).
3. એક એલઈડી બલ્બને '220 વોલ્ટ અને 11 વોટ' તરીકે લેબલ કરવામાં આવે છે. જો બલ્બ 220 વોલ્ટ પાવર સપ્લાય સાથે જોડાયેલ હોય, તો નીચે આપેલની ગણતરી કરો

   (a) એલઈડી બલ્બમાંથી વહેતો કરંટ.

   (b) 8 કલાકમાં એલઈડી બલ્બ દ્વારા વપરાતી વિદ્યુત ઊર્જાની માત્રા.

E. નીચેના ઇલેક્ટ્રિકલ સિમ્બોલ દોરો

1. સેલ
2. બેટરી
3. બલ્બ
4. રેઝિસ્ટન્સ
5. સ્વિચ

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-1 સત્ર-4

A . ખાલી જગ્યાઓ ભરો

1. ઇલેક્ટ્રિકલ મશીનો અને ઉપકરણો વચ્ચેના અર્થ પ્લેટ સાથેના ધાતુ જોડાણને ______________ તરીકે ઓળખવામાં આવે છે.
2. અર્થિંગનો અભાવ _____________ નું કારણ બને છે.
3. અર્થ ઇલેક્ટ્રોડ અને ઓહ્મમાં અર્થ વચ્ચેના રેઝિસ્ટન્સને ____________ કહેવામાં આવે છે.
4. લાઈટનિંગ અરેસ્ટર_____________ ના નુકસાનને અટકાવે છે.

| | | | |
|---|---|---|---|
| 1. | મોટું પાવર સ્ટેશન | (a) | 5.0 થી 8.0 ઓહ્મ |
| 2. | મુખ્ય પાવર સ્ટેશન | (b) | 5 ઓહ્મ |
| 3. | નાનું સબ-સ્ટેશન | (c) | 2 ઓહ્મ |
| 4. | ઘરમાં વાયરિંગ અને આવા અન્ય કિસ્સામાં | (d) | 1 ઓહ્મ |

C. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. મુખ્ય પાવર સ્ટેશનનું મહત્તમ અર્થ રેઝિસ્ટન્સ મૂલ્ય છે
   (a) 0.5 ઓહ્મ
   (b) 2 ઓહ્મ
   (c) 1 ઓહ્મ
   (d) 8 ઓહ્મ
2. અર્થિંગના સૌથી સામાન્ય પ્રકારોમાંનો એક છે.
   (a) પ્લેટ અર્થિંગ
   (b) પાઇપ અર્થિંગ
   (d) રોડ અર્થિંગ
   (d) સ્ટ્રીપ અર્થિંગ
3. અર્થિંગ પાઈપોનો ઉપયોગ_________ માટે થતો નથી.
   (a) ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશન
   (b) ટ્રાન્સમિશન લાઇન
   (c) ઉદ્યોગ
   (d) વાતાવરણીય પ્રકાશ

4. અર્થિંગની આસપાસ ભેજ જાળવવા માટે આપણે ઉપયોગ કરીએ છીએ
    (a) મીઠું અને કોલસો
    (b) ખાંડ
    (c) તેલ
    (d) આમાંથી કોઈ નહીં
5. દરેક ધાતુના ઇલેક્ટ્રિકલ પોળ _____ હોવા જોઈએ .
    (a) ગ્રાઉન્ડ કરેલા
    (b) અર્થ કરેલા
    (c) ફેઝ કરેલા
    (d) ન્યુટ્રલ હોવા જોઈએ

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. પાઇપ અર્થિંગની પ્રક્રિયા સમજાવો.
2. ચોક્કસ પ્રક્રિયાઓ માટે અર્થના ઉચ્ચ રેઝિસ્ટન્સને નિયંત્રિત કરવાની જરૂર છે. આ સંદર્ભમાં અર્થ ટેસ્ટર નું મહત્વ વિશ્લેષણ કરો.
3. પ્લેટ અર્થિંગની એક સરળ આકૃતિ દોરો.
4. અર્થના રેઝિસ્ટન્સને અસર કરતા પરિબળોની ચર્ચા કરો.

Unit 2

# સાધનો અને ઉપકરણોનું સંચાલન

171176CH02

## પરિચય

જ્યારે તમે ઉપકરણનું સમારકામ કરો છો, ત્યારે તમારે સાધનોના કાર્યથી પરિચિત હોવું જરૂરી છે. તમે પહેલાથી જ લાક્ષણિક રેન્ચ અને સ્ક્રૂડ્રાઈવરથી પરિચિત હશો, પરંતુ તમારે વધારે જ્ઞાનની જરૂર છે, જેમ કે વોલ્ટેજ મીટર અને સિંગલ અને મલ્ટીફેઝ કોમ્પ્રેસર ટેસ્ટર્સ. તેથી, ખાતરી કરવી જરૂરી છે કે જરૂરી સાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરવા માટે તમારા પાસે પૂરતું જ્ઞાન હોય. જ્યારે તમે કોઈ કામ કરી રહ્યા હોવ ત્યારે હંમેશા તેમને સાથે રાખો.



*ચિત્ર 2.1 વીજળીમાં વપરાતા સાધનો*

વિવિધ વિદ્યુત ઘટકો (આકૃતિ 2.1) ની જાળવણી અને ઉત્થાન માટે વિવિધ સાધનો અને સાધનોની જરૂર પડે છે. તેથી, તેમને સુરક્ષિત રીતે ચલાવવા માટે વિવિધ સાધનો અને સાધનો વિશે જાણવું જરૂરી છે.


*ચિત્ર 2.2 સ્ક્રૂડ્રાઈવર*



*ચિત્ર 2.3 સ્ક્રૂડ્રાઈવરના પ્રકારો*

## સત્ર 1: સાધનો અને ઉપકરણો

ઇલેક્ટ્રિકલ સર્કિટ સાથે કામ કરતી વખતે ઇલેક્ટ્રિકલ અથવા ઇલેક્ટ્રોનિક ટેકનિશિયન દ્વારા ઉપયોગમાં લેવાતા વિવિધ સાધનો અને ઉપકરણો નીચે મુજબ છે:

(a) **સ્ક્રૂ ડ્રાઈવર:** તેનો ઉપયોગ સ્ક્રૂ ફેરવવા, ટાઈટ કરવા અથવા દૂર કરવા માટે થાય છે (ચિત્ર 2.2 અને 2.3).

(b) **રેચેટ**: તેનો ઉપયોગ ફક્ત એક જ દિશામાં ફરતી ગતિ આપવા અને વિરુદ્ધ દિશામાં ગતિને રોકવા માટે થાય છે. તેનો ઉપયોગ વિવિધ કદના નટ્સને ટાઈટ કરવા માટે થાય છે (ચિત્ર 2.4).

(c) **સ્પેનર**: તેનો ઉપયોગ નટ્સ અથવા બોલ્ટ જેવી વસ્તુઓને ફેરવવા માટે ટોર્ક લાગુ કરવા માટે પકડ પૂરી પાડવા માટે થાય છે. વિવિધ કદના નટ્સ અને બોલ્ટને ટાઈટ કરવા માટે અલગ વ્યાસવાળા સ્પેનર ઉપલબ્ધ છે (ચિત્ર 2.5).

(d) **રેંચ**: તે એક હાથનું સાધન છે જેનો ઉપયોગ નટ્સ અને બોલ્ટને ટાઈટ અને લૂસ કરવા માટે થાય છે (ચિત્ર 2.6). આ સાધનો લપસણા અથવા નાના નટ્સ અને બોલ્ટને લૂસ કરવા અથવા ટાઈટ કરવા માટે છે.

(e) **વાયર કટર અને પ્લાયર**: વાયર કટરનો ઉપયોગ વાયર કાપવા અને છોલવા માટે થાય છે જ્યારે પ્લાયરનો ઉપયોગ નટ અને બોલ્ટ જેવી વસ્તુઓને મજબૂત રીતે પકડી રાખવા માટે થાય છે અને ધાતુના વાયર કાપવા માટે પણ વપરાય છે (ચિત્ર 2.7).

(f) **ટેસ્ટર**: તેનો ઉપયોગ વિદ્યુત ઉપકરણોમાં ઇલેક્ટ્રિક વોલ્ટેજની હાજરી ચકાસવા માટે થાય છે (ચિત્ર 2.8).

(g) **હથોડી** : તેનો ઉપયોગ દિવાલો અને લાકડામાં ખીલા લગાવવા, ભાગો ફિટ કરવા અથવા ધાતુ બનાવવા અને વિવિધ સામગ્રી તોડવા માટે થાય છે (ચિત્ર 2.9).

(h) **સીડી**: તેનો ઉપયોગ કંટ્રોલ પેનલના ઊંચા એકમોમાં ઊંચા સ્થાનો (6 થી 7 ફૂટ) સુધી પહોંચવા માટે  થાય છે (ચિત્ર 2.10).

(i) **યુટિલિટી નાઈફ**: તેનો ઉપયોગ વાયર, દોરી, ટેપ વગેરે જેવી વિવિધ વસ્તુઓ કાપવા માટે થાય છે (ચિત્ર 2.11).

(j) **સોલ્ડરિંગ અથવા ડિસોલ્ડરિંગ આયર્ન**: તેનો ઉપયોગ પેનલ પર/માંથી ઘટકોને જડવા /દૂર કરવા માટે થાય છે (ચિત્ર 2.12).

(k) **સોલ્ડરિંગ અથવા ડિસોલ્ડરિંગ સ્ટેશન**: તેનો ઉપયોગ ગરમ લોખંડ ઉપયોગમાં ન હોય ત્યારે તેને પકડી રાખવા અને ટીપના તાપમાનને સમાયોજિત કરવા માટે થાય છે (ચિત્ર 2.13).



*Fig. 2.8 Tester*



*ચિત્ર 2.9 હથોડી*



*ચિત્ર 2.10 સીડી*



*ચિત્ર 2.11 યુટિલિટી નાઈફ*



*ચિત્ર 2.12 સોલ્ડરિંગ અથવા ડિસોલ્ડરિંગ આયર્ન*



*ચિત્ર 2.13 સોલ્ડરિંગ અથવા ડિસોલ્ડરિંગ સ્ટેશન*



*ચિત્ર 2.4 રેચેટ્સ*



*ચિત્ર 2.6 રેંચ*



*ચિત્ર 2.5 સ્પેનર*



*ચિત્ર 2.7 વાયર કટર અને પ્લાયર*



*Fig. 2.14 Crimping tool*




*Fig. 2.15 Voltmeter*




*ચિત્ર. 2.16 એમીટર*

(l) **ક્રિમ્પિંગ ટૂલ:** તેનો ઉપયોગ વાયર, દોરી, ટેપ વગેરે જેવી વિવિધ વસ્તુઓ કાપવા માટે થાય છે. તેનો ઉપયોગ ધાતુ અથવા પ્લાસ્ટિકની વસ્તુઓ સાથે વાયર જોડવા માટે પણ થાય છે (ચિત્ર 2.14).

(m) **વોલ્ટમીટર:** તેનો ઉપયોગ ઇલેક્ટ્રિક સર્કિટમાં બે બિંદુઓ વચ્ચેના પોટેન્શિયલ ડિફરેન્સને માપવા માટે થાય છે (ચિત્ર 2.15).

(n) **એમીટર:** તેનો ઉપયોગ સર્કિટમાં કરંટનો પ્રવાહ માપવા માટે થાય છે (ચિત્ર 2.16).

(o) **વોટ મીટર:** તેનો ઉપયોગ કોઈપણ સર્કિટની ઇલેક્ટ્રિકલ પાવર (વોટમાં) માપવા માટે થાય છે (ચિત્ર 2.17).

(p) **મેગોહ્મીટર અથવા મેગર:** તેનો ઉપયોગ વાયરમાં લિકેજ અને અર્થ રેઝિસ્ટન્સ માપવા માટે થાય છે (ચિત્ર 2.18).

(q) **મલ્ટિમીટર:** તેનો ઉપયોગ રેઝિસ્ટન્સ, વોલ્ટેજ, કરંટ, વગેરે જેવા વિવિધ ઇલેક્ટ્રિકલ જથ્થાને માપવા માટે થાય છે (ચિત્ર 2.19).



*ચિત્ર 2.17 વોટમીટર*



*ચિત્ર. 2.18 મેગર*



*ચિત્ર. 2.19 મલ્ટિમીટર*

## તમારી પ્રગતિ તપાસો

A. ખાલી જગ્યાઓ ભરો

1. ______ નો ઉપયોગ ફક્ત એક જ દિશામાં ફરતી ગતિને મંજૂરી આપવા માટે થાય છે. તેનો ઉપયોગ નટ અને બોલ્ટને ટાઈટ કરવા માટે થાય છે.
2. ક્રિમપિંગ ટૂલનો ઉપયોગ _____ અથવા _____ વસ્તુઓ સાથે વાયરને જોડવા માટે થાય છે.
3. ઇલેક્ટ્રિક ટેસ્ટરમાં ____ બલ્બનો ઉપયોગ થાય છે.

B. નીચેના વાક્યો સાચા છે કે ખોટા તે ઓળખો.

1. ઉપયોગ કરતા પહેલા હંમેશા સાધનને નુકસાન માટે તપાસો.
2. હાથના સાધનનો ઉપયોગ કરતા સમયે ઢીલા કપડાં, લટકતી વસ્તુઓ અને ઘરેણાં પહેરવા યોગ્ય છે.
3. દોરીઓ અને નળીઓને ગરમી, તેલ અને તીક્ષ્ણ ધારથી દૂર રાખો.
4. કોઈપણ વિદ્યુત ઉપકરણને પાવર સ્ત્રોત સાથે જોડતા પહેલા, ખાતરી કરો કે પાવર ચાલુ છે.

C. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. શું પ્લાયરની જગ્યાએ વાયર કટરનો ઉપયોગ કરી શકાય છે? ટૂંકમાં સમજાવો.
2. સાધનો અને ઉપકરણો ઇલેક્ટ્રિકલ ટેકનિશિયનના કામને કેવી રીતે સરળ બનાવવામાં મદદ કરે છે?

# સત્ર 2: કેબલ નાખવા માટે વપરાતા સાધનો અને ઉપકરણો

## કેબલ નાખવાની પ્રવૃત્તિઓ માટે કેબલ અને સાધનોની તૈયારીઓ

વિવિધ વિદ્યુત પ્રવૃત્તિઓ માટે સાધનો અને ઉપકરણોનો ઉપયોગ થાય છે. ઇલેક્ટ્રિકલ વાયર નાખવાનું કામ કરતી વખતે આપણે કાળજી લેવી જોઈએ. કેબલ નાખતી વખતે, પાવર સંબંધિત કાર્ય માટે જરૂરી સાવચેતીઓ અને આરોગ્ય અને સલામતીના નિયમોનું પાલન કરવું જોઈએ. ઇલેક્ટ્રિકલ વાયર નાખવા (નાખવાના કાર્યો) માટે ઉપયોગમાં લેવાતા મહત્વપૂર્ણ સાધનો અને ઉપકરણો અહીં આપેલા છે.



*ચિત્ર 2.20 કેબલ સાથે કેબલ ડ્રમ*

## કેબલ નાખવાની પ્રવૃત્તિઓમાં વપરાતા સાધનો અને ઉપકરણો

કેબલ નાખવા માટે ઘણા સાધનોનો ઉપયોગ થાય છે. આમાં કેબલ પુલિંગ વિંચ, કેબલ ગાઇડિંગ ડિવાઇસ અને કેબલ પુલિંગ ગ્રિપ વગેરેનો સમાવેશ થાય છે.



ચિત્ર *2.21* કેબલ વિના કેબલ ડ્રમ

## કેબલ ડ્રમ્સ

નાખવાની પ્રક્રિયા દરમિયાન કેબલ વળી જાય છે. કેબલને વળી જતું અટકાવવા અથવા તેને તપાસવા માટે ડ્રમ્સનો ઉપયોગ કરવામાં આવે છે. કેબલ ડ્રમ્સ (ચિત્ર 2.20 અને 2.21) ટેકનિશિયનોને કેબલ નાખવામાં મદદ કરે છે. તેવી જ રીતે કેબલ નાખવા માટે એંગલ રોલર્સનો પણ ઉપયોગ થાય છે (ચિત્ર 2.22).



ચિત્ર *2.22* એંગલ રોલર્સ

## ખેંચવાની પદ્ધતિઓ અને ગણતરીઓ

જમીનમાં કેબલ નાખતી વખતે યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ. આ પ્રક્રિયામાં યોગ્ય સાધનો અને ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ. કેબલ ડ્રમને જેક પર લગાવવો જોઈએ અને કેબલને ડ્રમમાંથી હળવેથી ફેરવવી જોઇએ જેથી કરીને કિંક અને ટ્વિસ્ટ ટાળી શકાય. ભારે કેબલના કિસ્સામાં મુક્ત છેડો વિંચની મદદથી ખેંચી શકાય છે. ખુલ્લા ખાઈમાં કેબલ નાખવામાં કોઈ ગંભીર મુશ્કેલી પડતી નથી. કેબલને પહેલા ખાઈમાં અથવા ઉપરની જમીન પર મૂકેલા રોલરો પર મૂકવામાં આવે છે, જે પછી ખાઈના તળિયે સ્થાનાંતરિત થાય છે. પાઈપો અને ડક્ટમાં કેબલ નાખતી વખતે, સ્થાપન દરમિયાન તેમને નુકસાન ન થાય તેની કાળજી લેવી જોઈએ. ડક્ટમાં સ્થાપન માટે કેબલ નાખવાની યોગ્ય પદ્ધતિ ચિત્ર 2.23 માં બતાવવામાં આવી છે.




ચિત્ર *2.23* ખેંચવાની પદ્ધતિઓ

## જમીનની નીચેના કેબલનું પરીક્ષણ

જમીનની નીચે અથવા જમીન ઉપર કેબલ નાખ્યા પછી, બિછાવાના કારણે થતી ખામીઓ, જો કોઈ હોય, તો તે ચકાસવા માટે યોગ્ય પરીક્ષણ કરવામાં આવે છે. શોર્ટ સર્કિટિંગ ખામીઓ, ડિસ્કોન્ટિન્યુટી ખામીઓ અને અર્થની ખામીઓ માટે કેબલનું પરીક્ષણ કરવામાં આવે છે. આ ખામીઓ તપાસવા માટે મુરે અને વર્લી લૂપ પરીક્ષણો કરવામાં આવે છે.

## સ્થાપન અને જાળવણી માટેના સાધનો



*ચિત્ર 2.24 સ્થાપન અને જાળવણી માટેના સાધનો*

એક લાઇનમેન જે સ્થાપન અને જાળવણીનું કામ કરે છે, તે યોગ્ય હાથના સાધનો વિના પોતાનું કામ કરી શકતો નથી, જે તે દરરોજ પોતાની સાથે રાખે છે. અન્ય કોઈપણ કામદાર દ્વારા ઉપયોગમાં લેવાતા સાધનોથી વિપરીત, લાઇનમેનના સાધનોને યોગ્ય ઇન્સ્યુલેશનની જરૂર પડે છે, કારણ કે આ સાધનોનો ઉપયોગ ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશનમાં થાય છે. આ સાધનોના હેન્ડલ્સ પર રબરની કોટિંગ હોય છે જેથી કામદારને વીજળીનો કરંટ ન લાગે (ચિત્ર 2.24).

કોઈ પણ કાર્ય કરવા માટે સાધનો મહત્વપૂર્ણ છે. ટેકનિશિયન દ્વારા સમગ્ર કાર્ય સાધનોની મદદથી કરવામાં આવે છે. વિતરણ પ્રણાલીમાં કામ કરવા માટે સામાન્ય રીતે નીચેના સાધનોનો ઉપયોગ થાય છે:

### (a) કોમ્બિનેશન પ્લાયર



*ચિત્ર 2.25 કોમ્બિનેશન પ્લાયર*

તેનો ઉપયોગ લાઇવ-લાઇન પર ઇલેક્ટ્રિક વાયર અને કેબલ કાપવા, ઇન્સ્યુલેશન દૂર કરવા, જોડાવા અને ટ્વિસ્ટ કરવા માટે થાય છે. લાઇનમેનના પ્લાયરમાં ખાસ ડિઝાઇન હોય છે, જે લીવરેજ દ્વારા બળનો ગુણાકાર કરે છે. આ પ્લાયરમાં સામાન્ય રીતે ખુલ્લા ધાતુના હેન્ડલ્સના બદલે વધુ સારી રીતે પકડવા માટે ગ્રિપ્સ હોય છે. લાઇવ સર્કિટ સાથે કામ કરતી વખતે ઇલેક્ટ્રિક શોક સામે રક્ષણ માટે ગ્રિપ્સમાં ઇન્સ્યુલેશન પણ હોય છે. લાઇનમેનના પ્લાયર સામાન્ય રીતે ફોર્જ સ્ટીલથી બનેલા હોય છે. બંને હેન્ડલને હેવી-ડ્યુટી રિવેટ સાથે ચોક્કસ રીતે જોડવામાં આવે છે જે હેવી-ગેજ વાયર પર અતિશય બળ હેઠળ વારંવાર ઉપયોગ કર્યા પછી પણ પ્લાયરની ચોકસાઈ જાળવી રાખે છે (ચિત્ર 2.25).

### (b) એડજસ્ટેબલ રેન્ચ



*ચિત્ર 2.26 એડજસ્ટેબલ રેન્ચ*

યોગ્ય કદના સ્પેનર ઉપલબ્ધ ન હોય તો તેનો ઉપયોગ નટ અને બોલ્ટ ખોલવા અને બંધ કરવા માટે થાય છે. સામાન્ય કદ 8" (ઇંચ) થી 12" (ઇંચ) છે. એડજસ્ટેબલ રેન્ચ એક જ ટૂલમાં વિશાળ શ્રેણીની ક્ષમતા પૂરી પાડવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે અને ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન માટે અનુકૂળ સર્વિસ રેન્ચ છે.

સર્વિસ રેન્ચ છે. તેઓ ઉત્પાદન અથવા સામાન્ય સર્વિસના કાર્ય માટે નિશ્ચિત ઓપનિંગ રેન્ચના બદલે ઉપયોગમાં લેવા માટે બનાવાયેલ નથી. ઉચ્ચ ડાઇલેક્ટ્રિક ઇન્સ્યુલેટેડ હેન્ડલના પ્રકારોનો ઉપયોગ લાઇનમેન અને અન્ય વિદ્યુત કામદારો દ્વારા વ્યાપકપણે થાય છે (ચિત્ર 2.26).



*ચિત્ર 2.27 પાઇપ રેન્ચ*

**(c) પાઇપ રેન્ચ**

તેનો ઉપયોગ જીઆઈ પાઇપ અને વાલ્વ ખોલવા, બંધ કરવા, નળી નાખવા માટે થાય છે. સામાન્ય કદ 10" (ઈંચ) છે. એડજસ્ટેબલ જૉની ડિઝાઇન તેને ફ્રેમમાં લોક કરવા દે છે, જેથી હેન્ડલ પર કોઈપણ આગળનું દબાણ જૉને એકસાથે જોરથી ખેંચી શકે છે. તે સામાન્ય રીતે કાસ્ટ સ્ટીલના બનેલા હોય છે. આજકાલ, રેન્ચનું શરીર બનાવવા માટે એલ્યુમિનિયમનો પણ ઉપયોગ થાય છે, પણ ટીથ અને જૉ સ્ટીલના હોય છે (ચિત્ર 2.27).



*ચિત્ર 2.28 માપન ટેપ*

**(d) માપન ટેપ**

તેનો ઉપયોગ વાયર, કેબલ અને જગ્યાની લંબાઈ માપવા માટે થાય છે. માપન ટેપનો ઉપયોગ સફાઈ માટે કેબલ બચતને કાર્યક્ષમ બનાવે છે અને બગાડ ઘટાડે છે. આ કોટન અથવા ધાતુના પટ્ટાઓથી બનેલા હોય છે જે 10' (ફૂટ) થી 100' (ફૂટ) કદના હોય છે (ચિત્ર 2.28).



*ચિત્ર 2.29 હથોડી*

**(e) હથોડી**

તેનો ઉપયોગ ખીલા વીંધવા, મધ્ય પંચ, રૉલ પ્લગ અને છીણી માટે થાય છે. સામાન્ય કદ 1, 2.5, 3 અને 5 પાઉન્ડ (પાઉન્ડ) છે. લાઇનમેનનો હથોડો મોટા લેગ સ્ક્રૂ નાખવા અને યુટિલિટી-પોલ વર્કમાં બોલ્ટ નાખવા માટે શ્રેષ્ઠ છે. ઇલેક્ટ્રિશિયનો દ્વારા સખત જગ્યાએ ખીલા નાખવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. (ચિત્ર 2.29).



*ચિત્ર 2.30 ડ્રિલ બીટ (હેન્ડ ડ્રીલ) સાથે રેચેટ*

**(f) ડ્રિલ બીટ સાથે રેચેટ (હેન્ડ ડ્રીલ)**

તેનો ઉપયોગ ડીપી સ્ટ્રક્ચર્સ અથવા એલટી ટ્રાન્સફોર્મર બુશિંગ્સમાંથી નીકળતા હાઇ ટેન્શન અને લો ટેન્શન કેબલ્સને ટાઈટ ફિટ કરવા માટે લાકડાના ક્રોસ આર્મ્સ અને લાકડાના ક્લીટ્સ પર છિદ્રો બનાવવા માટે થાય છે. (ચિત્ર. 2.30).

**(g) ઇલેક્ટ્રિક ડ્રિલ મશીન**

તેમાં નીચે દર્શાવેલ ગુણધર્મો છે:

- તે એક પોર્ટેબલ ઇલેક્ટ્રિક સંચાલિત સાધન છે જેનો ઉપયોગ સપાટીને ડ્રિલ કરવા માટે થાય છે (ચિત્ર 2.31).
- તેમાં ચકને ફેરવવા માટે હાઇ સ્પીડ મોટર છે.
- તેનો ઉપયોગ સરળતાથી છિદ્રો બનાવવા માટે થાય છે.



*ચિત્ર 2.31 ઇલેક્ટ્રિક ડ્રીલ*

**(h) બેન્ચ વાઇસ**

વાઇસ એ એક યાંત્રિક ઉપકરણ છે જેનો ઉપયોગ કોઈ વસ્તુને સુરક્ષિત કરવા માટે થાય છે જેથી તેના પર કામ કરી શકાય.

ઇલેક્ટ્રિકલ કાર્યોમાં, કટીંગ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વિદ્યુત નળી કાપવા માટે એટલી સુરક્ષિત હોવી જોઈએ કે સ્માર્ટ કટ કરી શકાય. બેન્ચ વાઇસ (ચિત્ર 2.32) આ કરવા માટે એક સારી રીત છે. બેન્ચ વાઇસનો ઉપયોગ જોબ (વસ્તુ) ને પકડવા માટે થાય છે જેમાં નીચેની સુવિધાઓ છે:



*ચિત્ર 2.32 બેન્ચ વાઇસ*

- બેઝ પ્લેટ (કામ કરતી વખતે ટેબલની બાજુઓ પર કાયમી ધોરણે ફિક્સ્ડ).
- ફિક્સ્ડ જૉ (બેઝ પ્લેટ સાથે ફિક્સ્ડ)
- મૂવિંગ જૉ (કામની જાડાઈ અનુસાર ખસેડી શકાય છે)

### (i) ચેન પુલી



*ચિત્ર 2.33 ચેન પુલી*

તે એક પુલી છે જેના ચક્રના પરિઘમાં ડિપ્રેશન હોય છે, અથવા તેમાંથી પ્રોજેક્શન્સ હોય છે, જે સાંકળની કડીઓને ફિટ કરવા માટે બનાવવામાં આવે છે. સ્થળ પર લોડિંગ અને અનલોડિંગ માટે ભારે લોડ ઉપાડવા માટે ઇચ્છિત ક્ષમતાવાળી ચેન પુલી કેન્દ્રમાં જોડાયેલી હોય છે (ચિત્ર 2.33).

### (j) ટ્રાઇપોડ



*ચિત્ર 2.34 ટ્રાઇપોડ*

તે ત્રણ થી ચાર મીટર લાંબા 40 મીમી જીઆઈ પાઇપનું મિશ્રણ છે જે ટ્રાઇપોડ બનાવવા માટે ઉપરના છેડે જોડાયેલ હોય છે. ટ્રાઇપોડ ઉપયોગિતા કામદાર માટે યોગ્ય છે કારણ કે તે પોર્ટેબલ અને હળવા વજનના હોય છે અને ઉચ્ચ-શક્તિવાળા એન્કર હોય છે. (ચિત્ર. 2.34).

### (k) કમ અલોંગ ક્લેમ્પ



*ચિત્ર 2.35 કમ અલોંગ ક્લેમ્પ*

ઓવરહેડ લાઇન નાખતી વખતે તેનો ઉપયોગ થાય છે. આનો ઉપયોગ મુખ્યત્વે ઓવરહેડ ટ્રાન્સમિશન લાઇન અને અન્ય વિવિધ ઔદ્યોગિક જાળવણી કામગીરીમાં કંડક્ટર અને ગ્રાઉન્ડ વાયરને પકડી રાખવા માટે થાય છે. આ ક્લેમ્પ બહુવિધ વ્યાસ, વજન અને ડિઝાઇનમાં ઉપલબ્ધ છે જે વિદ્યુત કાર્યોમાં ઉપયોગ માટે આદર્શ છે. તેઓ કંડક્ટરને ખેંચવા માટે આદર્શ છે કારણ કે તે હળવા અને બનાવટમાં કોમ્પેક્ટ હોય છે. (ચિત્ર. 2.35).

### (l) રેચેટ ડિવાઇસ



*આકૃતિ 2.36 રેચેટ ડિવાઇસ*

તે એક એવું ઉપકરણ છે જેમાં બાર અથવા વ્હીલ હોય છે જેમાં એંગલ કરેલ ટીથનો સમૂહ હોય છે જેમાં એક પાઉલ, કોગ અથવા ટીથ જોડાયેલો હોય છે, જે ફક્ત એક જ દિશામાં ફરે છે. રેચેટનો ઉપયોગ મશીનરી અને સાધનો તેમજ જાળવણીના કામોમાં થાય છે. (ચિત્ર. 2.36).

સિનિયર લાઇનમેન સામાન્ય રીતે પાવર કંપની (ડિસ્કોમ) ના ડિસ્ટ્રીબ્યુશન સબ-ડિવિઝનમાં કામ કરે છે.

ડિસ્ટ્રીબ્યુશન સબ-ડિવિઝન માટે સાધનો અને ઉપકરણો માટે ભલામણ કરેલ ધોરણો લગભગ બધા રાજ્યો માટે સમાન છે. ક્ષેત્રમાં કામ કરતા ઇલેક્ટ્રિશિયનો પાસે કોષ્ટક 2.1 માં આપેલા સાધનો તેમની સાથે હોવા જોઈએ.

**કોષ્ટક 2.1 ઇલેક્ટ્રિશિયન માટે માનક સાધનોની સૂચિ**

| ક. નં. | સાધન | સંખ્યા |
|---|---|---|
| 1. | ચેઇન પુલી બ્લોક (5 મેગાટોન) | 1 |
| 2. | મેગર (1000 વોલ્ટ) | 1 |
| 3. | અર્થ ટેસ્ટર | 1 |
| 4. | પોર્ટેબલ ડ્રિલિંગ મશીન | 1 |
| 5. | વાંસની સીડી | 2 |
| 6. | સ્ટીલ માપન ટેપ | 1 |
| 7. | પુલિંગ અને લિફ્ટિંગ મશીન 3 ટન | 1 |
| 8. | પાઇપ રેન્ચ 3" (7.6 સે.મી.) | 2 |
| 9. | સ્પિરિટ લેવલ | 4 |
| 10. | સોકેટ સ્પેનર સેટ | 2 |
| 11. | રિંગ સ્પેનર સેટ | 2 |
| 12. | હથોડી | 2 |

## ફોલ્ટ ઇન્ડિકેટર અને રક્ષણાત્મક સાધનો

અનિચ્છનીય માર્ગ તરફ કરંટનો પ્રવાહ અથવા કરંટના અસામાન્ય રીતે બંધ થવાને ફોલ્ટ કહેવામાં આવે છે. ફોલ્ટ ઇન્ડિકેટર (ચિત્ર 2.37) એ એવા ઉપકરણો છે જે ફોલ્ટ કરંટના માર્ગને સૂચવે છે. જ્યારે યોગ્ય રીતે લાગુ કરવામાં આવે, તો તેઓ કેબલના નિષ્ફળ ગયેલા ભાગને ઓળખીને સંચાલન ખર્ચ ઘટાડી શકે છે અને સર્વિસના વિક્ષેપો ઘટાડી શકે છે.




*ચિત્ર 2.37 ફોલ્ટ ઇન્ડિકેટર*

## કામ કરતી વખતે શું કરવું અને શું ન કરવું

1. ક્યારેય કરંટ વહન કરતા વાયર કે કંડક્ટરને સ્પર્શ કરશો નહીં.
2. મેઈનમાંથી પ્લગ કાઢતી વખતે ક્યારેય ફ્લેક્સિબલ કેબલ ખેંચશો નહીં.
3. કોઈપણ વિદ્યુત ઉપકરણ તપાસતી વખતે સપ્લાય બંધ કરો.
4. ક્યારેય સાધનો સાથે રમશો નહીં.
5. સાધનોને કાળજીપૂર્વક હેન્ડલ કરો અને કામ કરતી વખતે સતર્ક રહો.
6. જ્યાં સુધી તમને ખાતરી ન હોય કે ઉપકરણ કામ કરી રહ્યું છે, ત્યાં સુધી ક્યારેય સપ્લાય ચાલુ કરશો નહીં.
7. ખાતરી કરો કે ઉપકરણ માટે યોગ્ય અર્થિંગ આપવામાં આવ્યું છે.

નોંધ

1. કોઈ શંકા હોય તો તમારા શિક્ષકનું માર્ગદર્શન લો અને જાતે પ્રયોગ કરવાનો પ્રયાસ કરશો નહીં.
2. કોઈપણ નુકસાન અથવા બ્રેકડાઉનની જાણ તાત્કાલિક તમારા શિક્ષકને કરો.

*સાવચેતીઓ*

1. ડીસી માપનમાં પોલારિટી તપાસો.
2. શરૂઆતમાં માપન માટે ઉચ્ચ શ્રેણી પસંદ કરો અને પછી ચોકસાઈ માટે જરૂરી શ્રેણી પસંદ કરો.

## તમારી પ્રગતિ તપાસો

**A. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો**

1. ઇલેક્ટ્રિક સર્કિટનું પાવર માપવા માટે નીચેનામાંથી કયાનો ઉપયોગ થાય છે.


(a) વોટમીટર


(b) મેગર


(c) એમીટર

2. નીચેનામાંથી કયો નટ અથવા બોલ્ટ ફેરવવા માટે વપરાય છે?


(a) સ્પેનર


(b) પ્લાયર


(C) પ્લાયર

3. જો લાઈવ-લાઈન પર કામ કરતા કોઈ કાર્યકરને વીજ કરંટ લાગે, તો પહેલા.
   (a) ડૉક્ટરને બોલાવો
   (b) સપ્લાય બંધ કરો
   (c) વ્યક્તિને સ્થળ પરથી દૂર લઈ જાઓ
   (d) કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપો
4. પ્લાયરનું ______ દ્વારા વર્ગીકરણ થાય છે
   (a) પહોળાઈ
   (b) લંબાઈ
   (c) નાકનો આકાર અને હેતુ મુજબ કાર્ય
   (d) હેન્ડલ

5. આ સાધન _____ તરીકે ઓળખાય છે..



(a) સ્ક્રૂ ડ્રાઈવર

(b) કોમ્બિનેશન પ્લાયર

(c) વાયર કટર

(d) ક્રિમપિંગ ટૂલ

6. જનરેટર ઇલેક્ટ્રિકલ કરંટને ઇલેક્ટ્રિકલ કંડકટર (વાયર)માંથી પસાર થવા માટે દબાણ પૂરું પાડે છે. ઇલેક્ટ્રિકલ ફોર્સના આ માપને શું કહેવાય છે?

(a) વોટ્સ

(b) એમ્પ્સ

(c) વોલ્ટ

(d) કરંટ

7. સર્કિટ પર કામ કરતી વખતે, _______ સાથે માન્ય સાધનોનો ઉપયોગ કરો.

(a) રબરના મોજા

(b) આંતરરાષ્ટ્રીય કાર્યક્ષમતા (આઈઈ) રેટિંગ

(c) ઇન્સ્યુલેટેડ હેન્ડલ્સ

(d) ઉપરોક્તમાંથી કોઈ નહીં

8. જો સાધનોનું સમારકામ કરવામાં આવ્યું હોય, તો તેનો ઉપયોગ કરતા પહેલા ખાતરી કરો કે તે સલામત _______ છે.

(a) દર્શાવવામાં આવ્યું

(b) સૂચિબદ્ધ

(c) પરીક્ષણ અને પ્રમાણિત

(d) ઉપરોક્તમાંથી કોઈ નહીં

9. ક્ષતિગ્રસ્ત સાધનોને સર્વિસમાંથી દૂર કરવા જોઈએ અને યોગ્ય રીતે ______ કરવું જોઈએ.

(a) સમારકામ

(b) નાશ

(c) ટૅગ કરેલ

(d) ઉઠાવવા

B. નીચેના વાક્યો સાચા છે કે ખોટા તે જણાવો.

1. જ્યારે પણ તમે પાવર હેન્ડ ટૂલનો ઉપયોગ કરી રહ્યા હોવ ત્યારે હંમેશા સલામતી ચશ્મા પહેરવા જોઈએ.

2. ભીની સ્થિતિમાં ક્યારેય ઇલેક્ટ્રિક સાધનોનો ઉપયોગ કરશો નહીં.

3. જો કોઈ સાધન કોઈ ચોક્કસ કામ માટે કામ કરતું નથી, તો તમારે તેને બદલવું જોઈએ, જેથી તે કામ કરે.

નોંધ

# ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-2 સત્ર-1

A. ખાલી જગ્યાઓ ભરો

1. ______ નો ઉપયોગ ફક્ત એક જ દિશામાં ફરતી ગતિને મંજૂરી આપવા માટે થાય છે. તેનો ઉપયોગ નટ અને બોલ્ટને ટાઈટ કરવા માટે થાય છે.
2. ક્રિમપિંગ ટૂલનો ઉપયોગ _____ અથવા _____ વસ્તુઓ સાથે વાયરને જોડવા માટે થાય છે.
3. ઇલેક્ટ્રિક ટેસ્ટરમાં ____ બલ્બનો ઉપયોગ થાય છે.

B. નીચેના વાક્યો સાચા છે કે ખોટા તે ઓળખો.

4. ઉપયોગ કરતા પહેલા હંમેશા સાધનને નુકસાન માટે તપાસો.
5. હાથના સાધનનો ઉપયોગ કરતા સમયે ઢીલા કપડાં, લટકતી વસ્તુઓ અને ઘરેણાં પહેરવા યોગ્ય છે.
6. દોરીઓ અને નળીઓને ગરમી, તેલ અને તીક્ષ્ણ ધારથી દૂર રાખો.
7. કોઈપણ વિદ્યુત ઉપકરણને પાવર સ્ત્રોત સાથે જોડતા પહેલા, ખાતરી કરો કે પાવર ચાલુ છે.

C ટૂંકા જવાબવાળા પ્રશ્નો

8. શું પ્લાયરની જગ્યાએ વાયર કટરનો ઉપયોગ કરી શકાય છે? ટૂંકમાં સમજાવો.
9. સાધનો અને ઉપકરણો ઇલેક્ટ્રિકલ ટેકનિશિયનના કામને કેવી રીતે સરળ બનાવવામાં મદદ કરે છે?

# ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-2 સત્ર-2

A. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. ઇલેક્ટ્રિક સર્કિટનું પાવર માપવા માટે નીચેનામાંથી કયાનો ઉપયોગ થાય છે



(a) વોટમીટર



(b) મેગર




(c) એમીટર

2. નીચેનામાંથી કયો નટ અથવા બોલ્ટ ફેરવવા માટે વપરાય છે?



(a) સ્પેનર



(b) પ્લાયર



(c) કટર

3. જો લાઈવ-લાઈન પર કામ કરતા કોઈ કાર્યકરને વીજ કરંટ લાગે, તો પહેલા.
   (a) ડૉક્ટરને બોલાવો
   (b) સપ્લાય બંધ કરો
   (c) વ્યક્તિને સ્થળ પરથી દૂર લઈ જાઓ
   (d) કૃત્રિમ શ્વાસોચ્છવાસ આપો
4. પ્લાયરનું ______ દ્વારા વર્ગીકરણ થાય છે
   (e) પહોળાઈ
   (f) લંબાઈ
   (g) નાકનો આકાર અને હેતુ મુજબ કાર્ય
   (h) હેન્ડલ
   (i) હેન્ડલ

5. આ સાધન _____ તરીકે ઓળખાય છે..



   (a) સ્ક્રૂ ડ્રાઈવર
   (b) કોમ્બિનેશન પ્લાયર
   (c) વાયર કટર
   (d) ક્રિમપિંગ ટૂલ

6. જનરેટર ઇલેક્ટ્રિકલ કરંટને ઇલેક્ટ્રિકલ કંડકટર (વાયર)માંથી પસાર થવા માટે દબાણ પૂરું પાડે છે. ઇલેક્ટ્રિકલ ફોર્સના આ માપને શું કહેવાય છે?
   (a) વોટ્સ
   (b) એમ્પ્સ
   (c) વોલ્ટ
   (d) કરંટ

7. સર્કિટ પર કામ કરતી વખતે, _______ સાથે માન્ય સાધનોનો ઉપયોગ કરો.
   (a) રબરના મોજા
   (b) આંતરરાષ્ટ્રીય કાર્યક્ષમતા (આઈઈ) રેટિંગ
   (c) ઇન્સ્યુલેટેડ હેન્ડલ્સ
   (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં

8. જો સાધનોનું સમારકામ કરવામાં આવ્યું હોય, તો તેનો ઉપયોગ કરતા પહેલા ખાતરી કરો કે તે સલામત _______ છે.
   (a) દર્શાવવામાં આવ્યું
   (b) સૂચિબદ્ધ
   (c) પરીક્ષણ અને પ્રમાણિત
   (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં

9. ક્ષતિગ્રસ્ત સાધનોને સર્વિસમાંથી દૂર કરવા જોઈએ અને યોગ્ય રીતે ______ કરવું જોઈએ.
   (a) સમારકામ
   (b) નાશ
   (c) ટૅગ કરેલ
   (d) ઉઠાવવા

B. નીચેના વાક્યો સાચા છે કે ખોટા તે જણાવો.

1. જ્યારે પણ તમે પાવર હેન્ડ ટૂલનો ઉપયોગ કરી રહ્યા હોવ ત્યારે હંમેશા સલામતી ચશ્મા પહેરવા જોઈએ.
2. ભીની સ્થિતિમાં ક્યારેય ઇલેક્ટ્રિક સાધનોનો ઉપયોગ કરશો નહીં.
3. જો કોઈ સાધન કોઈ ચોક્કસ કામ માટે કામ કરતું નથી, તો તમારે તેને બદલવું જોઈએ, જેથી તે કામ કરે.

# ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-4 સત્ર-1

A. ખાલી જગ્યાઓ ભરો

1. રેલના થાંભલા આરસીસી થાંભલા કરતાં _______ છે.
2. આરસીસી થાંભલા _____ સ્ટીલના રોડ દ્વારા પોલ-આકારના સિલિન્ડરોના કોંક્રિટ સ્લેબમાં બનાવવામાં આવે છે.
3. પિન-પ્રકારના ઇન્સ્યુલેશનનો ઉપયોગ સામાન્ય રીતે ______ લાઇન પર થાય છે.
4. એલટી ક્રોસ આર્મ્સને આડા તેમજ ________ કંડકટરની રચના માટે પ્રમાણિત કરવામાં આવ્યા છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. ઓળખો કે કયો સિમેન્ટ પોલ નથી:
   (a) આરસીસી પોલ
   (b) પીએસસી પોલ
   (c) લાકડાના પોલ
   (d) રેલ પોલ
2. પિન-ટાઇપ ઇન્સ્યુલેટરનો ઉપયોગ સામાન્ય રીતે _____ પર થાય છે:
   (a) 11 KV લાઇન
   (b) 33 KV લાઇન
   (c) 15 KV લાઇન
   (d) આમાંથી કોઈ નહીં
3. જીઓ સ્વિચનો ઉપયોગ આ રીતે થાય છે:
   (a) સ્વિચિંગ ડિવાઇસ
   (b) કટઆઉટ ડિવાઇસ
   (c) કંટ્રોલિંગ સ્વિચ
   (d) આમાંથી કોઈ નહીં
4. એલટી લાઇન સ્પેસર્સ પૂરા પાડવામાં આવે છે:
   (a) વાયર વચ્ચે અંતર રાખવા માટે
   (b) વાયરને પકડી રાખવા માટે
   (c) વાયર બાંધવા માટે
   (d) આમાંથી કોઈ નહીં

C. કૉલમ્સ મેચ કરો

| ગ્રુપ A | | ગ્રુપ B |
|---|---|---|
| 1. | ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન | (a) વિવિધ ભૂમિકાઓની ભરતી |
| 2. | વીજળી અધિનિયમ 2003 | (b) ફરિયાદો સાથે સંબંધિત |
| 3. | ડિસ્કોમ | (c) એલટી, એચટી લાઇનો બનાવવી |
| 4. | એસ્કેલેશન મેટ્રિક્સ | (d) ડિસ્ટ્રીબ્યુશનમાં બહુવિધ લાઇસન્સિંગની મંજૂરી આપે છે |

A. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. લાઇનના નિર્માણમાં આરસીસી થાંભલાઓ શા માટે વધુ પસંદ કરવામાં આવે છે?
2. થાંભલાઓની પસંદગી માટે જવાબદાર પરિબળોની યાદી બનાવો.
3. કંડકટરની ભૂમિકા અને તેમના પ્રકારોની ચર્ચા કરો.
4. ગાય સ્ટ્રેન ઇન્સ્યુલેટરની ભૂમિકા શું છે?

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-4 સત્ર-2

A. ખાલી જગ્યાઓ ભરો

1. _______ એટલે કોઈપણ ઇલેક્ટ્રિક સપ્લાય લાઇન જે ગારૂન્દ લાઇન ઉપર અને ખુલ્લી હવામાં મૂકવામાં આવે છે.
2. 33 kV સુધીની ______ એચટી અને એલટી લાઇનો થાંભલાઓ પર ઉભી કરવામાં આવે છે.
3. સ્થાનિક ટ્રાન્સમિશન લાઇનનો વોલ્ટેજ ______ વોલ્ટ છે.
4. લાંબા અંતર માટે _______ પાવર માટે ટ્રાન્સમિશન સિસ્ટમનો ઉપયોગ થાય છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. વીજળીનું ઉત્પાદન વિવિધ સ્રોતો દ્વારા કરવામાં આવે છે
   (a) થર્મલ,
   (b) હાઇડ્રો,
   (c) બિન-પરંપરાગત તેમજ પરમાણુ પાવર સ્ટેશન
   (d) ઉપરોક્ત બધા
2. વધારાના હાઈ વોલ્ટ એટલે કે, ______ kV ની ઈએચવી લાઇનો ટાવર પર ઉભી કરવામાં આવે છે.
   (a) 66
   (b) 32,
   (c) 220 અને 440
   (d) ઉપરોક્ત બધા
3. સામાન્ય રીતે હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન લાઇનમાંથી ઉત્સર્જિત થતા સૌથી મજબૂત ચુંબકીય ક્ષેત્રો ________ મિલીગૌસ હોય છે.
   (a) 02
   (b) 03
   (c) 04
   (d) 05
4. પીક અવર્સ દરમિયાન ______ લોડ/ડિમાન્ડ નોંધાય છે.
   (a) ન્યૂનતમ
   (b) મહત્તમ
   (c) સરેરાશ
   (d) આમાંથી કોઈ નહીં.

C. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. હાઈ અને લો ટેંશન લાઇન વચ્ચે તફાવત કરો.
2. પીક ડિમાન્ડ વ્યાખ્યાયિત કરો.
3. પાવર ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમના મહત્વની ચર્ચા કરો.
4. હાઈ ટ્રાન્સમિશન લાઇનની નજીક ઘર કેમ ન બનાવવું જોઈએ.
5. ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન લાઇન વચ્ચે તફાવત કરો.

# ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-4 સત્ર-3

A. **ખાલી જગ્યાઓ ભરો**

1. બધા ખૂણા ______ માં ડબલ પોલ (ડીપી) સ્ટ્રક્ચર જરૂરી છે.
2. 11 KV લાઇનમાં ______ થાંભલા 1 કિમીના અંતરે ઉભા કરવામાં આવે છે.
3. ગાય સ્ટ્રેન ઇન્સ્યુલેટર ગાયના નીચેના ભાગમાં _______ મૂકવામાં આવે છે.
4. કંડક્ટર અથવા વાયર સાથે જોડાણને _______ કહેવામાં આવે છે.
5. ક્રોસ આર્મ્સ અને ________ ને જરૂરી ક્લેમ્પ્સ, બોલ્ટ અને નટ્સ સાથે સપોર્ટ પર લગાવવામાં આવે છે.

B. **બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો**

1. એલ્યુમિનિયમ કંડક્ટરનો ઉપયોગ કરીને કયા પ્રકારનો જોઈન્ટ બનાવવામાં આવે છે?

(a) કમ્પ્રેશન (b) મેરીડ
(c) સ્લીવ (d) બ્રિટાનિયા

2. આમાંથી કયો પોર્સેલેઇન ઇન્સ્યુલેટરનો પ્રકાર નથી?

(a) પિન પ્રકાર (b) સ્ટ્રેન પ્રકાર
(b) બ્રિટાનિયા (d) શેકલ પ્રકાર

3. સ્ટે બાંધતી વખતે, થાંભલો નમેલો ન હોવો જોઈએ.

(a) ખોટું
(b) સાચું

4. ડાયમંડ ગાર્ડિંગનો ઉપયોગ _____ માટે થાય છે.

(a) એલટી લાઇન (b) એચટી લાઇન
(c) એચટી અને એલટી બંને (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં

5. 11 KV લાઇનનો સરેરાશ સ્પાન ______ છે.

(a) 50 મીટર (b) 2. 60 મીટર
(c) 3. 75 મીટર (d) 4. 100 મીટર

B. ટૂંકા જવાબ પ્રશ્નો

1. ગાર્ડિંગના મહત્વની ચર્ચા કરો. ગાર્ડિંગના પ્રકારો સમજાવો.
2. પૃથ્વીનો પ્રતિકાર કયા પરિબળો પર આધારિત છે તેની યાદી બનાવો.
3. લાઇટનિંગ એરેસ્ટર્સ અર્થિંગમાં કેવી રીતે મદદ કરે છે?
4. કંડક્ટર જોઈન્ટિંગમાં વપરાતા સાંધાના પ્રકારો સમજાવો

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-4 સત્ર-4

A. ખાલી જગ્યાઓ ભરો

1. રેઝિસ્ટન્સ_____ પ્રવાહને રોકે છે અને ઇન્ડક્ટન્સ _____ પ્રવાહને રોકે છે.
2. સામાન્ય રીતે લોડ શેડિંગ ત્યારે કરવામાં આવે છે જ્યારે જનરેટિંગ સ્ટેશન પર વધારાનો લોડ ઘટાડવા માટે આપેલ સમયે _______ પાવર ______ પાવર કરતા વધુ હોય છે.
3. લાઈવ લાઇનમાં પણ ઇલેક્ટ્રિક વાયર અને કેબલને કાપવા, ઇન્સ્યુલેશન દૂર કરવા, જોડાવા અને ટ્વિસ્ટ કરવા માટે ______ નો ઉપયોગ થાય છે.
4. બેન્ચ વાઇસનો ઉપયોગ વસ્તુને ______ કરવા માટે થાય છે.
5. અનિચ્છનીય માર્ગ તરફ કરંટનો પ્રવાહ અથવા કરંટના અસામાન્ય સ્ટોપેજને _______ કહેવામાં આવે છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. લાઇન બાંધવા માટે થાંભલાઓની પસંદગી અનેક પરિબળો પર આધાર રાખે છે જેમ કે:

   (a) પાવરનું ડિસ્ટ્રીબ્યુશન

   (b) થાંભલાની મજબૂતાઈ

   (c) કંડકટરનો પ્રકાર અને કદ

   (d) પવનનું દબાણ

   (e) ઉપરોક્ત બધા

   (f) ફક્ત (a) અને (c)

2. ઇન્સ્યુલેટરને નુકસાન થવાના કારણો શું છે?

   (a) તાપમાનમાં તફાવતને કારણે

   (b) અયોગ્ય કેલિબ્રેશન

   (c) તૂટેલી સર્વિસ લાઇન

   (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં

3. કરંટ ટ્રાન્સફોર્મર્સ છે:

   (a) નાના ટ્રાન્સફોર્મર

   (b) કરંટના ઓછા મૂલ્યો પૂરા પાડે છે

   (c) જ્યાં કરંટ અથવા વોલ્ટેજ ખૂબ વધારે હોય ત્યાં વપરાય છે

   (d) (a) અને (c)

   (e) (a) અને (b)

   (f) (a), (b) અને (c)

C. કૉલમ્સ મેચ કરો

| ગ્રુપ A | | ગ્રુપ B | |
|---|---|---|---|
| 1. | એએસી | (a) | ઉચ્ચ-ક્ષમતા, ઉચ્ચ-શક્તિવાળા સ્ટ્રેન્ડેડ કંડક્ટર |
| 2. | એસીએસઆર | (b) | ઉચ્ચ શક્તિવાળા એલ્યુમિનિયમ-મેગ્નેશિયમ-સિલિકોન એલોયમાંથી બનેલ |
| 3. | એએએસી | (c) | હાર્ડ ડ્રોન 1350 એલ્યુમિનિયમ એલોયના એક અથવા વધુ સ્ટ્રેન્ડથી બનેલ |
| 4. | શેકલ ઇન્સ્યુલેટર | (d) | અક્ષીય રીતે માઉન્ટ થયેલ |

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. જાળવણી શા માટે મહત્વપૂર્ણ છે?
2. ચોમાસા પહેલાના નિરીક્ષણ દરમિયાન કઈ જાળવણી કરવી જોઈએ?
3. ઇન્સ્યુલેશનના નુકસાન માટેના કારણો કયા છે?
4. સામગ્રી પરીક્ષણ સાધનો શા માટે જરૂરી છે? કારણો સાથે સમજાવો.

Unit 3

# ઇલેક્ટ્રિકલ વાયરિંગના ઘટકો અને એસેસરીઝ

171176CH03

## પરિચય

વીજળીને પ્રવાહ માટે ઇલેક્ટ્રિક પાથની જરૂર પડે છે અને આ હેતુ માટે ઘણી કંડકટિંગ સામગ્રીનો ઉપયોગ થાય છે. ઘણી સેમી-કંડકટિંગ સામગ્રી છે જેનો ઉપયોગ વોલ્ટેજ ઘટાડવા અને કરંટના પ્રવાહને ઘટાડવા માટે થાય છે. નોન-કંડકટિંગ સામગ્રી છે જેનો ઉપયોગ લાઇવ-લાઇન પર કામ કરતી વખતે ઇન્સ્યુલેશન તરીકે થાય છે. આ પ્રકરણમાં આપણે ઘરગથ્થુ અથવા ઔદ્યોગિક વાયરિંગ કેવી રીતે કરવામાં આવે છે અને ઘરગથ્થુ અથવા ઔદ્યોગિક વાયરિંગ માટે કઈ સામગ્રી જરૂરી છે તેનો અભ્યાસ કરીશું. આપણે વિવિધ પ્રકારના વાયરિંગ અને તે કેવી રીતે કરવામાં આવે છે તેનો પણ અભ્યાસ કરીશું.


Fig. 3.1 Wiring components

## સત્ર 1: વાયરિંગ સામગ્રી અને ઘટકો ઓળખવા અને પસંદ કરવા

### વાયરિંગ સામગ્રી

ઇલેક્ટ્રિકલ વાયર કોપર, એલ્યુમિનિયમ અને ચાંદી જેવા પદાર્થોથી બનેલા હોય છે. ચાંદી મોંઘી હોવાથી, વાયરિંગમાં મોટાભાગે કોપર અને એલ્યુમિનિયમનો ઉપયોગ થાય છે.

સામગ્રીને તેમના ગુણધર્મો અનુસાર ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવે છે:

1. કંડકટિંગ સામગ્રી
2. ઇન્સ્યુલેટિંગ સામગ્રી
3. સેમિકન્ડક્ટર સામગ્રી

## કંડકટિંગ  સામગ્રી

*(a) કોપર*

તે વીજળીનું સારૂં કંડકટર છે. તેનો ઉપયોગ કેબલમાં વાયરિંગ સામગ્રીમાં થાય છે. તેનો રેઝિસ્ટન્સ ઓછો હોય છે અને તેનો ઉપયોગ ઉચ્ચ, મધ્યમ અને નીચા વોલ્ટેજ પર વીજળીના વહન માટે થાય છે (ચિત્ર 3.2).

તેનો ઉપયોગ વાયરિંગ અને કેબલ બનાવવા માટે થાય છે.



*ચિત્ર 3.2 કોપર વાયર*

*(b) એલ્યુમિનિયમ*

કોપરની સરખામણીમાં તે હલકું અને સસ્તું છે. તેથી, આ પ્રકારની કંડકટિંગ  સામગ્રીનો ઉપયોગ મોટાભાગે ઇલેક્ટ્રિકલ વાયરિંગમાં થાય છે. તે ચાંદી-સફેદ રંગનું હોય છે અને તે નરમ હોય છે. તેનો ઉપયોગ ઘણીવાર વાયરિંગ અને કેબલ બનાવવા માટે થાય છે (ચિત્ર 3.3).



*ચિત્ર 3.3 એલ્યુમિનિયમ વાયર*

## ઇન્સ્યુલેટીંગ સામગ્રી

ઇન્સ્યુલેટીંગ સામગ્રીનો ઉપયોગ ઇન્સ્યુલેટીંગ હેતુ માટે થાય છે. આ પ્રકારની સામગ્રી કરંટના ખરાબ કંડકટર હોય છે. ઉદાહરણ તરીકે રબર, કાગળ, માઇકા, લાકડું, કાચ અને કપાસ.

## વાયરિંગ એસેસરીઝ



ઉપકરણોને જોડવા માટે વાયરિંગ એસેસરીઝનો ઉપયોગ થાય છે (ચિત્ર 3.4).

*(a) સ્વિચ*

સ્વિચનો ઉપયોગ ઇલેક્ટ્રિકલ સર્કિટ બનાવવા અથવા તોડવા માટે થાય છે. તેનો ઉપયોગ ઉપકરણને વીજળીનો પુરવઠો 'ચાલુ' અથવા 'બંધ' કરવા માટે થાય છે.

વિવિધ સ્વિચ છે જેમ કે

- સરફેસ સ્વિચ
- ફ્લશ સ્વિચ
- સીલિંગ સ્વિચ
- પુલ સ્વિચ
- પુશ બટન સ્વિચ
- બેડ સ્વિચ

*(I) સરફેસ સ્વિચ:* તે દિવાલની સપાટી પર લગાવેલા લાકડાના પાટિયા પર લગાવવામાં આવે છે. તે ત્રણ પ્રકારના હોય છે

1. વન-વે સ્વિચ
2. ટુ-વે સ્વિચ
3. ઇન્ટરમીડિએટ સ્વિચ

- **વન-વે સ્વિચ:** તેનો ઉપયોગ સિંગલ સર્કિટ અને લેમ્પને નિયંત્રિત કરવા માટે થાય છે (ચિત્ર 3.5).
- **ટુ-વે સ્વિચ:** તેનો ઉપયોગ કરંટના પ્રવાહને બેમાંથી કોઈપણ દિશામાં વાળવા માટે થાય છે. ટુ-વે સ્વિચનો ઉપયોગ બે અલગ અલગ જગ્યાએથી એક લેમ્પને નિયંત્રિત કરવા માટે પણ થઈ શકે છે જેમ કે સીડીના વાયરિંગના કિસ્સામાં (ચિત્ર 3.6).
- **ઇન્ટરમીડિએટ સ્વિચ:** તેનો ઉપયોગ બે કરતા વધુ સ્થળોએથી લેમ્પને નિયંત્રિત કરવા માટે થાય છે (ચિત્ર 3.7).



*ચિત્ર 3.5 વન-વે સ્વિચ*

(i) ફ્લશ સ્વિચ: તેનો ઉપયોગ સુશોભન હેતુ માટે થાય છે (ચિત્ર 3.8).

(ii) બેડ સ્વિચ : જેમ નામ સૂચવે છે, તેનો ઉપયોગ સ્વિચ બોર્ડ સિવાય અથવા બેડની નજીકથી કોઈપણ જગ્યાએથી લાઈટ 'ઓન' કરવા માટે થાય છે. આ સ્વિચ એક ફ્લેક્સિબલ વાયર દ્વારા જોડાયેલ છે (ચિત્ર 3.9).



*ચિત્ર 3.6 ટુ-વે સ્વિચ*

### (b) હોલ્ડર

હોલ્ડર બે પ્રકારના હોય છે.

1. પેન્ડન્ટ હોલ્ડર (ચિત્ર 3.10)
2. બેટન હોલ્ડર (ચિત્ર 3.11)



*ચિત્ર 3.10 પેન્ડન્ટ હોલ્ડર*



*ચિત્ર 3.7 ઇન્ટરમીડિએટ સ્વિચ*

### (c) સીલિંગ રોઝ

તેનો ઉપયોગ પેન્ડન્ટ લેમ્પ-હોલ્ડરને ફ્લેક્સિબલ વાયર દ્વારા ટેપ કરવા અથવા ફ્લોરોસન્ટ ટ્યુબ સાથે જોડાણ આપવા માટે થાય છે (ચિત્ર 3.12).

### (d) સોકેટ આઉટલેટ/પ્લગ

સોકેટ આઉટલેટમાં ઇન્સ્યુલેટેડ બેઝ હોય છે જેમાં મોલ્ડેડ અથવા સોકેટ બેઝમાં ત્રણ ટર્મિનલ સ્લીવ્સ હોય છે (ચિત્ર 3.13).



*ચિત્ર 3.13 સોકેટ*

### (e) મૈન સ્વિચ

ઇલેક્ટ્રિકલ સર્કિટને નિયંત્રિત કરવા માટે મૈન સ્વિચનો ઉપયોગ કરવામાં આવે છે. મૈન સ્વિચ દ્વારા, ઇમારતમાં વીજળી સંપૂર્ણપણે નિયંત્રિત થાય છે (ચિત્ર 3.14)..



*ચિત્ર 3.8 ફ્લશ સ્વિચ*



*ચિત્ર 3.9 બેડ સ્વિચ*



*ચિત્ર 3.11 બેટન હોલ્ડર*



*ચિત્ર 3.12 સીલિંગ રોઝ*



*ચિત્ર 3.14 મૈન સ્વિચ/ મૈન એમસીબી*

### *(f) પીવીસી કેસીંગ-કેપિંગ વાયરિંગ*

વાયરને ઢાંકવા માટે પીવીસી કેપિંગ કરવામાં આવે છે. તેમાં કેસીંગનો પણ સમાવેશ થાય છે. આ કેસીંગ-કેપિંગ વાયરિંગને ઓપન વાયરિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે તે દિવાલની બહાર કરવામાં આવે છે.

પીવીસી કેસીંગ-કેપિંગ વાયરિંગ (ચિત્ર 3.15 અને 3.16) માટે જરૂરી સામગ્રીમાં સામેલ છે

1. વાયર
2. પ્લાસ્ટિકના બનેલા કેસીંગ એન્ક્લોઝર
3. પ્લાસ્ટિકના બનેલા કેપિંગ
4. ટી. જોઈન્ટ વીઆઇઆર (વલ્કેનાઈઝ્ડ ઈન્ડિયન રબર) અથવા પીવીસી (પોલિવિનાઇલ ક્લોરાઇડ) ઇન્સ્યુલેટેડ વાયર
5. જંકશન બોક્સ
6. એલ્બો
7. કેસીંગ અને કેપિંગ જોઈન્ટ



*ચિત્ર 3.15 પીવીસી કેસીંગ-કેપીંગ એસેસરીઝ*



*ચિત્ર 3.16 પીવીસી કેસીંગ-કેપીંગ બેન્ડ*

લાકડાના કેસીંગ-કેપીંગ વાયરિંગ જૂના જમાનાનું થઇ ગયું છે. હવે પીવીસી અથવા વીઆઈઆર ઇન્સ્યુલેટેડ વાયર પીવીસી કેસીંગ એન્ક્લોઝરની અંદર હોય છે અને પીવીસી કેપીંગનો ઉપયોગ કેસીંગને ઢાંકવા માટે થાય છે.

### પીવીસી કેસીંગ-કેપિંગ વાયરિંગના ફાયદા

- ઇન્સ્ટોલ કરવા માટે સરળ
- મજબૂત અને ટકાઉ વાયરિંગ
- કસ્ટમાઇઝેશન સરળતાથી કરી શકાય છે
- ધુમાડો, ધૂળ, વરસાદ અને વરાળ વગેરેથી સુરક્ષિત
- કેસીંગ અને કેપિંગને કારણે શોકનું જોખમ નથી

### પીવીસી કેસીંગ-કેપિંગ વાયરિંગના ગેરફાયદા

- ખર્ચાળ
- ભેજવાળા હવામાન માટે યોગ્ય નથી
- આગનું ઉચ્ચ જોખમ

### મિનિએચર સર્કિટ બ્રેકર (એમસીબી)

જૂના પ્રકારના ફ્યુઝને બદલે નવા બાંધકામોમાં એમસીબીનો ઉપયોગ થાય છે. સર્કિટ બ્રેકર્સ એ નાના ઉપકરણો છે જેનો ઉપયોગ ઇલેક્ટ્રિકલ પેનલ અને અન્ય ઉપકરણોને ઇલેક્ટ્રિકલ પાવરના ઓવરફ્લોથી નિયંત્રિત કરવા અને સુરક્ષિત કરવા માટે થાય છે (ચિત્ર 3.17).



*ચિત્ર 3.17 એમસીબી ડિસ્ટ્રીબ્યુશન બોક્સ*

#### એમસીબીના ઉપયોગો

ઘરના ઇલેક્ટ્રિકલ પેનલ્સ

બધા બ્રેકર્સની જેમ, એમસીબી ઘરને સર્કિટ ઓવરલોડથી બચાવવા માટે બનાવેલું છે.

એમસીબી સામાન્ય ફ્યુઝ કરતાં ઘણું સુરક્ષિત છે, કારણ કે તેને મેન્યુઅલી રીસેટ કરી શકાય છે અને તે મોટી માત્રામાં પાવર હેન્ડલ કરી શકે છે. બ્રેકર ઊર્જાના પ્રવાહનું સંચાલન કરી શકે છે, જ્યારે ઘણા ઉપકરણો એક જ પાવર સર્કિટથી ચાલે છે ત્યારે પણ વોલ્ટેજનું વિતરણ કરી શકે છે.

*લાઇટ્સ*

ઘરની લાઇટિંગ સિસ્ટમમાં એમસીબીનો ઉપયોગ થાય છે, કારણ કે તે ઘરને પ્રકાશિત કરવા માટે જરૂરી પાવરનો ઉપયોગ કરી શકે છે, ખાસ કરીને જો ફ્લોરોસન્ટ લાઇટ જેવા ચોક્કસ પ્રકારના લેમ્પનો ઉપયોગ કરવામાં આવે. એમસીબી લાઇટ ચાલુ કરતી વખતે વધારાની પાવરની જરૂરિયાતને દૂર કરે છે, ખાસ કરીને જ્યારે આખા ઘરમાં લાઇટનો વ્યાપક ઉપયોગ થાય છે.

***ઔદ્યોગિક ઉપયોગો***

ઘણા નાના પાયે ઔદ્યોગિક ઇમારતો છે જ્યાં જૂના ફ્યુઝને બદલે એમસીબીનો ઉપયોગ થાય છે. મિનિએચર સર્કિટ બ્રેકર્સનો ઉપયોગ મોટાભાગે રેસ્ટોરાં, બેકરીઓ અને કમર્શિયલ ફૂડ સ્ટોર્સમાં થાય છે.

*હીટર*

જ્યારે ઘરમાં કે ઓફિસમાં હીટરનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે એમસીબી ફાયદાકારક સાબિત થઈ શકે છે. સામાન્ય રીતે એ વાત જાણીતી છે કે હીટર ક્યારેક સમસ્યારૂપ બની શકે છે, ખાસ કરીને ઇલેક્ટ્રિકલ પાવરના ડિસ્ટ્રીબ્યુશનમાં. ઓવરલોડ અથવા ખામીના કિસ્સામાં એમસીબી વીજળી કાપી નાખીને થઇ શકતી સમસ્યાઓને અટકાવે છે. જોકે, આ કિસ્સામાં, તમારે યોગ્ય ક્ષમતાનું મિનિએચર સર્કિટ બ્રેકર પસંદ કરવાની જરૂર છે, જે જરૂર પડ્યે તેને પાવરના લોડને સંભાળવા સક્ષમ બને છે.

## કોન્ડુઇટ વાયરિંગ

હાલમાં, રેલ્વે ટ્રેકના વીજળીકરણને કારણે, 11kV અને એલ.ટી. ક્રોસિંગને જમીનની નીચે કેબલ નાખીને કરવા પડે છે.

### *ખાસ સૂચનાઓ*

(a) પાવર લાઇન હંમેશા ઉપર મુજબ ગાર્ડ કરેલ હોવી જોઈએ.

(b) ગાર્ડ-વાયર અને ટેલિફોન લાઇન વચ્ચેનું અંતર ઓછામાં ઓછું 920 mm હોવું જોઈએ.

(c) 66 KV અને તેથી વધુ માટે ટેલિફોન ક્રોસિંગ ટેલિફોન વિભાગ દ્વારા કરવામાં આવે છે. પાવર લાઇન અને ટેલિફોન લાઇન વચ્ચેનું ક્લિયરન્સ નીચે મુજબ હોવું જોઈએ:

66 KV અને 132 KV - - 2750 mm (9')

220 KV અને 400 KV -- 4575 mm (15')

## એચ.ટી./એલ.ટી. લાઇન પર ફિટિંગ એસેસરીઝ

પોલ ઇરેક્શન પછી એસેસરીઝને ફિક્સ કરવી જરૂરી છે. લાઇન એસેસરીઝ બે પ્રકારના હોય છે.

(a) કંડક્ટર એસેસરીઝ

(b) પોલ એસેસરીઝ

### *a. કંડક્ટર એસેસરીઝ*

**1. બાઇન્ડીંગ ટેપ**: બાઇન્ડીંગ ટેપનો ઉપયોગ પિન ઇન્સ્યુલેટર, શેકલ અથવા લાઇન ઇન્સ્યુલેટરને કંડક્ટર સાથે જોડવા માટે થાય છે. ટેપ કંડક્ટર પર વીંટાળેલી હોય છે. બાઇન્ડીંગ ટેપનું ધાતુ કંડક્ટર જેવું જ હોવું જોઈએ.

નોંધ

પ્રથમ સ્તર વાયરના વળાંકની દિશામાં વાયરને વીંટવામાં આવે છે અને બીજો સ્તર વળાંકની વિરુદ્ધ હોય છે. જે ભાગ પર બાઇન્ડીંગ વાયર લગાવવાનો છે તે ભાગ પર બંને બાજુથી 25 mm વધુ ટેપ લગાવવી જોઈએ. આ ટેપનો ઉપયોગ ઘર્ષણને કારણે કંડક્ટરને તૂટી જવાથી બચાવા માટે થાય છે.

**2. બાઇન્ડીંગ વાયર:** તેનો ઉપયોગ ઇન્સ્યુલેટરને કંડક્ટર સાથે જોડવા માટે થાય છે.

**3. પી.જી. ક્લેમ્પ:** તેનો અર્થ છે પેરેલલ ગ્રુવ ક્લેમ્પ થાય છે. આનો ઉપયોગ જમ્પ વાયરને જોડવા માટે થાય છે. પી.જી. ક્લેમ્પ પર લાઇન ટેન્શન આપી શકાતું નથી. બાય-મેટાલિક પી.જી. ક્લેમ્પ બે અલગ અલગ ધાતુઓમાંથી બને છે અને પી.જી. ક્લેમ્પના સમાન પ્રકારના ધાતુના ગ્રુવમાં એક જ ધાતુના કંડકટરનો ઉપયોગ થાય છે.

**4. ટી ક્લેમ્પ:** સબસ્ટેશનમાં જમ્પ્સને જોડવા માટે ટી ક્લેમ્પનો ઉપયોગ થાય છે અને તે ટેંશન ટકાવી શકતા નથી.

### *b.* પોલ એસેસરીઝ

મુખ્ય પોલ એસેસરીઝમાં ક્રોસ આર્મ્સ, ક્લેમ્પ્સ, ઇન્સ્યુલેટર, એલ્યુમિનિયમ બોબિન્સ, નટ અને બોલ્ટ્સ, સ્ટે ક્લેમ્પ વગેરેનો સમાવેશ થાય છે.

## અર્થિંગ

અર્થિંગ સામાન્ય રીતે 20 સપ્ટેમ્બર 2010 ના રોજ સલામતી અને વીજળી પુરવઠા સંબંધિત પગલાં માટે સીઈએ નિયમોની જરૂરિયાતો અને સંબંધિત વીજળી પુરવઠા સત્તામંડળના સંબંધિત નિયમો અનુસાર અને નીચે મુજબ કરવામાં આવે છે:

1. બધા ધાતુના સપોર્ટ, ફિટિંગ વગેરે કાયમી અને કાર્યક્ષમ રીતે અર્થ કરેલા હોવા જોઈએ. 1.609 કિ.મી.માં 4 પોઇન્ટ પર અર્થિંગવાળા લાંબા વાયર ચલાવી શકાય છે અથવા દરેક સ્વતંત્ર માળખાને કાર્યક્ષમ રીતે અર્થ કરેલા હોવા જોઈએ.
2. તેવી જ રીતે ગ્રાહકના પરિસરમાં યોગ્ય અર્થિંગ પોઇન્ટ પૂરા પાડવામાં આવશે. ગ્રાહકે સ્વતંત્ર અર્થિંગ સ્થળોની વ્યવસ્થા કરવી પડશે.
3. સબ-સ્ટેશન માળખાં વગેરેમાં બે સ્વતંત્ર અર્થિંગ પોઇન્ટ હોવા જોઈએ. આ એકબીજા સાથે જોડાયેલા હોવા જોઈએ અથવા સબ-સ્ટેશન વિસ્તારમાં અર્થ પોઇન્ટ સાથે જોડવા માટે મેટિંગ બિછાવી શકાય છે.

નોંધ

4. આરસીસી/પીસીસી પોલ માટે, એચટી લાઇન માટે દરેક પોલ પર અને એલટી લાઇન માટે દરેક 5મા પોલ પર મેટલ ક્રોસ-આર્મ્સ અને ઇન્સ્યુલેટર પિનને બોન્ડ કરીને અર્થ કરવામાં આવશે.
5. બધા ખાસ માળખાં જેના પર સ્વિચ, ટ્રાન્સફોર્મર, ફ્યુઝ વગેરે લગાવવામાં આવે છે તે અર્થ કરેલા હોવા જોઈએ.
6. રસ્તા, રેલ્વે અથવા નદી ક્રોસિંગની બંને બાજુના સપોર્ટ અર્થ કરેલા હોવા જોઈએ.
7. વસ્તીવાળા વિસ્તારો, રોડ ક્રોસિંગ અને આવા અન્ય સ્થળોએ પસાર થતી એચટી અને એલટી લાઇનના બધા સપોર્ટ (મેટલ, આરસીસી/પીસીસી) અર્થ કરેલા હોવા જોઈએ, જ્યાં સલામતીના કારણોસર બધા થાંભલાઓનું અર્થિંગ ઇચ્છનીય માનવામાં આવે છે.

ખાસ સ્થળોએ, રેલ્વે અને ટેલિગ્રાફ લાઇન ક્રોસિંગ, ખાસ માળખાં વગેરેમાં, પાઇપ/રોડ અર્થિંગ કરવું જોઈએ. અન્ય સ્થળોએ કોઇલ અર્થિંગ અપનાવી શકાય છે. કોઇલ અર્થિંગમાં 10 મીટર લંબાઈ 8 એસડબ્લ્યુજી જી.આઇ. વાયર હોય છે જે 450 mm લંબાઈ અને 50 mm વ્યાસવાળા કોઇલમાં હોય છે અને 1500 mm ઊંડા નાખવામાં આવે છે.

## અર્થિંગ અને તેના પ્રકાર

લાઇન અને ઇલેક્ટ્રિકલ સાધનોને અર્થિંગ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. અર્થિંગ વિના તે ઇલેક્ટ્રિકલી અસુરક્ષિત રહેશે. અર્થ સાથે મજબૂત રીતે જોડાયેલા ઉપકરણોના પોલ/બોડીને અર્થિંગ કહેવામાં આવે છે.

### *1. ઇલેક્ટ્રિકલ સપોર્ટ અને સાધનો માટે*

શોર્ટ સર્કિટ અથવા લીકેજના કિસ્સામાં, કરંટ અર્થમાં ન્યૂનતમ રેઝિસ્ટન્સ સાથે પસાર થશે જેથી મહત્તમ કરંટ અસરગ્રસ્ત સર્કિટમાંથી વહેશે જેથી ફ્યુઝ ઉડી જશે અથવા સર્કિટ બ્રેકર ટ્રીપ થશે. આ ખામીયુક્ત લાઇન અથવા સાધનોને લાઇવ સર્કિટથી અલગ કરશે.

### *2. ટ્રાન્સફોર્મર ન્યુટ્રલ અર્થિંગ*

(a) લીકેજ અથવા અસંતુલિત કરંટનો માર્ગ ન્યૂનતમ રેઝિસ્ટન્સ સાથે હશે.

(b) સંવેદનશીલ રક્ષણાત્મક ઉપકરણો યોગ્ય રીતે કાર્ય કરે છે. (અર્થ ફોલ્ટ રિલે)

(c) તે વીજળી પડવા અથવા સ્વિચિંગ સર્જને કારણે લાઇનોને વધુ પડતા ઊંચા વોલ્ટેજ પર ચાર્જ થતા અટકાવે છે.

(d) ન્યુટ્રલ અર્થિંગમાં રેઝિસ્ટન્સને જોડીને, ફોલ્ટ કરંટ નિયંત્રિત થાય છે.

(e) તે ન્યુટ્રલ વોલ્ટેજ હંમેશા શૂન્ય રાખવામાં મદદ કરે છે.

### *3. લાઈટનિંગ અરેસ્ટર માટે*

લાઈટનિંગ અરેસ્ટર અથવા અર્થિંગ, ખૂબ જ ઓછા રેઝિસ્ટન્સ સાથે લાઈટનિંગ ચાર્જને ડિસ્ચાર્જ કરે છે, જે માળખાને થઇ શકતા નુકસાન અટકાવે છે. આ માટે, ખૂબ જ ઓછો અર્થ રેઝિસ્ટન્સ જરૂરી છે. આ ગુણવત્તા અર્થ ઇલેક્ટ્રોડને ભીની માટી સુધી જમીનમાં ઊંડે સુધી નાખીને પ્રાપ્ત કરી શકાય છે.

અર્થ ટેસ્ટર અર્થ રેઝિસ્ટન્સને માપે છે અને તેનું એકમ ઓહ્મ છે.

લાઇન અને ઇલેક્ટ્રિકલ ઉપકરણોને અર્થિંગ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. અર્થિંગ વિના તે ઇલેક્ટ્રિકલી અસુરક્ષિત રહેશે. પૃથ્વી સાથે મજબૂત રીતે જોડાયેલા ઉપકરણોના થાંભલા/બોડીને અર્થિંગ કહેવામાં આવે છે.

## અર્થિંગની પદ્ધતિઓ

આરઈસી બાંધકામ ધોરણો મુજબ, બે પ્રકારના અર્થિંગ હોય છે:

1. આરઈસી બાંધકામ ધોરણ J-1 કોઇલ અર્થિંગ (ચિત્ર 4.45)
2. આરઈસી બાંધકામ ધોરણ J-2 પાઇપ અર્થિંગ અથવા સ્પાઇક અર્થિંગ (ચિત્ર 4.46)




*ચિત્ર. 4.46 પાઇપ અર્થિંગ*

નોંધ:

1. બધા પરિમાણો mmમાં છે
2. અર્થ ટર્મિનલ જી.આઇ થી બનેલું હોવું જોઈએ
3. ટોલેરેન્સ બનાવે છે
4. ક્લેમ્પને સ્પાઇકમાં વેલ્ડ કરવાનો છે
5. આખી એસેમ્બલી હોટ ડીપ ગેલ્વેનાઈઝ્ડ હોવી જોઈએ (બીઆઇએસ: 2629 અને 4759)

નોંધ




*ચિત્ર. 4.45 કોઇલ અર્થિંગ*

6. બધા એમએસ (હળવા સ્ટીલ) ના ભાગ બીઆઇએસ: 2062 મુજબ હોવા જોઈએ.

7. ઉલ્લેખિત વજન ફક્ત પેકિંગ અને ફોરવર્ડિંગ હેતુ માટે છે.

## અર્થ રેઝિસ્ટન્સ

(a) અર્થ રેઝિસ્ટન્સ નીચેના પરિબળો પર આધારિત છે:

(i) માટીનો પ્રકાર

(ii) પૃથ્વીનું તાપમાન

(iii) પૃથ્વીમાં ભેજ

(iv) પૃથ્વીમાં ખનિજો

(v) અર્થમાં ઇલેક્ટ્રોડની લંબાઈ

(vi) ઇલેક્ટ્રોડનો આકાર અને કદ

(vii) બે ઇલેક્ટ્રોડ વચ્ચેનું અંતર

(viii) ઇલેક્ટ્રોડની સંખ્યા

(b) મહત્તમ માન્ય અર્થ રેઝિસ્ટન્સ નીચે મુજબ છે.:

(i) મુખ્ય પાવર સ્ટેશન 0.5 ઓહ્મ

(ii) મુખ્ય સબ-સ્ટેશન 1.0 ઓહ્મ

(iii) નાના સબ-સ્ટેશન 2 ઓહ્મ

(iv) ન્યુટ્રલ બુશિંગ 0.2 ઓહ્મ

(v) સર્વિસ જોઈન્ટ 4 ઓહ્મ

(vi) એલ.ટી લાઇટનિંગ અરેસ્ટર 4 ઓહ્મ

(vii) એલ.ટી. પોલ 5 ઓહ્મ

(vii) એચ.ટી. પોલ 10 ઓહ્મ

(viii) ટાવર 20-30 ઓહ્મ

જો અર્થનો રેઝિસ્ટન્સ ઉપરોક્ત મૂલ્યો કરતા વધુ હોય, તો રેઝિસ્ટન્સ ઘટાડવા માટે નીચે આપેલ ઉકેલ કરી શકાય છે.

(i) જોઈન્ટ પરનું ઓક્સિડેશન દૂર કરવું જોઈએ અને જોઈન્ટને ટાઈટ કરવા જોઈએ.

(ii) અર્થ ઇલેક્ટ્રોડમાં પૂરતું પાણી રેડવું જોઈએ.

(iii) સૌથી મોટા મૂલ્યના અર્થ ઇલેક્ટ્રોડનો ઉપયોગ કરવો જોઈએ.

(iv) ઇલેક્ટ્રોડને પેરેલલ રીતે જોડવા જોઈએ.

(v) વધુ ઊંડાઈ અને પહોળાઈનો માટીનો ખાડો બનાવવો જોઈએ.

## એન્ટી-ક્લાઇમ્બિંગ ઉપકરણ

અનધિકૃત વ્યક્તિઓને સીડી અથવા ખાસ ઉપકરણોની સહાય વિના એચટી અને એલટી લાઇનના કોઈપણ સપોર્ટ પર ચઢતા અટકાવવા માટે, સપોર્ટ પર ચોક્કસ એન્ટી-ક્લાઇમ્બિંગ ઉપકરણ પૂરા પાડવામાં આવે છે. સામાન્ય રીતે બે પદ્ધતિઓ અપનાવવામાં આવે છે:

(i) જમીનના સ્તરથી 3.5 મીટર થી 4 મીટરની ઊંચાઈએ 30 cm થી 40 cmના અંતરે કાંટાળા વાયર બાંધવા,

(ii) 3 મીટર થી 4 મીટરની ઊંચાઈએ બહાર નીકળેલા સ્પાઇક્સવાળા ક્લેમ્પ્સ.

## ટેસ્ટિંગ અને કમિશનિંગ

જ્યારે લાઇન ચાલુ થવા માટે તૈયાર હોય, ત્યારે તેનું નીચેની બાબતોમાં સંપૂર્ણ નિરીક્ષણ કરવું જોઈએ.

1. થાંભલાઓ - યોગ્ય ગોઠવણી, સંકલન અને મફિનિંગ.

2. ક્રોસ-આર્મ્સ - યોગ્ય ગોઠવણી.

નોંધ

નોંધ

3. બાઇન્ડીંગ, ક્લેમ્પ્સ અને જમ્પર્સ — આ પહોંચમાં છે કે નહીં તે તપાસવા માટે.

4. કંડક્ટર અને ગ્રાઉન્ડ વાયર — યોગ્ય સેગ અને કોઈ કાપ છે કે નહીં તે તપાસવા માટે, વગેરે.

5. ગાય — ગાય વાયર ટાઈટ છે કે નહીં અને ગાય ઇન્સ્યુલેટર અકબંધ છે કે નહીં તે તપાસવા માટે.

અર્થિંગ સિસ્ટમ: અર્થિંગ કનેક્શન સપોર્ટ અને ફિટિંગ અકબંધ છે કે નહીં તે ચકાસવા માટે નીચેના પગલાં લેવા જોઈએ. અર્થ ટેસ્ટર વડે અર્થ રેઝિસ્ટન્સ માપો. દ્રશ્ય નિરીક્ષણ પૂર્ણ થયા પછી અને સંતોષ થાય, તો મેગોહમીટર અથવા મેગર દ્વારા કંડક્ટરની કન્ટિન્યુટી /ગ્રાઉન્ડ માટે પરીક્ષણ કરવામાં આવે છે. મેગર દ્વારા પરીક્ષણ સમયે, વ્યક્તિએ પોલ પર ચઢવું જોઈએ નહીં અથવા ગાર્ડિંગ, કંડક્ટર, ગાય વાયર વગેરેને સ્પર્શ કરવો જોઈએ નહીં.

1. કોઈપણ નવી લાઇન ચાર્જ કરતા પહેલા, ખાતરી કરવી જોઈએ કે નવી લાઇન માટે જરૂરી નિરીક્ષણ ફી ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટરને ચૂકવવામાં આવી છે અને લાઇન ચાર્જ કરવા માટે તેમની પાસેથી મંજૂરી લેવામાં આવી છે.

2. લાઇનને અધિકૃત અધિકારી સમક્ષ ચાલુ કરવી જોઈએ.

3. કોઈપણ નવી લાઇન શરૂ કરતા પહેલા, લાઇનના ઇન્ચાર્જ અધિકારીએ કામદારોને જાણ કરવી જોઈએ કે લાઇન ચાલુ થઈ રહી છે અને હવે લાઇન પર કામ કરવું સલામત નથી. બધા કામદારોને જાણ કર્યાની લેખિત સ્વીકૃતિ લેવી જોઈએ.

4. જે વિસ્તારોમાંથી લાઇનને ઉર્જા આપવાની છે તે તમામ વિસ્તારોમાં વ્યાપક પ્રચાર થવો જોઈએ. ઉર્જા આપવાનો સમય અને તારીખ જણાવવી જોઈએ અને લાઇનમાં દખલ કરવાના જોખમ સામે લોકોને ચેતવણી આપવી જરૂરી છે.

5. લાઇનના ઇન્ચાર્જ અધિકારીએ વ્યક્તિગત રીતે ખાતરી કરવી જોઈએ કે તે ઉર્જા આપવા માટે યોગ્ય સ્થિતિમાં છે.

## ફ્યુઝના સંચાલનનો સિદ્ધાંત

ફ્યુઝના સંચાલનમાં ઇલેક્ટ્રિક કરંટની ગરમીની અસરનો ઉપયોગ થાય છે (ચિત્ર 4.47). સર્કિટમાં ઇલેક્ટ્રિક કરંટમાં કોઈપણ વધારો ગરમી ઉત્પન્ન થવાના દરમાં વધારો કરે છે જે ફ્યુઝ વાયરનું તાપમાન વધારશે.

જો આ તાપમાન ફ્યુઝ વાયરના ગલનાંકથી ઉપર હોય, તો ફ્યુઝ કાર્યરત હોવો જોઈએ.

ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમમાં વપરાતા રેગ્યુલેટર વોલ્ટેજ રેગ્યુલેટર છે જેનો ઉપયોગ ડિસ્ટ્રીબ્યુશનના અંતે વોલ્ટેજને સમાયોજિત કરવા માટે થાય છે. સ્ટેપ પ્રકારનું વોલ્ટેજ રેગ્યુલેટર ઇનકમિંગ વોલ્ટેજ લે છે જે લોડની સ્થિતિ સાથે બદલાય છે અને સ્થિર આઉટપુટ વોલ્ટેજ જાળવી રાખે છે. જેમ જેમ ડિસ્ટ્રીબ્યુશન ફીડર સાથે લોડિંગ વધશે તેમ તેમ વોલ્ટેજ ઘટશે. વોલ્ટેજમાં આ ઘટાડો લોડના લાઇટિંગ ભાગ દ્વારા વપરાતી પાવરની માત્રા ઘટાડે છે. બે પ્રકારના રેગ્યુલેટર છે: સિંગલ ફેઝ રેગ્યુલેટર અને થ્રી ફેઝ રેગ્યુલેટર (ચિત્ર 4.48).


ચિત્ર 4.47 ફ્યુઝ


ચિત્ર 4.48 વોલ્ટેજ રેગ્યુલેટર

## ઓટો રી-ક્લોઝર

(a) રી-ક્લોઝર એક સુરક્ષા ઉપકરણ છે (ચિત્ર 4.49):

- ઓવરહેડ પાવર લાઇન માટે
- તે ફોલ્ટ કરંટને હેન્ડલ કરવા માટે રચાયેલ સર્કિટ બ્રેકર છે
- ફોલ્ટ પર રી-ક્લોઝ કરવા માટે બનાવેલ છે

## સેક્શનલાઈઝર

(a) સેક્શનલાઈઝર એ લોડ બ્રેક સ્વિચ છે:

- તેનો ઉપયોગ "રી-ક્લોઝર" અથવા "સર્કિટ બ્રેકર" સાથે થાય છે.
- તે ફોલ્ટ સિક્વન્સ દરમિયાન રી-ક્લોઝર દ્વારા સર્જાયેલા વિક્ષેપની ગણતરી કરે છે.


ચિત્ર 4.49 ઓટો રી-ક્લોઝર

# તમારી પ્રગતિ તપાસો

A. ખાલી જગ્યાઓ ભરો

1. બધા ખૂણા _______________ માં ડબલ પોલ (ડીપી) સ્ટ્રક્ચર જરૂરી છે.
2. 11 KV લાઇનમાં _________________ દથાંભલા 1 કિમીના અંતરે ઉભા કરવામાં આવે છે.
3. ગાય સ્ટ્રેન ઇન્સ્યુલેટર ગાયના નીચેના ભાગમાં _______ મૂકવામાં આવે છે.
4. કંડક્ટર અથવા વાયર સાથે જોડાણને _______ કહેવામાં આવે છે.
5. ક્રોસ આર્મ્સ અને ________ ને જરૂરી ક્લેમ્પ્સ, બોલ્ટ અને નટ્સ સાથે સપોર્ટ પર લગાવવામાં આવે છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. એલ્યુમિનિયમ કંડક્ટરનો ઉપયોગ કરીને કયા પ્રકારનો જોઈન્ટ બનાવવામાં આવે છે?
   (a) કમ્પ્રેશન (b) મેરીડ
   (c) સ્લીવ (d) બ્રિટાનિયા

નોંધ

2. આમાંથી કયો પોર્સેલેઇન ઇન્સ્યુલેટરનો પ્રકાર નથી?

(a) પિન પ્રકાર (b) સ્ટ્રેન પ્રકાર

(b) બ્રિટાનિયા (d) શેકલ પ્રકાર

3. સ્ટે બાંધતી વખતે, થાંભલો નમેલો ન હોવો જોઈએ.

(a) ખોટું (b) સાચું

4. ડાયમંડ ગાર્ડિંગનો ઉપયોગ _____ માટે થાય છે.

(a) એલટી લાઇન (b) એચટી લાઇન

(c) એચટી અને એલટી બંને (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં

5. 11 KV લાઇનનો સરેરાશ સ્પાન _______ છે.

(a) 50 મીટર (b) 2. 60 મીટર

(c) 3. 75 મીટર (d) 4. 100 મીટર

B. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. ગાર્ડિંગના મહત્વની ચર્ચા કરો. ગાર્ડિંગના પ્રકારો સમજાવો.
2. અર્થનો રેઝિસ્ટન્સ કયા પરિબળો પર આધારિત છે તેની યાદી બનાવો.
3. લાઇટનિંગ અરેસ્ટર અર્થિંગમાં કેવી રીતે મદદ કરે છે?

## સત્ર 4: ડિસ્ટ્રીબ્યુશન લાઇનની જાળવણી

સક્ષમ અધિકારી દ્વારા લાઇનો અને સાધનોનું નિરીક્ષણ થવું જોઈએ. નિરીક્ષણ દરમિયાન નીચેના મુદ્દાઓનું ધ્યાન રાખવું જરૂરી છે:

1. વર્તમાનના સબસ્ટેશન માટે, લેઆઉટ મંજૂરી મુજબ કામ કરવું જોઈએ.
2. નીચેના ક્રોસિંગનું નિરીક્ષણ કરતી વખતે, કાનૂની મંજૂરીઓ સુનિશ્ચિત કરવી જોઈએ:
   (a) રેલ્વે ક્રોસિંગ
   (b) પી અને ટી ક્રોસિંગ
   (c) જંકશન
   (d) રોડ ક્રોસિંગ
3. એક જ સપોર્ટ પર કાર્યરત અલગ અલગ વોલ્ટેજ ધરાવતી લાઇન માટે યોગ્ય ક્લિયરન્સ મેળવવામાં આવે છે તેની ખાતરી કરો.
4. જરૂરિયાત અને મંજૂરીઓના આધારે ડીપી અને કટ પોઈન્ટનું નિરીક્ષણ કરવું જોઈએ.
5. સ્થાનિક વસાહતોમાં લાઇન ચલાવતી વખતે પૂરતી સલામતી અને ક્લિયરન્સની ખાતરી કરવી જોઈએ.

6. યોગ્ય અર્થિંગ હોવું જોઈએ.

7. કોઈપણ ક્રોસિંગ, શક્ય હોય ત્યાં સુધી જમણો ખૂણે હોવું જોઈએ.

8. જરૂરિયાત મુજબ યોગ્ય ક્રોસ આર્મ્સ, એક્સટેન્શન ક્રોસ આર્મ્સ સુનિશ્ચિત કરવા જોઈએ.



*ચિત્ર. 4.50 પાવર ડિસ્ટ્રીબ્યુશન લાઇન્સ*

## જાળવણી

જ્યારે ઓવરહેડ લાઇન ફોલ્ટ પર ટ્રિપ થાય છે, ત્યારે ફોલ્ટની પ્રકૃતિ શોધવા માટે તેનું નિરીક્ષણ કરવું જોઈએ જેમ કે છૂટું પડવું, કંડકટરનું તૂટવું, લાઇનોને સ્પર્શતી ઝાડની ડાળીઓ, ક્રોસ આર્મ પર કંડકટરનું પડવું (ચિત્ર 4.50). ભવિષ્યમાં આવા ફોલ્ટનું પુનરાવર્તન ટાળવા માટે સમાધાન શોધીને અને ટૂંક સમયમાં હાથ ધરવું જોઈએ (ચિત્ર 4.51). નિયમનોની જોગવાઈઓ અનુસાર, કરંટ/પાવર સપ્લાય બંધ થવું, વોલ્ટેજમાં વધઘટ, લોડ શેડિંગ અને નિશ્ચિત આઉટેજ અંગેની ફરિયાદોનું નિરાકરણ વરિષ્ઠ લાઇનમેન દ્વારા કરવામાં આવશે. પરિસરમાં કરંટ ન હોવા અથવા પાવર સપ્લાય બંધ થવા જેવી સમસ્યાઓ વિવિધ કારણોસર થઈ શકે છે જેમ કે:

- ફ્યુઝ ઉડી જવો/એમસીબીનું ટ્રીપ થવું
- બળી ગયેલું મીટર
- તૂટેલી સર્વિસ લાઇન
- પોલ પરથી સર્વિસ લાઇન તૂટી જવું
- ડિસ્ટ્રીબ્યુશન મેઇનમાં ખામી
- ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરનું ફેલ્યર
- એચટી સિસ્ટમમાં ખામી
- ગ્રીડ (33 kV અથવા 66 kV) સબસ્ટેશનમાં સમસ્યા
- આયોજિત/નિશ્ચિત/કટોકટી જાળવણી કાર્ય
- લોડ શેડિંગ
- સ્ટ્રીટ લાઇટની ફરિયાદ



*ચિત્ર. 4.51 ઓવરહેડ લાઇન્સ પર પક્ષીઓના જોખમોને ઘટાડવું*

## ચોમાસા પહેલાનું નિરીક્ષણ

સપ્લાય વગર ઓવરહેડ લાઇન સાથે કરવામાં આવતા નિરીક્ષણને ચોમાસા પહેલાનું નિરીક્ષણ કહેવામાં આવે છે. અગાઉથી, યોગ્ય સાધનો અને ઉપકરણો સાથે તેનું આયોજન કરવું જોઈએ (ચિત્ર 4.52 અને 4.53).

**ચોમાસા પહેલાના નિરીક્ષણમાં નીચે મુજબનો સમાવેશ થાય છે**

1. વૃક્ષને યોગ્ય રીતે કાપવું જોઈએ.
2. લાઇનનું ઝૂલવું ઓછું કરવું જોઈએ.
3. નમેલા થાંભલાઓને બરાબર કરવા જોઈએ.
4. લાઇનને યોગ્ય બોલ્ટ અને નટ વડે ટાઈટ કરીને યોગ્ય રીતે ગોઠવવી જોઈએ.
5. અર્થિંગ તપાસવું જોઈએ.
6. ફાટેલા ઇન્સ્યુલેટર/ફ્લેશ ઓવર ઇન્સ્યુલેટર બદલવા જોઈએ.
7. કટ પોઈન્ટ પર જમ્પર્સ તપાસવા જોઈએ.
8. સ્ટે વાયર યોગ્ય રીતે ગોઠવાયેલા હોવા જોઈએ.



*ચિત્ર. 4.52 ઓવરહેડ ડિસ્ટ્રીબ્યુશન લાઇનનું ઝૂલવું*


*ચિત્ર. 4.53 પાવર ડિસ્ટ્રીબ્યુશન લાઇનનું નિરીક્ષણ*

### *11 kV લાઇન્સની જાળવણી*

વિક્ષેપો ઘટાડવા અને વીજ પુરવઠાની કાર્યક્ષમતા સુધારવા માટે 11 kV લાઇનોની જાળવણી જરૂરી છે. ઓવરહેડ લાઇનોનું સમયાંતરે નિરીક્ષણ કરવું જોઈએ જેથી કોઈપણ ખામી શોધી શકાય જેનાથી વીજ પુરવઠો ખોરવાઈ શકે. જ્યારે ઓવરહેડ લાઇન ટ્રીપ થાય છે, ત્યારે ખામીનો પ્રકાર શોધવા માટે તેનું નિરીક્ષણ કરવું જોઈએ.


*ચિત્ર. 4.54 લો ટેન્શન ડિસ્ટ્રીબ્યુશન લાઇન્સ (એલટી)*

## લો ટેન્શન (એલટી) લાઇન જાળવણી

એલટી લાઇન (ચિત્ર 4.54) જાળવણીમાં સામેલ છે:

1. થાંભલાઓનું સંરેખણ
2. ક્ષતિગ્રસ્ત સર્વિસ વાયર બદલવું
3. પક્ષીઓના માળાઓ દૂર કરવા
4. વૃક્ષની મંજૂરી
5. પોલ ફિટિંગ અને સ્ટ્રીટ લાઇટ બ્રેકેટની તપાસ
6. એલટી કંડકટરને નુકસાનની કાળજીપૂર્વક તપાસ જેમ કે કંડકટર પર કાળા ડાઘ

## ગ્રાઉન્ડ પેટ્રોલ

જ્યારે લાઇન લાઈવ હોય ત્યારે જમીનના સ્તરે ઓવરહેડ લાઇનનું સમયાંતરે પેટ્રોલિંગ (એક મહિનાથી વધુ નહીં) ને ગ્રાઉન્ડ પેટ્રોલ (પોલથી પોલ નિરીક્ષણ) પોલ જાળવણી કહેવામાં આવે છે. નીચેની બાબતો તપાસવી જોઈએ:

- થાંભલાનું ઝૂકવું (ચિત્ર 4.55)
- થાંભલાની આસપાસ માટીનું ધસી જવું
- જમીનના સ્તરે ધાતુને કાટ લાગવો (આરએસજે થાંભલા)
- પ્રીસ્ટ્રેસ્ડ સિમેન્ટ કોંક્રિટ થાંભલા (પીએસસીસી) માં તિરાડો.



ચિત્ર. 4.55 ઢીલા પાયાને કારણે થાંભલાનું ઝૂકવું.

## ક્રોસ આર્મ્સ

ક્રોસ આર્મ્સને જાળવી રાખતી વખતે નીચેની બાબતો તપાસવી જોઈએ:

- ક્રોસ આર્મ્સનું નમવું
- ક્રોસ આર્મ્સને કાટ લાગવો
- ક્રોસ આર્મ પર પક્ષીનો માળો અથવા વેલ (ચિત્ર 4.56)

## બાઈન્ડીંગ

પેટ્રોલિંગ કરતી વખતે બાઈન્ડીંગનું ઢીલા થવા અને કપાવવા માટેનું કાળજીપૂર્વક અવલોકન કરવું જોઈએ.



*ચિત્ર. 4.56 ક્રોસ આર્મ પર પક્ષીઓનો માળો*





*ચિત્ર. 4.57 કંડકટર ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ*

## કંડક્ટર

કંડક્ટરની જાળવણી કરતી વખતે નીચેની બાબતો તપાસવી જોઈએ (ચિત્ર 4.57):

- કપાયેલા સેર, બળવાના નિશાન અને કાટ
- કંડક્ટરનું તૂટવું/ઢીલું પડવું
- કંડક્ટર પર પતંગો, લીલા વેલ દેખાવવા



*ચિત્ર. 4.58 સ્ટે વાયર*

## સ્ટે વાયર

સ્ટે વાયર જાળવતી વખતે નીચેની બાબતો તપાસવી જોઈએ (ચિત્ર 4.58):

- ગાય રોડ અને સ્ટે વાયર પર કાટ
- ગાય વાયરનું ટાઈટનેસ
- સ્ટે વાયર પર વેલ



*ચિત્ર. 4.59 એઓલિયન કંપન*



*ચિત્ર. 4.60 પાવર લાઇન ગેલોપિંગ*

## કંડક્ટરના નુકસાનના કારણો

**એઓલિયન કંપન:** તે પાવર ટ્રાન્સમિશન લાઇનમાં સૌથી મહત્વપૂર્ણ સમસ્યાઓમાંની એક છે કારણ કે તે કંડકટરના સેર અથવા ઉચ્ચ પવન દબાણ દરમિયાન કંડકટરના ટેકા, ઉપયોગ અને રક્ષણ સાથે સંકળાયેલી વસ્તુઓના તૂટવા, નિષ્ફળતાના મુખ્ય કારણ રજૂ કરે છે (ચિત્ર 4.59).




*ચિત્ર. 4.61 વોલ્ટેજ સંતુલન*




*ચિત્ર 4.62 વોલ્ટેજ અસંતુલન*



*ચિત્ર. 4.63 એર બ્રેક સ્વિચ*

**ગેલોપિંગ:** ઓવરહેડ પાવર લાઇનોનું ઉચ્ચ-કંપનવિસ્તાર, ઓછી-આવર્તનનું કંપન પવનને કારણે થાય છે. ઝૂલવાથી થતા કંપન અને ગેલોપ લાઇનો વચ્ચે શોર્ટ સર્કિટનું કારણ બને છે જેનાથી આર્કિંગને કારણે નુકસાન થાય છે. પીજી ક્લેમ્પ ઝૂલવાથી થતા કંપનથી બચાવવા માટે સેગ જાળવી રાખીને લાઇનો વચ્ચે સમાન અંતર જાળવી રાખે છે (ચિત્ર 4.60).

**અસંતુલિત લોડિંગ:** મુખ્ય લાઇન નિષ્ફળતાઓ અસંતુલિત લોડને કારણે થાય છે જ્યારે વન ફેઝ કંડકટર વધુ પડતા કરંટને કારણે વધુ ગરમ થઇને તૂટી જાય છે (ઓગળી જાય છે) (ચિત્ર 4.61, 4.62 અને 4.63).

**ઓવરલોડિંગ:** જ્યારે કોઈ લાઇન મહત્તમ કરંટ વહન કરવાની ક્ષમતા કરતાં વધુ લોડ થાય છે ત્યારે કંડક્ટર વધુ ગરમ થઈ જાય છે અને તૂટી જાય છે.

એર બ્રેક (એબી) સ્વિચને નીચેની બાબતો તપાસવા માટે જાળવણીની જરૂર છે:

- એબી સ્વિચ બંધ કરવામાં ખામી
- લોક ખૂટવું
- અર્થ વાયરને નુકસાન
- ઇન્સ્યુલેટર પર ધૂળ જમા થવી
- બ્લેડ/કોન્ટેક્ટનું બળવું

## 11 kV કેબલ અને કેબલ બોક્સ

- કેબલ અને કેબલ બોક્સનો યોગ્ય સપોર્ટ
- ઇન્સ્યુલેટરને નુકસાન અને બોક્સમાંથી કમ્પાઉન્ડ લીકેજ
- ઓવરહેડ લાઇન અને અર્થિંગ સાથે ટર્મિનલ કનેક્શન યોગ્ય

## ઇન્સ્યુલેટર ડિસ્ક

ઇન્સ્યુલેટરની સપાટી પર ભેજ અને ધૂળનાકણોને કારણે રેઝિસ્ટન્સ ઓછો થાય છે. આનાથી વીજળી પડવાના કિસ્સામાં નિશાનો ઉપર ફ્લેશ થાય છે (ચિત્ર 4.64).



*ચિત્ર. 4.64 પાવર લાઇન્સમાં વપરાતા ડિસ્ક ઇન્સ્યુલેટર*

### *ઇન્સ્યુલેટરના નુકસાનના કારણો*

1. તાપમાનમાં તફાવત અને ગરમી અને ઠંડીની ઋતુને કારણે, આખા ઓવરહેડ નેટવર્કના કંડકટર અને ઇન્સ્યુલેટર બંને પર વધારાનો ભાર રહે છે (ચિત્ર 4.65).
2. વરસાદની ઋતુ દરમિયાન ઇન્સ્યુલેટર ઉપરની ધૂળ વાહક બને છે અને નાની તિરાડો બનાવે છે જે લોડ અને વીજળીને કારણે મોટી તિરાડોમાં ફેરવાય છે.
3. પીજી ક્લેમ્પ્સને વધુ પડતા ટાઈટ કરવાથી ડિસ્ક ઇન્સ્યુલેટર, પિન ઇન્સ્યુલેટર અને કંડક્ટર પર અંતિમ પોઈન્ટ સુધી વધારાનો ભાર આવે છે અને કંડક્ટર તૂટે છે અને પિન ઇન્સ્યુલેટર પર ઘર્ષણ, ભાર આવે છે.



*ચિત્ર. 4.65 વાયર ઇન્સ્યુલેશનનું નુકસાન*



ચિત્ર. 4.66 મેગર

4. વીજળી અને સ્વિચિંગ સામે વીજળીના લાઇનોનું રક્ષણ કરવા માટે લાઈટનિંગ અરેસ્ટર (એલએ) સૌથી અસરકારક માધ્યમ હોવા છતાં, સ્પાર્કને કારણે એલએની નિષ્ફળતા ઇન્સ્યુલેટરના નુકસાનમાં સીધી અસર કરે છે.

લાઇન કંડક્ટર એકબીજાથી તેમજ પોલ 'ઇન્સ્યુલેટર'થી ઇલેક્ટ્રિકલી ઇન્સ્યુલેટેડ હોય છે. ઇન્સ્યુલેટર અને તેનું બાઈન્ડીંગ યાંત્રિક રીતે એટલું મજબૂત હોવા જોઈએ કે તે પવનના દબાણ અને પહોળાઈમાં કંડક્ટરના વજનના સંયુક્ત પ્રભાવને કારણે પરિણામી બળનો સામનો કરી શકે.


ચિત્ર. 4.67 અર્થ

## સામગ્રી પરીક્ષણ સાધનો

લાઇન કંડક્ટર એકબીજાથી તેમજ પોલ 'ઇન્સ્યુલેટર'થી ઇલેક્ટ્રિકલી ઇન્સ્યુલેટેડ હોય છે. ઇન્સ્યુલેટર અને તેનું બાઈન્ડીંગ યાંત્રિક રીતે એટલું મજબૂત હોવા જોઈએ કે તે પવનના દબાણ અને પહોળાઈમાં કંડક્ટરના વજનના સંયુક્ત પ્રભાવને કારણે પરિણામી બળનો સામનો કરી શકે.

પરીક્ષણ અને સમારકામ પ્રવૃત્તિ માટે સાધનોનો ઉપયોગ કરતા પહેલા યોગ્ય માપાંકન અને કામગીરીની બે વાર તપાસ કરવી જોઈએ (ચિત્ર 4.66, 4.67 અને 4.68). જો પરીક્ષણમાં ઉપયોગમાં લેવાતા સાધનો યોગ્ય રીતે કાર્ય અને માપાંકિત ન હોય, તો તે સાધનોનું યોગ્ય સમાયોજન કરશે નહીં જેનાથી સમગ્ર કનેક્ટેડ સિસ્ટમમાં ખામી સર્જશે. પરીક્ષણ અને સમારકામ પ્રવૃત્તિઓ માટે બનાવાયેલ તમામ ઉપકરણોને અન્ય ઉપકરણોથી અલગ રાખવા જોઈએ, અને નિર્ધારિત ધોરણો અનુસાર તેમની ચોકસાઈ અને કાર્યક્ષમતા માટે પરીક્ષણ કરવું જોઈએ.


ચિત્ર. 4.68 ઉપકરણો નું માપાંકન

**કોષ્ટક 4.7: લાઇન પેટ્રોલ લોગ શીટ**

| વસ્તુ નં. | નિરીક્ષણ દરમિયાન તપાસવાના મુદ્દાઓ અને ધ્યાનમાં આવેલી ખામીઓ | સ્થળની સંખ્યા | | | સુધારણા માટે લેવાયેલ પગલાં | નિરીક્ષણ અધિકારીની ટિપ્પણી |
|---|---|---|---|---|---|---|
| | **સામાન્ય** | | | | | |
| 1. | વૃક્ષો, ઝાડીઓ, છોડ વગેરેમાંથી કંડકટર અને થાંભલાઓ માટે પૂરતી ક્લિયરન્સ ઉપલબ્ધ છે | | હા | ના | | |
| 2. | બાંધકામ હેઠળના પડોશી માળખાં વગેરેમાંથી ઊભી અને આડી ક્લિયરન્સ પૂરતી છે. | | હા | ના | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3. | કોઈપણ નવા રસ્તા, ચેનલો, માટીના પાળા લાઇનની નજીક અથવા નીચે બાંધવામાં આવે છે જે ક્લિયરન્સ ઘટાડે છે | | હા | ના | | |
| | **થાંભલા** | | | | | |
| 4. | થાંભલો ઝૂકી રહ્યો છે અને જો એમ હોય તો તેને સીધો રાખવા માટે સ્ટે જરૂરી છે કે નહીં | | હા | ના | | |
| 5. | થાંભલાની આસપાસનો અર્થ ડૂબી ગયો છે અથવા ધોવાઈ ગયો છે | | હાડ | ના | | |
| 6. | જમીનના સ્તરે ધાતુ પર કાટ લાગી ગયો છે | | હા | ના | | |
| 7. | પીસીસી/આરસીસી થાંભલાઓમાં કોઈ તિરાડો પડી છે | | હા | ના | | |
| 8. | થાંભલો અકબંધ છે અને વાહનો અથડાવાથી થતી યાંત્રિક ઇજાથી મુક્ત છે. | | હા | ના | | |
| | **ક્રોસ આર્મ** | | | | | |
| 9. | ક્રોસ આર્મ પર જોવા મળતો કોઈપણ પક્ષી માળો, અથવા વેલ | | હા | ના | | |
| 10. | ક્રોસ આર્મ નમેલો છે | | હા | ના | | |
| 11. | ક્રોસ આર્મ પર કાટ લાગ્યો છે | | હા | ના | | |
| | **બાઇન્ડિંગ/ક્લેમ્પ/જમ્પર** | | | | | |
| 12. | બાઇન્ડિંગ/જમ્પર કપાયેલા છે, | | હા | ના | | |
| | **છૂટા, બળેલા અથવા બળીને કોલસો થઇ ગયેલા** | | હા | ના | | |
| 13. | પીજી ક્લેમ્પ્સના ગરમ થવા માટેના દૃશ્યમાન સંકેતો જોવા મળે છે | | હાડ | ના | | |
| 14. | કટ સ્ટ્રેન્ડ, અને બળી જવાના નિશાન, કાટ વગેરે જેવા દૃશ્યમાન જોખમો જોવા મળે છે | | હા | ના | | |
| 15. | કંડકટર ઢીલા છે, જેના કારણે સેગ વધે છે | | હા | ના | | |
| 16. | કંડકટર પર પતંગ અથવા વેલ જોવા મળે છે | | હા | ના | | |
| 17. | કંડકટર /ગ્રાઉન્ડ વાયર રસ્તાઓ, નદીઓ, ચેનલો, રેલ્વે અને ટેલિકોમ્યુનિકેશન સર્કિટ, ઘાસના ઢગલા વગેરે પર પૂરતો ક્લિયરન્સ ધરાવે છે. | | હા | ના | | |
| 18. | કંડકટર માટે પૂરી પાડવામાં આવેલ ગાર્ડિંગ અને અર્થ અકબંધ છે. | | હા | ના | | |
| | **ગાય** | | | | | |
| 19. | ગાય રોડ અને સ્ટે વાયરમાં કાટ જોવાઈ છે | | હા | ના | | |
| 20. | ગાય વાયર ટાઇટ છે | | હા | ના | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 21. | આપેલા ગાય ઇન્સ્યુલેટર અકબંધ છે | | હા | ના | | |
| 22. | સ્ટે વાયર પર કોઈ વેલ છે | | હા | ના | | |
| 23. | ગાયના ખાડા ધોવાઈ ગયા છે/ડૂબી ગયા છે | | હા | ના | | |
| 24. | સ્લીવ કોંક્રીટીંગ ક્રમમાં છે | | હા | ના | | |
| | **એબી સ્વિચ અને ફ્યુઝ** | | | | | |
| 25. | સ્વિચના ખામીયુક્ત બંધ થવા માટે કોઈ દ્રશ્ય સંકેત છે | | હા | ના | | |
| 26. | લોક નથી | | હા | ના | | |
| 27. | અર્થ વાયર કપાયેલો છે અથવા ક્ષતિગ્રસ્ત છે | | હા | ના | | |
| 28. | ઇન્સ્યુલેટર પર ખૂબ ધૂળ જમા થઈ ગઈ છે | | હા | ના | | |
| 29. | બ્લેડ/કોન્ટેક્ટ/આર્સિંગ હોર્ન બળી ગયા છે અથવા બળીને કોલસો થઇ ગયા છે. | | હા | ના | | |
| | **લાઈટનિંગ અરેસ્ટર** | | | | | |
| 30. | પોર્સેલેઇનને નુકસાન થયું છે | | હા | ના | | |
| 31. | લાઇન અને અર્થના જોડાણો અકબંધ છે | | હા | ના | | |
| 32. | લાઈટનિંગ અરેસ્ટર પંચર થયા છે તે દર્શાવતા કોઈ બાહ્ય સંકેત છે | | હા | ના | | |
| | **11 kV કેબલ અને કેબલ બોક્સ** | | | | | |
| 33. | કેબલ અને કેબલ બોક્સ યોગ્ય રીતે સપોર્ટેડ છે | | હા | ના | | |
| 34. | ઇન્સ્યુલેટર ક્ષતિગ્રસ્ત છે અને બોક્સમાંથી કમ્પાઉન્ડ લીક થઈ રહ્યું છે | | હા | ના | | |
| 35. | ઓવરહેડ લાઇન સાથે ટર્મિનલ કનેક્શન અકબંધ છે | | હા | ના | | |
| 36. | કેબલ બોક્સમાંથી અર્થિંગ લીડ અકબંધ છે | | હા | ના | | |
| | **અર્થિંગ સિસ્ટમ** | | | | | |
| 37. | મેટલ સપોર્ટ અને ફિટિંગના અર્થિંગ કનેક્શન અકબંધ છે | | હા | ના | | |
| | **લાઇન લાઈટનિંગ અરેસ્ટરના સમયાંતરે નિયમિત નિરીક્ષણનું સમયપત્રક** | | | | | |
| 38. | પોર્સેલેઇનને નુકસાન થયું છે | | હા | ના | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 39. | લાઇન અને અર્થના જોડાણો અકબંધ છે | | હા | ના | | |
| 40. | લાઇટનિંગ અરેસ્ટર પંચર થયા છે તે દર્શાવતા કોઈ બાહ્ય સંકેત છે | | હા | ના | | |
| | **11 kV કેબલ અને કેબલ બોક્સ** | | | | | |
| 41. | કેબલ અને કેબલ બોક્સ યોગ્ય રીતે સપોર્ટેડ છે | | હા | ના | | |
| 42. | ઇન્સ્યુલેટર ક્ષતિગ્રસ્ત છે અને બોક્સમાંથી કમ્પાઉન્ડ લીક થઈ રહ્યું છે | | હા | ના | | |
| 43. | ઓવરહેડ લાઇન સાથે ટર્મિનલ કનેક્શન અકબંધ છે | | હા | ના | | |
| 44. | કેબલ બોક્સમાંથી અર્થિંગ લીડ અકબંધ છે | | હા | ના | | |

## લાઇનોના સમયાંતરે નિયમિત નિરીક્ષણનું સમયપત્રક

રાજ્ય વીજળી નિયમનકારી આયોગ દ્વારા નિર્ધારિત કામગીરી ધોરણ મુજબ લાઇનમેનએ સમય મર્યાદાનું પાલન કરવું જોઈએ.

નીચેનું કોષ્ટક દિલ્હી વીજળી નિયમનકારી આયોગ (ડીઈઆરસી ) દ્વારા નિર્ધારિત સમય ધોરણો દર્શાવે છે:

**કોષ્ટક 4.2 વિવિધ પ્રકારના કંડક્ટરની વિશિષ્ટતા**

| પાવર સપ્લાય ખામીના કારણની પ્રકૃતિ | પાવર પુનઃસ્થાપન માટે મહત્તમ સમય મર્યાદા |
|---|---|
| ઉડી ગયેલો ફ્યુઝ અથવા ટ્રીપ થઈ ગયેલી એમસીબી | • શહેરી વિસ્તારો માટે ત્રણ કલાકની અંદર.<br>• ગ્રામીણ વિસ્તારો માટે આઠ કલાકની અંદર |
| તૂટી ગયેલી, થાંભલા પરથી ખેંચાઈ ગયેલી સર્વિસ લાઇન | • શહેરી વિસ્તારો માટે છ કલાકની અંદર.<br>• ગ્રામીણ વિસ્તારો માટે 12 કલાકની અંદર. |
| ડિસ્ટ્રીબ્યુશન મૈનમાં ખામી | • શક્ય હોય ત્યાં વૈકલ્પિક સ્રોતમાંથી ચાર કલાકની અંદર કામચલાઉ વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવો<br>• ખામી સુધારણા અને ત્યારબાદ 12 કલાકની અંદર સામાન્ય વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવો |
| ડિસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર નિષ્ફળ/ બળી ગયું | • શક્ય હોય ત્યાં આઠ કલાકની અંદર મોબાઇલ ટ્રાન્સફોર્મર અથવા અન્ય બેકઅપ સ્રોત દ્વારા પુરવઠાની કામચલાઉ પુનઃસ્થાપના<br>• બગડેલા ટ્રાન્સફોર્મરને 48 કલાકની અંદર બદલવું. |
| એચટી મેન નિષ્ફળ | • શક્ય હોય ત્યાં ચાર કલાકની અંદર વીજ પુરવઠો કામચલાઉ રીતે પુનઃસ્થાપિત કરવો.<br>• 12 કલાકની અંદર ખામી સુધારવી. |

| | |
|---|---|
| ગ્રીડ 33 kV સબસ્ટેશનમાં સમસ્યા | • શક્ય હોય ત્યાં છ કલાકની અંદર વૈકલ્પિક સ્રોતથી પુરવઠો પુનઃસ્થાપિત કરવો.<br>• વૈકલ્પિક સ્રોતનો ઓવરલોડિંગ ટાળવા માટે રોસ્ટર લોડ શેડિંગ હાથ ધરવામાં આવી શકે છે.<br>• 48 કલાકની અંદર સમારકામ અને પુરવઠો પુનઃસ્થાપિત કરવો |
| પાવર ટ્રાન્સફોર્મર બગડવું | • શક્ય હોય ત્યાં છ કલાકની અંદર વૈકલ્પિક સ્રોતથી પુરવઠો પુનઃસ્થાપિત કરવો.<br>• વૈકલ્પિક સ્રોતનો ઓવરલોડિંગ ટાળવા માટે રોસ્ટર લોડ શેડિંગ હાથ ધરવામાં આવી શકે છે.<br>• 72 કલાકની અંદર કમિશનને રિપ્લેસમેન્ટ કાર્યવાહીની જાણ કરવી અને 20 દિવસની અંદર પાવર ટ્રાન્સફોર્મર બદલવું.. |
| બળી ગયેલું મીટર | • છ કલાકની અંદર બળી ગયેલા મીટરને બાયપાસ કરીને પુરવઠો પુનઃસ્થાપિત કરવો.<br>• ત્રણ દિવસમાં બળી ગયેલા મીટરને બદલવું |
| સ્ટ્રીટ લાઈટની ફરિયાદ | • 72 કલાકની અંદર પુનઃસ્થાપિત કરવું. |

## તમારી પ્રગતિ તપાસો

A. ખાલી જગ્યાઓ ભરો

1. રેઝિસ્ટન્સ_____ પ્રવાહને રોકે છે અને ઇન્ડક્ટન્સ _____ પ્રવાહને રોકે છે.
2. સામાન્ય રીતે લોડ શેડિંગ ત્યારે કરવામાં આવે છે જ્યારે જનરેટિંગ સ્ટેશન પર વધારાનો લોડ ઘટાડવા માટે આપેલ સમયે _______ પાવર ______ પાવર કરતા વધુ હોય છે.
3. લાઈવ લાઇનમાં પણ ઇલેક્ટ્રિક વાયર અને કેબલને કાપવા, ઇન્સ્યુલેશન દૂર કરવા, જોડાવા અને ટ્વિસ્ટ કરવા માટે ______ નો ઉપયોગ થાય છે.
4. બેન્ચ વાઇસનો ઉપયોગ વસ્તુને ______ કરવા માટે થાય છે.
5. અનિચ્છનીય માર્ગ તરફ કરંટનો પ્રવાહ અથવા કરંટના અસામાન્ય સ્ટોપેજને _______ કહેવામાં આવે છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. લાઇન બાંધવા માટે થાંભલાઓની પસંદગી અનેક પરિબળો પર આધાર રાખે છે જેમ કે:
   (a) પાવરનું ડિસ્ટ્રીબ્યુશન
   (b) થાંભલાની મજબૂતાઈ
   (c) કંડકટરનો પ્રકાર અને કદ
   (d) પવનનું દબાણ
   (e) ઉપરોક્ત બધા
   (f) ફક્ત (a) અને (c)

2. ઇન્સ્યુલેટરને નુકસાન થવાના કારણો શું છે?
   (a) તાપમાનમાં તફાવતને કારણે
   (b) અયોગ્ય કેલિબ્રેશન
   (c) તૂટેલી સર્વિસ લાઇન
   (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં
3. કરંટ ટ્રાન્સફોર્મર્સ છે:
   (a) નાના ટ્રાન્સફોર્મર
   (b) કરંટના ઓછા મૂલ્યો પૂરા પાડે છે
   (c) જ્યાં કરંટ અથવા વોલ્ટેજ ખૂબ વધારે હોય ત્યાં વપરાય છે
   (d) (a) અને (c)
   (e) (a) અને (b)

C. કૉલમ્સ મેચ કરો

| ગ્રુપ A | | ગ્રુપ B | |
|---|---|---|---|
| 1. | એએસી | (a) | ઉચ્ચ-ક્ષમતા, ઉચ્ચ-શક્તિવાળા સ્ટ્રેન્ડેડ કંડક્ટર |
| 2. | એસીએસઆર | (b) | (ઉચ્ચ શક્તિવાળા એલ્યુમિનિયમ-મેગ્નેશિયમ-સિલિકોન એલોયમાંથી બનેલ |
| 3. | એએએસી | (c) | હાર્ડ ડ્રોન 1350 એલ્યુમિનિયમ એલોયના એક અથવા વધુ સ્ટ્રેન્ડથી બનેલ |
| 4. | શેકલ ઇન્સ્યુલેટર | (d) | અક્ષીય રીતે માઉન્ટ થયેલ |

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. જાળવણી શા માટે મહત્વપૂર્ણ છે?
2. ચોમાસા પહેલાના નિરીક્ષણ દરમિયાન કઈ જાળવણી કરવી જોઈએ?
3. ઇન્સ્યુલેશનના નુકસાન માટેના કારણો કયા છે?
4. સામગ્રી પરીક્ષણ સાધનો શા માટે જરૂરી છે? કારણો સાથે

નોંધ

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-4 સત્ર-1

A. ખાલી જગ્યાઓ ભરો

1. રેલના થાંભલા આરસીસી થાંભલા કરતાં ______ છે.
2. આરસીસી થાંભલા _____ સ્ટીલના રોડ દ્વારા પોલ-આકારના સિલિન્ડરોના કોંક્રિટ સ્લેબમાં બનાવવામાં આવે છે.
3. પિન-પ્રકારના ઇન્સ્યુલેશનનો ઉપયોગ સામાન્ય રીતે ______ લાઇન પર થાય છે.
4. એલટી ક્રોસ આર્મ્સને આડા તેમજ _______ કંડકટરની રચના માટે પ્રમાણિત કરવામાં આવ્યા છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. ઓળખો કે કયો સિમેન્ટ પોલ નથી:
   (a) આરસીસી પોલ
   (b) પીએસસી પોલ
   (c) લાકડાના પોલ
   (d) રેલ પોલ
2. પિન-ટાઇપ ઇન્સ્યુલેટરનો ઉપયોગ સામાન્ય રીતે _____ પર થાય છે:
   (a) 11 KV લાઇન
   (b) 33 KV લાઇન
   (c) 15 KV લાઇન
   (d) આમાંથી કોઈ નહીં
3. જીઓ સ્વિચનો ઉપયોગ આ રીતે થાય છે:
   (a) સ્વિચિંગ ડિવાઇસ
   (b) કટઆઉટ ડિવાઇસ
   (c) કંટ્રોલિંગ સ્વિચ
   (d) આમાંથી કોઈ નહીં
4. એલટી લાઇન સ્પેસર્સ પૂરા પાડવામાં આવે છે:
   (a) વાયર વચ્ચે અંતર રાખવા માટે
   (b) વાયરને પકડી રાખવા માટે
   (c) વાયર બાંધવા માટે
   (d) આમાંથી કોઈ નહીં

C. કૉલમ્સ મેચ કરો

| | ગ્રુપ A | ગ્રુપ B |
|---|---|---|
| 1. | ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન | (a) વિવિધ ભૂમિકાઓની ભરતી |
| 2. | વીજળી અધિનિયમ 2003 | (b) ફરિયાદો સાથે સંબંધિત |
| 3. | ડિસ્કોમ | (c) એલટી, એચટી લાઇનો બનાવવી |
| 4. | એસ્કેલેશન મેટ્રિક્સ | (d) ડિસ્ટ્રીબ્યુશનમાં બહુવિધ લાઇસન્સિંગની મંજૂરી આપે છે |

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. લાઇનના નિર્માણમાં આરસીસી થાંભલાઓ શા માટે વધુ પસંદ કરવામાં આવે છે?
2. થાંભલાઓની પસંદગી માટે જવાબદાર પરિબળોની યાદી બનાવો.
3. કંડકટરની ભૂમિકા અને તેમના પ્રકારોની ચર્ચા કરો.
4. ગાય સ્ટ્રેન ઇન્સ્યુલેટરની ભૂમિકા શું છે?

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-4 સત્ર-2

A. ખાલી જગ્યાઓ ભરો

1. _______ એટલે કોઈપણ ઇલેક્ટ્રિક સપ્લાય લાઇન જે ગારૂન્દ લાઇન ઉપર અને ખુલ્લી હવામાં મૂકવામાં આવે છે.
2. 33 kV સુધીની ______ એચટી અને એલટી લાઇનો થાંભલાઓ પર ઉભી કરવામાં આવે છે.
3. સ્થાનિક ટ્રાન્સમિશન લાઇનનો વોલ્ટેજ ______ વોલ્ટ છે.
4. લાંબા અંતર માટે _______ પાવર માટે ટ્રાન્સમિશન સિસ્ટમનો ઉપયોગ થાય છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. વીજળીનું ઉત્પાદન વિવિધ સ્રોતો દ્વારા કરવામાં આવે છે
   (a) થર્મલ,
   (b) હાઇડ્રો,
   (c) બિન-પરંપરાગત તેમજ પરમાણુ પાવર સ્ટેશન
   (d) ઉપરોક્ત બધા
2. વધારાના હાઈ વોલ્ટ એટલે કે, ______ kV ની ઈએચવી લાઇનો ટાવર પર ઉભી કરવામાં આવે છે.
   (a) 66
   (b) 32,
   (c) 220 અને 440
   (d) ઉપરોક્ત બધા
3. સામાન્ય રીતે હાઈ વોલ્ટેજ ટ્રાન્સમિશન લાઇનમાંથી ઉત્સર્જિત થતા સૌથી મજબૂત ચુંબકીય ક્ષેત્રો ________ મિલીગૌસ હોય છે.
   (a) 02
   (b) 03
   (c) 04
   (d) 05
4. પીક અવર્સ દરમિયાન ______ લોડ/ડિમાન્ડ નોંધાય છે.
   (a) ન્યૂનતમ
   (b) મહત્તમ
   (c) સરેરાશ
   (d) આમાંથી કોઈ નહીં.

C. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. હાઈ અને લો ટેંશન લાઇન વચ્ચે તફાવત કરો.
2. પીક ડિમાન્ડ વ્યાખ્યાયિત કરો.
3. પાવર ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમના મહત્વની ચર્ચા કરો.
4. હાઈ ટ્રાન્સમિશન લાઇનની નજીક ઘર કેમ ન બનાવવું જોઇએ.
5. ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન લાઇન વચ્ચે તફાવત કરો.

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-4 સત્ર-3

A. ખાલી જગ્યાઓ ભરો

1. બધા ખૂણા ______ માં ડબલ પોલ (ડીપી) સ્ટ્રક્ચર જરૂરી છે.
2. 11 KV લાઇનમાં _______ થાંભલા 1 કિમીના અંતરે ઉભા કરવામાં આવે છે.
3. ગાય સ્ટ્રેન ઇન્સ્યુલેટર ગાયના નીચેના ભાગમાં _______ મૂકવામાં આવે છે.
4. કંડક્ટર અથવા વાયર સાથે જોડાણને _______ કહેવામાં આવે છે.
5. ક્રોસ આર્મ્સ અને ________ ને જરૂરી ક્લેમ્પ્સ, બોલ્ટ અને નટ્સ સાથે સપોર્ટ પર લગાવવામાં આવે છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. એલ્યુમિનિયમ કંડક્ટરનો ઉપયોગ કરીને કયા પ્રકારનો જોઈન્ટ બનાવવામાં આવે છે?
   (a) કમ્પ્રેશન (b) મેરીડ
   (c) સ્લીવ (d) બ્રિટાનિયા

2. આમાંથી કયો પોર્સેલેઇન ઇન્સ્યુલેટરનો પ્રકાર નથી?
   (a) પિન પ્રકાર (b) સ્ટ્રેન પ્રકાર
   (b) બ્રિટાનિયા (d) શેકલ પ્રકાર
3. **સ્ટે બાંધતી વખતે, થાંભલો નમેલો ન હોવો જોઈએ.**
   **(a) ખોટું**
   **(b) સાચું**
4. સ્ટે બાંધતી વખતે, થાંભલો નમેલો ન હોવો જોઈએ.
   a) એલટી લાઇન (b) એચટી લાઇન
   (c) એચટી અને એલટી બંને (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં
5. 11 KV લાઇનનો સરેરાશ સ્પાન ______ છે.
   (a) 50 મીટર (b) 2. 60 મીટર
   (c) 3. 75 મીટર (d) 4. 100 મીટર

B. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. ગાર્ડિંગના મહત્વની ચર્ચા કરો. ગાર્ડિંગના પ્રકારો સમજાવો.
2. અર્થનો રેઝિસ્ટન્સ કયા પરિબળો પર આધારિત છે તેની યાદી બનાવો.
3. લાઇટનિંગ અરેસ્ટર અર્થિંગમાં કેવી રીતે મદદ કરે છે?
૪. કંડક્ટર જોઈન્ટિંગમાં વપરાતા જોઈન્ટના પ્રકારો સમજાવો.

## ડિસ્ટ્રીબ્યુશન લાઇનમેન-ધોરણ 11 પ્રકરણ-4 સત્ર-4

A. ખાલી જગ્યાઓ ભરો

1. રેઝિસ્ટન્સ_____ પ્રવાહને રોકે છે અને ઇન્ડક્ટન્સ _____ પ્રવાહને રોકે છે.
2. સામાન્ય રીતે લોડ શેડિંગ ત્યારે કરવામાં આવે છે જ્યારે જનરેટિંગ સ્ટેશન પર વધારાનો લોડ ઘટાડવા માટે આપેલ સમયે _______ પાવર ______ પાવર કરતા વધુ હોય છે.
3. લાઈવ લાઇનમાં પણ ઇલેક્ટ્રિક વાયર અને કેબલને કાપવા, ઇન્સ્યુલેશન દૂર કરવા, જોડાવા અને ટ્વિસ્ટ કરવા માટે ______ નો ઉપયોગ થાય છે.
4. બેન્ચ વાઇસનો ઉપયોગ વસ્તુને ______ કરવા માટે થાય છે.
5. અનિચ્છનીય માર્ગ તરફ કરંટનો પ્રવાહ અથવા કરંટના અસામાન્ય સ્ટોપેજને _______ કહેવામાં આવે છે.

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. લાઇન બાંધવા માટે થાંભલાઓની પસંદગી અનેક પરિબળો પર આધાર રાખે છે જેમ કે:
   (a) પાવરનું ડિસ્ટ્રીબ્યુશન
   (b) થાંભલાની મજબૂતાઈ
   (c) કંડકટરનો પ્રકાર અને કદ
   (d) પવનનું દબાણ
   (e) ઉપરોક્ત બધા
   (f) ફક્ત (a) અને (c)

2. ઇન્સ્યુલેટરને નુકસાન થવાના કારણો શું છે?
   (a) તાપમાનમાં તફાવતને કારણે
   (b) અયોગ્ય કેલિબ્રેશન
   (c) તૂટેલી સર્વિસ લાઇન
   (d) ઉપરોક્તમાંથી કોઈ નહીં
3. કરંટ ટ્રાન્સફોર્મર્સ છે:
   (a) નાના ટ્રાન્સફોર્મર
   (b) કરંટના ઓછા મૂલ્યો પૂરા પાડે છે
   (c) જ્યાં કરંટ અથવા વોલ્ટેજ ખૂબ વધારે હોય ત્યાં વપરાય છે
   (d) (a) અને (c)
   (e) (a) અને (b)
   (f) (a), (b) અને (c)

C. કૉલમ્સ મેચ કરો

| ગ્રુપ A | | ગ્રુપ B | |
|---|---|---|---|
| 1. | એએસી | (a) | ઉચ્ચ-ક્ષમતા, ઉચ્ચ-શક્તિવાળા સ્ટ્રેન્ડેડ કંડક્ટર |
| 2. | એસીએસઆર | (b) | (ઉચ્ચ શક્તિવાળા એલ્યુમિનિયમ-મેગ્નેશિયમ-સિલિકોન એલોયમાંથી બનેલ |
| 3. | એએએસી | (c) | હાર્ડ ડ્રોન 1350 એલ્યુમિનિયમ એલોયના એક અથવા વધુ સ્ટ્રેન્ડથી બનેલ |
| 4. | શેકલ ઇન્સ્યુલેટર | (d) | અક્ષીય રીતે માઉન્ટ થયેલ |

D. ટૂંકા જવાબવાળા પ્રશ્નો

1. જાળવણી શા માટે મહત્વપૂર્ણ છે?
2. ચોમાસા પહેલાના નિરીક્ષણ દરમિયાન કઈ જાળવણી કરવી જોઈએ?
3. ઇન્સ્યુલેશનના નુકસાન માટેના કારણો કયા છે?
4. સામગ્રી પરીક્ષણ સાધનો શા માટે જરૂરી છે? કારણો સાથે

# જવાબો

**પ્રકરણ 1: વીજળી**

સત્ર 1: વીજળી ઉત્પાદનના ખ્યાલ

A. **ખાલી જગ્યાઓ ભરો**

1. ઇલેક્ટ્રોન
2. દૂર કરે, આકર્ષે
3. વીજળી
4. થર્મલ
5. રાસાયણિક પ્રતિક્રિયાઓ

B. **કૉલમ્સ મેચ કરો**

1. (b)
2. (c)
3. (a)
4. (d)

C. **બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો**

1. (b)
2. (b)
3. (d)
4. (c)
5. (b)

સત્ર 2: ઇલેક્ટ્રિક કરંટના મૂળભૂત એકમો અને અસરો

A. **ખાલી જગ્યાઓ ભરો**

1. ગરમીની અસર
2. માઈકલ ફેરાડે
3. ટંગસ્ટન
4. ઇલેક્ટ્રોમોટિવ ફોર્સ

B. **કૉલમ્સ મેચ કરો**

1. (d)
2. (c)
3. (b)
4. (a)

C. **બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો**

1. (a)
2. (b)
3. (d)
4. (a)
5. (b)

સત્ર 3: ઇલેક્ટ્રિકલ પાવર અને ઉર્જાનો ખ્યાલ

A. **ખાલી જગ્યાઓ ભરો**

1. **જનરેશન, ટ્રાન્સમિશન**
2. વૉટ

3. વોલ્ટમીટર
4. કિલોવોટ અવર
4. ડ્રોપ

B. કૉલમ્સ મેચ કરો
1. (b)
2. (c)
3. (d)
4. (a)

C. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો
1. (a)
2. (b)
3. (b)
4. (b)

સત્ર 4: અર્થિંગ સિસ્ટમનું મહત્વ

A. ખાલી જગ્યાઓ ભરો
1. અર્થિંગ
2. શોર્ટ સર્કિટ
3. અર્થિંગ લીડ
4. ઉપકરણ

B. કૉલમ્સ મેચ કરો
1. (d)
2. (a)
3. (c)
4. (b)

C. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો
1. (a)
2. (b)
3. (d)
4. (a)
5. (a)

**પ્રકરણ 2: સાધનો અને ઉપકરણોનું સંચાલન**

સત્ર 1: સાધનો અને ઉપકરણ

A. ખાલી જગ્યાઓ ભરો
1. રેશેટ
2. ધાતુ, પ્લાસ્ટિક
3. નિયોન

B. નીચેના વાક્યો સાચા છે કે ખોટા તે જણાવો.
1. સાચું
2. ખોટું
3. સાચું
4. ખોટું

નોંધ

નોંધ

સત્ર 2: કેબલ નાખવા માટે વપરાતા સાધનો અને ઉપકરણો

A. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. (b) 2. (a) 3. (b) 4. (c)

2. (d) 6. (a) 7. (b) 8. (c) 9. (a)

B. નીચેના વાક્યો સાચા છે કે ખોટા તે જણાવો.

1. સાચું
2. સાચું
3. ખોટું

**પ્રકરણ 3: ઇલેક્ટ્રિકલ વાયરિંગ ઘટકો અને એસેસરીઝ**

સત્ર 1: વાયરિંગ સામગ્રી અને ઘટકો ઓળખવા અને પસંદ કરવા

A. **ખાલી જગ્યાઓ ભરો**

1. કંડકટિંગ, ઇન્સ્યુલેટીંગ, સેમિકન્ડક્ટર
2. ઇલેક્ટ્રિક સર્કિટ
3. કેપિંગ વાયરિંગ
4. સર્કિટ બ્રેકર્સ

B. **નીચેના વાક્યો સાચા છે કે ખોટા તે જણાવો.**

1. ખોટું
2. ખોટું
3. સાચું

C. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. (a)
2. (a)
3. (a)

સત્ર 2: આઈસીટીપી સ્વિચ અને ડિસ્ટ્રીબ્યુશન બોર્ડ

A **ખાલી જગ્યાઓ ભરો**

1. સબસિડિયરી સર્કિટ
2. નકારાત્મક બાજુ
3. ફેઝ
4. ફ્યુઝ

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. (a)
2. (c)
3. (c)
4. (d)

સત્ર 3: કાર્યસ્થળ આરોગ્ય અને સલામતીનાં પગલાં

A. **ખાલી જગ્યાઓ ભરો**

1. રબર
2. ઇલેક્ટ્રિક જોખમ
3. કાર્ડિયો-પલ્મોનરી રિસુસિટેશન
4. સર્કિટ બ્રેકરs

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. (d)
2. (c)
3. (c)
4. (d)

પ્રકરણ 4: પાવર ડિસ્ટ્રીબ્યુશન લાઇનનું સમારકામ અને જાળવણી

સત્ર 1: પાવર ડિસ્ટ્રીબ્યુશન લાઇનના સમારકામ અને જાળવણીની તૈયારી

A. ખાલી જગ્યાઓ ભરો

1. વધુ સારું
2. રિઇન્ફોર્સીંગ
3. 11kV
4. ઊભી

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. (c)
2. (a)
3. (a)
4. (a)

C. કૉલમ્સ મેચ કરો

1. (c) 2. (d)
3. (b) 4. (a)

સત્ર 2: ડિસ્ટ્રીબ્યુશન લાઈનમાં ચોક્કસ પારિભાષિક શબ્દો

A. ખાલી જગ્યાઓ ભરો

1. ઓવરહેડ
2. 33 kV
3. 13,800
4. ટ્રાન્સમિટિંગ

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. (d)
2. (d)
3. (d)
4. (b)

સત્ર 3: બાંધકામ પ્રવૃત્તિઓ

A. ખાલી જગ્યાઓ ભરો

1. કરંટ, કરંટમાં ફેરફાર
2. માંગ, ઉપલબ્ધતા
3. કોમ્બિનેશન પ્લાયર
4. ગ્રીપ
5. ખામી

B. બહુવિધ પસંદગીવાળા પ્રશ્નો

1. (e) 2. (a) 3. (d)

C. કૉલમ્સ મેચ કરો

1. (c) 2. (a) 3. (b) 4. (d)

નોંધ

# શબ્દાવલિ

**એસી સપ્લાય:** એસી એટલે ઓલ્ટરનેટીંગ કરંટ. એસી સર્કિટમાં કરંટ ચક્રીય રીતે દિશા બદલે છે. ભારતમાં, એસી ફ્રિક્વએંસી **50 Hz** છે.

**એમીટર:** *તે એક ઉપકરણ છે જેનો ઉપયોગ સર્કિટમાંથી વહેતા કરંટને માપવા માટે થાય છે. એમીટર હંમેશા સિરીઝમાં જોડાયેલ હોય છે.*

**બેટરી:** *તે બે કે તેથી વધુ સેલનું મિશ્રણ છે.*

**કન્ડક્ટર:** તે ધાતુનો પ્રકાર છે જે તેના દ્વારા ઇલેક્ટ્રિકલ કરંટ વહેવા દે છે.

**ડ્રાય સેલ:** તે સામાન્ય રીતે 1.5 વોલ્ટનો હોય છે.

**ડી.પી.:** *તે ઇલેક્ટ્રિકલ ટ્રાન્સમિશન લાઇનના મધ્ય ભાગમાં બાંધવામાં આવે છે જેથી એક થાંભલા અને વાયરનું કોઈ વિચલન ન થાય.*

**અર્થિંગ:** *ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશન અને અર્થ વચ્ચે યોગ્ય ઇલેક્ટ્રિકલ સંપર્ક*

**અર્થેટેડ** : *જ્યારે કોઈ ઇલેક્ટ્રિકલ મશીન, ઉપકરણ અથવા વાયરિંગને અર્થ ઇલેક્ટ્રોડ દ્વારા અર્થ સાથે જોડવામાં આવે છે, ત્યારે તેને અર્થેટેડ કહેવામાં આવે છે.*

**અર્થ ઇલેક્ટ્રોડ:** *વીજળીના ડિસ્ચાર્જ માટે પૃથ્વીમાં નાખવામાં આવેલ પાઇપ અથવા પ્લેટને અર્થ ઇલેક્ટ્રોડ કહેવામાં આવે છે.*

**અર્થિંગ લીડ:** *અર્થ ઇલેક્ટ્રોડ અને ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશન અને મશીન વચ્ચે જોડાયેલ કંડકટર વાયર અથવા કન્ડક્ટિવ સ્ટ્રીપને અર્થિંગ લીડ કહેવામાં આવે છે.*

**અર્થિંગ રેઝિસ્ટન્સ:** *આ અર્થ ઇલેક્ટ્રોડ અને અર્થ વચ્ચેનો ઓહ્મમાં રેઝિસ્ટન્સ છે.*

**ગેલ્વેનોમીટર:** કરંટ સૂચક ઉપકરણ.

**હીટિંગ એલિમેન્ટ:** *એક રેઝિસ્ટન્સ છે જે ગરમી ઉત્પન્ન કરે છે.*

**પોટેંશિયોમીટર:** *તે એક ઇલેક્ટ્રિક ઉપકરણ છે જેનો વેરિયેબલ રેઝિસ્ટન્સ છે. તેનો ઉપયોગ સર્કિટમાં પોટેન્શિયલ ડિફરેન્સ બદલવા માટે થાય છે.*

**રેઝિસ્ટર:** *તે કરંટના પ્રવાહનો પ્રતિકાર કરે છે અને તેથી ગરમી ઉત્પન્ન કરે છે.*

**સ્ટે:** *તેનો ઉપયોગ કોણીય થાંભલા અને છેડાના થાંભલાને સપોર્ટ આપવા માટે થાય છે. સ્ટેનો ઉપયોગ મુખ્યત્વે કંડકટર/કેબલના ટેંશનને પકડી રાખવા માટે થાય છે.*

**સ્વિચ:** તે ઇલેક્ટ્રિકલ કરંટનો પ્રવાહ નિયંત્રિત કરતું ઉપકરણ છે.

**ટ્રાન્સફોર્મર:** તે એક વસ્તુ છે જેનો ઉપયોગ વોલ્ટેજ વધારવા અથવા ઘટાડવા માટે થાય છે. આદર્શ ટ્રાન્સફોર્મરમાં ઊર્જાનું સંરક્ષણ થાય છે.
તેથી જો વોલ્ટેજ ઉપર જાય તો કરંટ નીચે જાય છે અને તેનું ઊલટું.

**વોલ્ટમીટર:** તે એક ઉપકરણ છે જેનો ઉપયોગ પોટેન્શિયલ ડિફરેન્સ માપવા માટે થાય છે.
*વોલ્ટમીટર હંમેશા પેરેલલ રીતે જોડાયેલ હોય છે.*

# ક્રેડિટ્સની યાદી

1. ચિત્રો પાવર સેક્ટર સ્કીલ કાઉન્સિલ, નવી દિલ્હીના પાવર સેક્ટર ડિસ્ટ્રિબ્યુશન, કન્ઝ્યુમર એનર્જી મીટર ટેકનિશિયન, 2016 નામના કોર્સ બુકમાંથી લેવામાં આવ્યા છે.
2. ચિત્રો પાવર સેક્ટર સ્કીલ કાઉન્સિલ, એનએસડીસી, નવી દિલ્હીના ટેકનિકલ હેલ્પર (ડિસ્ટ્રીબ્યુશન) નામના કોર્સ બુકમાંથી લેવામાં આવ્યા છે.
3. ચિત્રો ફિઝિક્સની પાઠ્યપુસ્તક, ધોરણ XII, ચિત્ર 6.16 પાના નં. 225, એનસીઈઆરટીમાંથી લેવામાં આવ્યા છે.

**આ સિવાયના ચિત્રો નીચેના સ્રોતોમાંથી લેવામાં આવી છે:**

**પ્રકરણ 1**

| | |
|---|---|
| ચિત્ર. 1.6 | https://www.motioncontroltips.com/wp-content/uploads/2017/08/Lorentz-Law-Feature.jpg |
| ચિત્ર. 1.13 | http://www.way2science.com/wp-content/uploads/2012/03/inductionc.jpg |
| ચિત્ર. 1.16 | https://www.researchgate.net/profile/Ahmed_Tarek12/publication/305115547/figure/fig4/AS:382402481410053@1468183264449/Figure-4-basic-structure-of-capacitor_Q320.jpg |
| ચિત્ર. 1.20 | https://www.electronics-tutorials.ws/wp-content/uploads/2018/05/dccircuits-dcp23.gif |
| ચિત્ર. 1.21 | https://blog.prayogindia.in/wp-content/uploads/2017/09/kcl-engineeringprayog.com_.jpg |
| ચિત્ર. 1.22 | https://www.electronics-tutorials.ws/wp-content/uploads/2018/05/dccircuits-dcp7.gif |
| ચિત્ર. 1.33 | Domestic Appliance Repairer, Instruction–cum-repairer, 1991, NCERT, New Delhi |
| ચિત્ર. 1.36 | Domestic Appliance Repairer, Instruction–cum-repairer, 1991, NCERT, New Delhi |
| ચિત્ર. 1.37 | Domestic Appliance Repairer, Instruction–cum-repairer, 1991, NCERT, New Delhi |

**પ્રકરણ 2**

| | |
|---|---|
| ચિત્ર. 2.8 | https://www.google.com/search?hl=en-IN&authuser=0&biw=1366&bih=576&tbm=isch&sa=1&ei=qM-7LXNy_o9QPDvqHQDw&q=tester+png&oq=-tester+png&gs_l=img.3..0j0i5i30l3j0i8i30.6571.7700..8028...0.0..0.144.548.0j4......0....1..gws-wiz-img.......0i67.kGHlf8C9rjw#imgrc=M-K17D-VGO7GJ-M: |

નોંધ

| | |
|---|---|
| ચિત્ર. 2.20 | https://www.google.com/search?q=Ca - ble+Drums&tbm=isch&source=iu&ictx=1&fir=hM-fVBYNTQPaTZM%253A%252C75pU0pKD5FLM-mM%252C_&vet=1&usg=AI4_-kTR9Av3tnKjrN-INnWV6VdP3hiyHOA&sa=X&ved=2a-hUKEwig4a6Az_7hAhUMu48KHdyuCSE-Q9QEwAHoECAgQBA#imgdii=PX43kxl3ngKM-mM:&imgrc=hMfVBYNTQPaTZM:&vet=1 |

**પ્રકરણ 4**

| | |
|---|---|
| ચિત્ર. 4.2 | https://thumbs.dreamstime.com/b/concrete-electric-pole-power-supply-industry-22457343.jpg |
| ચિત્ર. 4.3 | https://dir.indiamart.com/impcat/psc-pole.html |
| ચિત્ર. 4.4 | https://zhenglancable.manufacturer.globalsources.com/si/6008853343047/pdtl/Bare-conductor/1162751651/Bare-Aluminum-Clad-Steel-Reinforced-Conductor.htm |
| ચિત્ર. 4.5 | https://zhenglancable.manufacturer.globalsources.com/si/6008853343047/pdtl/Bare-conductor/1162751651/Bare-Aluminum-Clad-Steel-Reinforced-Conductor.htm |
| ચિત્ર. 4.6 | https://zhenglancable.manufacturer.globalsources.com/si/6008853343047/pdtl/Bare-conductor/1162751651/Bare-Aluminum-Clad-Steel-Reinforced-Conductor.htm |
| ચિત્ર. 4.8 | https://images.app.goo.gl/8yLYoUnyTG9xmPdNA |
| ચિત્ર. 4.12 | https://www.dxengineering.com/parts/tow-ame25-gb |
| ચિત્ર. 4.13 | https://images.app.goo.gl/tZ1ouvBGf3p3VYNK9 |
| ચિત્ર. 4.14 | https://images.app.goo.gl/jRurTdm5j9sdMyYX9 |
| ચિત્ર. 4.19 | https://images.app.goo.gl/e57gDRjqSQi2vAKy8 |
| ચિત્ર. 4.20 | https://images.app.goo.gl/pBCWThtPs7ZxS7rH8 |
| ચિત્ર. 4.24 | https://images.app.goo.gl/534iuTJe2dzV2xdA7 |
| ચિત્ર. 4.25 | https://images.app.goo.gl/iSZiV64QAcVSALHK6 |
| ચિત્ર. 4.57 | https://www.nextlevelelectrical.com.au/level-2-accredited-service-provider/ |
| ચિત્ર. 4.60 | https://newsblaze.com/usnews/politics/ibew-local-191-electrical-union-wage-raise_39234/ |
| ચિત્ર. 4.61 | https://www.engerati.com/transmission-and-distribution/article/power-transformers/pole-mounted-transformers-solution-power |